# નબવી અદાલત

કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી

('જાફરી આવાઝ'(માસિક)માં થોડાં વર્ષો પહેલાં મૌલા અલી મુર્તઝા(અ.)ના ચુકાદાઓ ઉપર આધારિત એક વિભાગ ચાલતો હતો જેનું નામ હતું **'અલવી અદાલત'** પાછળથી તે વિભાગને કિતાબનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. હવે આવો જ એક નવો વિભાગ **'નબવી અદાલત'** કે જે પયગમ્બરોના સરદાર હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના ચુકાદાઓ ઉપર આધારિત છે તે **'નહજુલ ફસાહત'** નામની કિતાબમાંથી ભાષાંતરિત કરીને વાચક મિત્રો સમક્ષ મૂકવામાં આવે છે. ઈન્શાઅલ્લાહ આ વિભાગને પણ આપ સૌ તરફથી સારો પ્રતિસાદ મળે તેવી આશા રાખવામાં આવે છે. - **તંત્રી**)

આપણા પયગમ્બર હઝરત રસૂલે ખુદા(સ.) ઘણા બધા સદ્‌ગુણોના માલિક હતા. આપ મહાન ધર્મ પ્રચારક પણ હતા, ધર્મ નિમંત્રક (દાઈ) હતા, લોકોનાં દિલ જીતી લેનારા, હક્કો અને ફરજોના પહેરેદાર પણ હતા, ગુલામીની પ્રથાને નાબૂદ કરનાર, બંદગીના કાનૂનોની સ્પષ્ટતા કરનાર પણ હતા, માનવજાતના મુફ્તિએ આઝમ પણ હતા, અદાલતના કાઝી પણ હતા, ખાસ અને આમ જનતાના રસૂલ પણ હતા અને શરીઅતના આલિમ પણ હતા. આ વિભાગમાં પ્રસ્તુત થયેલા ચુકાદાઓ આપ(સ.)એ ઈસ્લામના એક કાઝી, મુફ્તી અને શરીઅતના આલિમની હેસિયતથી આપેલ છે. આ ચુકાદાઓ અબ્દુલ્લાહ બિન મોહંમદ ફઝુલ માદની કિતાબ 'તઝીયતુર્રરસૂલ'માંથી લેવામાં આવેલ છે.

## ચુકાદો નંબર-૧

### કાફિરાને હરબી*

બુખારી અને મુસ્લિમ(નામની કિતાબો)માં અનસ(રઝી.અ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં એક વાર ઉકલ (અથવા તો ઉરીના) કબીલાના કેટલાક લોકો હાજર થયા, અને આ લોકો અતિશય દુર્બળતાને કારણે મરવાની અણી ઉપર પહોંચી ચૂક્યા હતા. તેમની આવી હાલત જોઈને રહેમતુલ્લીલ આલમીન(સ.)એ હુકમ કર્યો,

'આમને ઝકાતના ઊંટ આપવામાં આવે અને આ ઊંટના પેશાબને દવા તરીકે અને તેના દૂધનો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવે.'

તેથી તે લોકોએ એ મુજબ જ કર્યું અને તે લોકો તંદુરસ્ત અને મોટા-તાજા થઈ ગયા. પરંતુ ત્યાર પછી તેમણે એવું કર્યું કે તેઓ બધા ઈસ્લામથી ફરી ગયા. તેમણે ઊંટોના ગોવાળોને કતલ કરી નાખ્યા અને ઊંટોને ભગાડીને લઈ ગયા.

જ્યારે રસૂલે કરીમ(સ.)ને આ કૃત્યની ખબર મળી તો આપ(સ.)એ તેમનો પીછો કરવાનો હુકમ કર્યો. આપના હુકમ અનુસાર તેમનો પીછો કરવામાં આવ્યો અને હજુ તો દિવસ પણ ચઢ્યો નહોતો એટલા સમયમાં તો તે બધાય પકડાઈ ગયા અને તેમને આપની ખિદમતમાં હાજર કરી દેવામાં આવ્યા. રસૂલે કરીમ(સ.)એ હુકમ કર્યો કે તેમના હાથ-પગ કાપી નાખવામાં આવે. ત્યાર પછી આપે તેમને કેદ કરવાનો હુકમ કર્યો. તે લોકો મૃત્યુ પામ્યા ત્યાં સુધી કેદમાં જ રહ્યા.

અબુ તલાલા કહે છે કે આવી સખત સજાનું

*કાફિરાને હરબી એવા નાસ્તિકોને કહેવામાં આવે છે કે જેમના કારણે ધર્મનાં કાર્યોમાં હાનિ થઈ હોય અને તેમની સામે લડવું પડે તેવા તે કાફિર હોય.

કારણ એ હતું કે તેમના દ્વારા ચાર મોટા અપરાધો થઈ ગયા હતા :

(૧) તેમણે ચોરી કરી હતી.

(૨) તેમણે હત્યા કરી હતી.

(૩) તેઓ ઈસ્લામ લાવ્યા પછી ફરી ગયા હતા.

(૪) તેમણે અલ્લાહ અને તેના રસૂલ(સ.) સાથે જંગ કર્યો હતો.

## ચુકાદો નંબર-૨

### કતલ અને કતલનો એકરાર

મુસ્લિમ (સહીહ મુસ્લિમ નામની કિતાબ)માં છે કે અલ્કમાના પિતા બયાન કરે છે,

'હું રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં હાજર હતો એવામાં એક માણસ આપની ખિદમતમાં બીજા એક માણસને ઘસડતો ઘસડતો હાજર થયો અને અરજ કરવા લાગ્યો,

'યા રસૂલલ્લાહ ! આ માણસે મારા ભાઈને કતલ કરી દીધો છે.'

રસૂલે કરીમ(સ.)એ તે માણસને પૂછ્યું,

'શું ખરેખર તેં આના ભાઈને કતલ કરી નાખ્યો છે ?'

ત્યાર પછી આપે દાવો કરનાર માણસને ફરમાવ્યું,

'જો આ માણસે (ગુનાનો) એકરાર ન કર્યો તો તારે સાક્ષી રજૂ કરવો પડશે.'

પેલા માણસે એકરાર કરતાં કહ્યું,

'હા. મેં કતલ કર્યો છે.'

આપે તેને પૂછ્યું,

'કતલ કરવાનો પ્રકાર અને સાધનો કયાં કયાં હતાં ?'

તે કહેવા લાગ્યો,

'હું અને જેની હત્યા કરવામાં આવેલ છે તે, એક ઝાડમાંથી લાકડાં વીણી રહ્યા હતા. તેણે મને ગાળ દીધી મને ગુસ્સો આવી ગયો. મેં તેના માથા ઉપર કુહાડી ફટકારી દીધી. પછી તે મરી ગયો.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'તારી પાસે ખૂનનું વળતર આપવા માટે કંઈ છે ખરું કે પછી જીવ આપી દેવાનો ઈરાદો છે ?'

કાતિલે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! મારી પાસે આ ચાદર અને આ કુહાડી સિવાય બીજું કંઈ નથી.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'શું તારી કોમ તારા તરફથી માલ આપીને તને છોડાવી શકે તેમ છે ?'

કાતિલે કહ્યું,

'મારી કોમ મને એવા સ્થાને સમજતી નથી કે તે મારા તરફથી ખૂનનું વળતર આપે.'

આ સાંભળીને આપ(સ.)એ દાવો કરનાર (ફરિયાદી) તરફ રસ્સી ફેંકી અને ફરમાવ્યું,

'તમે જાણો અને તમારો સાથી જાણે.'

આ શબ્દો સાંભળીને કતલ થનારનો ભાઈ કાતિલને લઈને જવા લાગ્યો. જ્યારે તેણે પીઠ ફેરવી તો રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું,

'અગર આ માણસે આ કાતિલને કતલ કરી નાખ્યો તો એ પણ કતલ કરવાનો અપરાધી બનશે.'

જ્યારે આ વાત તેના સુધી પહોંચી તો તે પાછો ફર્યો અને તેણે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! મેં સાભળ્યું છે કે આપે એવું કહ્યું છે કે જો હું તેને કતલ કરીશ તો હું પણ આવી જ રીતે કાતિલ બની જઈશ. જોકે મેં તો તેને આપના હુકમથી પકડ્યો છે.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'શું તારી એવી ખ્વાહિશ નથી કે આ માણસ તારા અને કતલ થનારના ગુનાહ પોતાના માથે લઈ લે ?'

તેણે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! હું એવું જ ઈચ્છું છું.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'અગર તું એને કતલ નહીં કરે તો એ મુજબ જ થશે.'

આ સાંભળીને તેણે રસ્સી ફેંકી દીધી અને તેને છોડીને ચાલ્યો ગયો.

વળી મસ્નદ ઈબ્ને અબી શૈબામાં એવી રીતે (લખેલું) છે કે રસૂલે કરીમ(સ.)એ કતલ થનારના વારસદારને ફરમાવ્યું,

'શું તમે તેને માફી આપી શકો તેમ છો ?'

તો જવાબ મળ્યો,

'ના.'

પછી રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'શું ખૂનનું વળતર લેવા ઈચ્છો છો ?'

જવાબ આપ્યો,

'ના.'

પછી રસૂલ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'શું તમે તેને કતલ કરી દેશો ?'

કતલ થનારના વારસદારે કહ્યું,

'હા.'

આ વાક્યનું રસૂલ(સ.)એ ત્ર વખણ પુનરાવર્તન કર્યું કે -

'શું તમે તેને કતલ કરી દેશો ?'

ત્યાર પછી રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'અગર તમે તેને માફ કરી દેશો તો તે પોતાના ગુનાઓ માટે પોતે જ જવાબદાર બનશે.'

અને આ જ મસ્નદમાં અબુ હુરૈરાથી રિવાયત છે કે રસૂલે કરીમ(સ.)ના જમાનામાં એક જણે કોઈ માણસને કતલ કરી નાખ્યો. તેને રસૂલે કરીમ(સ.)ની હુઝૂરમાં લાવવામાં આવ્યો. રસૂલે કરીમ(સ.)એ પેલા કાતિલને કતલ થનારના વારસદારને સોંપી દીધો. કાતિલે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! મારા દ્વારા તે (આકસ્મિક રીતે જ) મરી ગયો છે પરંતુ હું તો તેને કતલ કરવાનો કોઈ ઈરાદો ધરાવતો જ નહોતો.'

આ સાંભળીને આપ(સ.)એ કતલ થનારના વારસદારને ઈરશાદ ફરમાવ્યો,

'અગર આ સાચો હોય અને જો તમે તેને કતલ કરી નાખ્યો તો તમે દોઝખમાં જશો.'

આ સાંભળીને કતલ થનારના વારસદારે તેને છોડી દીધો.

વળી વાજેહ વ સૈરમાં છે કે મોહલ્લમ બિન જનામાએ આમિર બિન અઝબતુલ અસ્જઈને કતલ કરી નાખ્યો તો કતલ થનારના વારસદારોએ આ કાર્ય ઉપર કસમ ખાધી કે કતલ થનારનો કાતિલ મોહલ્લમ નામનો માણસ જ છે. રસૂલે કરીમ(સ.)એ મરનારના વારસદારોને વળતર આપવા માટે સમજાવ્યા તો તેઓ ખૂનનું વળતર લેવા માટે રાજી થઈ ગયા. રસૂલ(સ.)એ વળતરમાં એકસો ઊંટ મરનારના વારસદારોને અપાવ્યાં.

ત્યાર પછી મોહલ્લમ માત્ર સાત દિવસ સુધી જીવતો રહ્યો એટલે સુધી કે તે મરી ગયો. લોકોએ તેને દફન કરી દીધો પરંતુ જમીને તેને બહાર ફેંકી દીધો. *

## પંજેતન પાક(અ.)ના અદદ

| નામ | અદદ |
|---|---|
| **મોહંમદ** | ૦૯૨ |
| **અલી** | ૧૧૦ |
| **ફાતેમા** | ૧૩૫ |
| **હસન** | ૧૧૮ |
| **હુસૈન** | ૧૨૮ |

**નોંધ :** જો કોઈ નામની આગળ **યા** ઉમેરવામાં આવે તો તેના **૧૧** અદદ ઉમેરવા. દા.ત. **અલી** શબ્દના અદદ **૧૧૦** થાય છે પરંતુ તેમાં **૧૧** ઉમેરવાથી **યા અલી**ના અદદ **૧૨૧** થાય. અગાઉ શરતચૂકથી કોઈ ભૂલ થઈ હોય તો સુધારી લેવી.

## અરબ પ્રદેશ બહારના રાજવીઓને ઈસ્લામ સ્વીકાર માટે લખેલ

# હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો

### પત્ર નં. ૮

### ઓમાનના બાદશાહ જાયફર અને તેના ભાઈ અબ્દ અલ-જલાન્દીને પત્ર

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ મોહંમદ બિન અબ્દુલ્લાહ તરફથી જાઈફર અને અબ્દ અલ જલાન્દી જોગ.**

**સલામ હોજો એના ઉપર કે જે સાચી હિદાયતને અનુસરે છે; તેથી જ તો હું તમને બન્નેને ઈસ્લામની હાકલ તરફ દાવત આપું છું. ઈસ્લામને કબૂલ કરો. અલ્લાહે તેની બધી જ મખ્લૂક તરફ મને એક પયગમ્બર તરીકે મોકલ્યો છે, એવા હેતુથી કે હું તેની નાફરમાન મખ્લૂકના દિલોમાં અલ્લાહનો ડર પેદા કરી શકું જેથી એવાઓ માટે અલ્લાહનો ઈન્કાર કરવાનું કોઈ બહાનું બાકી ન રહી શકે. જો તમે બન્ને જણ ઈસ્લામ કબૂલ કરશો તો તમે તમારા દેશનો કબજો ધરાવવામાં યથાવત્ રહેશો, પરંતુ જો તમે મારી હાકલનો ઈન્કાર કરશો તો તમે યાદ રાખજો કે તમારી બધી જ માલ મિલકત નાશવંત છે. મારા ઘોડેસવારો તમારી ભૂમિ ઉપર કબજો કરી લેશે અને મારી પયગમ્બરી તમારી બાદશાહત ઉપર વર્ચસ્વ જમાવી દેશે.'**

અમ્ર બિન અલ-આસ કે જેમને પત્ર લઈ જવા માટે પસંદ કરવામાં આવ્યા હતા તેમણે નીચેની વાતનું વર્ણન કર્યું છે કે જે વાત તેમને જાઈફરના દરબારમાં દાખલ કરવામાં આવ્યા તે પહેલાં બની હતી.

'જ્યારે હું ઓમાનમાં આવી પહોંચ્યો તો મેં અબ્દનો સંપર્ક કર્યો કે જે પોતાના ભાઈ કરતાં વધારે નમ્ર સ્વભાવવાળો હતો :

અમ્ર : હું તમને અને તમારા ભાઈ બન્નેને મળવા માટે આવેલો અલ્લાહના પયગમ્બરનો સંદેશવાહક છું.

અબ્દ : તમારે મારા ભાઈને મળવું પડશે અને જે પત્ર તમે લઈ આવ્યા છો તે તમારે તેમની આગળ વાંચવો પડશે. તેઓ ઉમરમાં અને બાદશાહીમાં મારાથી મોટા છે. સાહજિક રીતે જ, તમારા અહીં આવવા પાછળનું તાત્પર્ય શું છે ?

અમ્ર : પયગમ્બર તમને ભાગીદાર વગર માત્ર એક અલ્લાહને માનવા તરફ આમંત્રણ આપે છે, બીજા બધા ખુદાઓને છોડી દો અને મોહંમદની ગુલામી અને પયગમ્બરીને અજમાવી જુઓ.

અબ્દ : અય અમ્ર ! તું એક ઉમદા ખાનદાનમાંથી આવે છે પરંતુ સૌ પ્રથમ તો મને એ બતાવ કે આ ધર્મ સંબંધી તારા પિતાનું વલણ કેવું હતું ? તું જાણે છે કે અમે તેમના પગલે પગલે ચાલ્યા છીએ.

અમ્ર : મોહંમદનું આ મિશન આવે તે પહેલાં જ મોતે તેમને ઝડપી લીધા છે. હું હવે તો એવી ઈચ્છા ધરાવું છું કે તેમણે ઈસ્લામ કબૂલ કર્યો હોત અને મોતના પહેલાં તેમણે તેની સચ્ચાઈને સ્વીકારી લીધી હોત તો સારું થાત. જ્યાં સુધી અલ્લાહે મને

ઈસ્લામ તરફ હિદાયત ન કરી ત્યાં સુધી મેં પણ એવો જ અભિગમ અપનાવેલો હતો.

**અબ્દ :** તમે ઈસ્લામ ધર્મ ક્યારે અંગીકાર કર્યો ?

**અમ્ર :** હું જ્યારે નજ્જાશીના દરબારમાં હતો ત્યારે. બનવાકાળ તે(નજ્જાશી) પણ ઈસ્લામ ધર્મમાં ત્યારે જ દાખલ થયો.

**અબ્દ :** તેની પ્રજાની શું પ્રતિક્રિયા હતી ?

**અમ્ર :** તેમણે તેને સંમતિ આપી દીધી અને તેઓ પણ તેના પગલે પગલે ચાલ્યા.

**અબ્દ :** ખ્રિસ્તી ધર્માધ્યક્ષો અને મઠવાસી સાધુઓ?

**અમ્ર :** તેમણે પણ એવું જ કર્યું.

**અબ્દ :** અમ્ર ! જૂઠું બોલતાં ચેતજે કેમકે તેનાથી માણસ તરત જ બેવફા બની જાય છે.

**અમ્ર :** હું કદી પણ જૂઠું બોલતો નથી. વધુમાં અમારો ધર્મ તેવું કરવાની કદી છૂટ આપતો નથી.

**અબ્દ :** નજ્જાશીના ઈસ્લામ સ્વીકારની માહિતી હર્રક્યુલીસને આપવામાં આવી છે ખરી?

**અમ્ર :** હા, ચોક્કસ.

**અબ્દ :** તમને તે કેવી રીતે જાણવા મળ્યું ?

**અમ્ર :** નજ્જાશી હર્રક્યુલીસને ભૂમિ કર ચૂકવતો આવ્યો છે. પરંતુ જ્યારે નજ્જાશીએ ઈસ્લામ કબૂલ કર્યો તો તેણે પ્રતિજ્ઞા લીધી કે તે કર ચૂકવવાનું બંધ કરી દેશે. જ્યારે આ સમાચાર હર્રક્યુલીસને મળ્યા તો તેના દરબારીઓએ નજ્જાશી વિરૂધ્ધ કાર્યવાહી કરવાનો તેને આગ્રહ કર્યો હતો પરંતુ તેણે એવું કરવાની ના પાડી અને ઉમેર્યું કે તે પોતે પણ એવું જ કરવાનો છે જો તેની બાદશાહીને તે બાકાત રાખતો હોય તો.

**અબ્દ :** તમારા પયગમ્બર તમને શું કરવાની પ્રેરણા આપે છે ?

**અમ્ર :** અમારા પયગમ્બર અમને સર્વ શક્તિમાન અને મહાપ્રતાપી અલ્લાહની ફરમા-બરદારી કરવાની, પવિત્ર બનવાની અને કુટુંબના સગા સંબંધીઓ સાથે સારા સંબંધો જાળવી રાખવાની પ્રેરણા આપે છે. તે નાફરમાની કરવાની, જુલ્મ કરવાની, વ્યભિચાર કરવાની, દારૂ પીવાની, બુતપરસ્તી કરવાની અને વધસ્તંભની ઈબાદત કરવાની મનાઈ કરે છે.

**અબ્દ :** તમે જે તરફ બોલાવી રહ્યા છો તે બધા સારા શબ્દો છે અને સારી માન્યતાઓ છે. હું તો એવી ઈચ્છા રાખું છું કે મોહંમદ(સ.)માં ઈમાન ધરાવવામાં અને તેના ધર્મનો પ્રચાર કરવામાં (મારો ભાઈ) મારું અનુસરણ કરે. પરંતુ મારો ભાઈ પોતાની બાદશાહીને ગૌણ બનાવવાની બાબતોમાં ખૂબ જ સાવધ છે.

**અમ્ર :** જો તમારા ભાઈ ઈસ્લામને શરણે જશે તો પયગમ્બર તેમને તેમની પ્રજા ઉપર કબજો આપશે અને જરૂરિયાતમંદ માણસોને આપવા માટે પૈસાદાર માણસો પાસેથી ઝકાત વસૂલ કરશે.

**અબ્દ :** એ તો બહુ સારું વર્તન કહેવાય. પરંતુ તમે જે ઝકાતનો ઉલ્લેખ કર્યો તે શું છે ?

**અમ્ર :** આ તો એક ઈલાહી આદેશ છે કે ઝકાત એવા પૈસાદાર લોકો પાસેથી લેવામાં આવે કે જેમની પાસે વધારાનું ધન હોય અને તેને ગરીબોમાં વહેંચી દેવાય.

**અબ્દ :** અમારી પ્રજામાં આ બાબત કારગર નિવડે એ બાબતમાં મને શંકા છે.

'અમ્રને જાયફરના દરબારમાં દાખલ થવા માટે થોડા દિવસ સુધી રોકાવું પડ્યું એટલે સુધી કે છેવટે તેમને એના માટે પરવાનગી મળી. તેમણે મને તેના હાથમાં પત્ર આપવાનું અને પત્ર વાંચવાનું કહ્યું. ત્યાર પછી તેણે મને પૂછ્યું કે કુરૈશના લોકોએ કેવી પ્રતિક્રિયા દર્શાવી અને મેં જવાબ આપ્યો કે

તેમણે તેનું અનુસરણ કર્યું છે, કેટલાક તેમની પોતાની મુક્ત ઈચ્છાથી અને અન્ય લોકોએ લશ્કરી લડાઈથી હારી જઈને. હવે લોકોએ બીજી ધાર્મિક માન્યતાઓની સરખામણીમાં ઈસ્લામને પ્રથમ પસંદગી આપી છે અને પોતાની માનસિક સૂઝ દ્વારા એવું સમજી ગયા છે કે અત્યાર સુધી તેઓ અંધકારમાં હતા. તમારા સિવાય કોઈ પણ ઈસ્લામના અધિકારક્ષેત્રથી બહાર નથી. તેથી હું તમને પણ ઈસ્લામ કબૂલ કરવાની સલાહ આપું છું જેથી તમે તમારી જાતને અને તમારા દેશને સલામતી પૂરી પાડી શકો.'

આ તબક્કે તેણે મને પછીના દિવસે તેમને મળવાનું કહ્યું. બીજા દિવસે મને આવકારવામાં તેણે થોડુંક હઠીલાપણું દર્શાવ્યું પરંતુ તેના ભાઈ અબ્દે દરમ્યાનગીરી કરી અને તેને ફરીથી મળવાની મને તક મળી પરંતુ આ વખતે તો મને સંબોધન કરવામાં તેણે ધમકીભર્યો ઘમંડી સ્વર વાપર્યો. તેમ છતાંય તેના ભાઈ સાથેની ખાનગી વાતચીત પછી અને સમગ્ર પરિસ્થિતિ પર ફેર વિચારણા કરીને બન્ને ભાઈઓએ ઈસ્લામ કબૂલ કર્યો અને ઈસ્લામ માટે એવા સાચા સાબિત થયા કે આ નવા વિસ્તારમાં તેનો માર્ગ પ્રશસ્ત કરવાનું શરૂ કરી દીધું.

આ વાતનો પૂર્વા પર સંબંધ એ બાબત પ્રગટ કરે છે કે આ પત્ર બીજા પત્રો કરતાં ખૂબ પાછળની તારીખોમાં મોકલવામાં આવ્યો હતો, સંભવિત રીતે તો મક્કાના વિજય પછીનો.

આ બધા પત્રો દ્વારા રસૂલિલ્લાહ(સ.)એ પોતાના જમાનાના મોટા ભાગના બાદશાહોને પોતાનો પયગામ પહોંચાડવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. કેટલાક ઈમાન લાવ્યા જ્યારે અન્ય લોકો હઠીલા રહ્યા અને પોતાની ખોટી માન્યતામાં કાયમ રહ્યા. ગમે તેમ પણ ઈસ્લામને કબૂલ કરવાનો વિચાર અને નવા પયગમ્બરના આગમને તેમને બધાયને પહેલેથી જ અધિકારમાં લઈ લીધા. *


LIC



મોબાઈલ
૯૨૨૮૬૦૧૯૫૪

**સાકિરઅલી વી. સુરપુરા**

**એલ.આઈ.સી. જીવન વિમા એડવાઈઝર**

**::::: ઓફિસ :::::**

લેથવાલા મોલ, ૨ જો માળ,
રેલ્વે ક્રોસીંગ પાસે, ઈડર, જિ.સાબરકાંઠા.
મો.૯૨૨૮૬૦૧૯૫૪

**::::: રહેઠાણ :::::**

મુ.પો. સુરપુર, તા. ઈડર જિ. સાબરકાંઠા.

*પરવરદિગારના કરમથી આ વર્ષથી આપની સેવામાં*

LIC

LIC ના રોકાણ/બચત, જુના તથા નવા વીમાના કામકાજ માટે અમારો સંપર્ક કરો.

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે સૈયદતુન્નિસા ફાતેમા ઝેહરા(અ.)નાં ગુણગાન

(ગતાંકનું ચાલુ)

**જનાબે સૈયદા(અ.)ના નિકાહનું વર્ણન :**

(૧) અબ્દુલ્લાહ બિન જાફર અલ હાશમી કહે છે કે જનાબે રિસાલત મઆબ(સ.)એ જનાબે ફાતેમા(અ.)ના નિકાહ ઓહદના પ્રસંગ પછી કર્યા છે. તેમની ઉંમર એ વખતે ફક્ત પંદર વર્ષ અને સાડા પાંચ મહિનાની હતી અને જનાબે અલી(અ.)ની વય એકવીસ વર્ષ અને પાંચ મહિનાની હતી અને ઝુબૈર બિન બકાર કહે છે કે જનાબે ફાતેમા(અ.) સાથે જનાબે અલી(અ.)ના નિકાહ હિજરતના બીજા વર્ષે થયા છે અને જનાબે ફાતેમા(અ.)ની ઉંમર એ વખતે પંદર વર્ષ અને પાંચ મહિનાની હતી.

(૨) હારિસ જનાબે અલી(અ.)થી રિવાયત કરે છે કે અબુબકર અને ઉમર(રઝી.અ.)એ જનાબે ફાતેમા(અ.) માટે આં હઝરત(સ.)થી માગણી કરી હતી. આં હઝરત(સ.)એ ઈન્કાર કર્યો. ઉમર(રઝી.અ.)એ જનાબે અલી(અ.)ને કહ્યું, અય અલી ! આપ જનાબે ફાતેમા(અ.)ના પતિ બનવા માટે યોગ્ય લાગો છો. જનાબે અલી(અ.)એ કહ્યું, મારી પાસે તો ઝિરહ(બખ્તર) સિવાય બીજો કોઈ દુન્યવી સામાન નથી. આં હઝરત(સ.)એ અલી(અ.) સાથે તેમના નિકાહ કરી દીધા.

(૩) અબ્દુલ્લાહ બિન બુરીદા પોતાના પિતાથી રિવાયત કરે છે કે જનાબે અબુબકરે હઝરત સૈયદા(સ.)ની માગણી કરી. આં હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો, તે હજુ નાની છે. ત્યાર પછી જનાબે અલી(અ.)એ માગણી કરી તો હુઝૂર(સ.)એ તેમની સાથે નિકાહ કરી દીધા.

(૪) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.) રિવાયત કરે છે કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું કે જો અલી(અ.) પેદા થયા ન હોત તો ફાતેમા(અ.) માટે કોઈ જીવનસાથી ન હોત.

**એ બાબતનું વર્ણન કે જનાબે સૈયદા(અ.)ના નિકાહ પરવરદિગારના હુકમથી થયા છે :**

(૧) ઈબ્ને મસઊદથી રિવાયત છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે નિ:શંકપણે પરવરદિગાર ઈઝઝો જલે મને હુકમ કર્યો કે ફાતેમાના અલી સાથે નિકાહ કરો.

(૨) અનસ(રઝી.અ.)થી રિવાયત છે કે અબુબકરે આં હઝરત(સ.)ની ખિદમતમાં જનાબે ફાતેમા(અ.) સાથે સગાઈનો પ્રસ્તાવ મૂક્યો તો હુઝૂર(સ.)એ ઈરશાદ ફરમાવ્યો, અય અબુબકર! ખુદાનો હુકમ નાઝિલ નથી થયો. પછી હઝરત ઉમરે કુરૈશના કેટલાક માણસોની સાથે સગાઈનો પ્રસ્તાવ મૂક્યો તો આં હઝરત(સ.)એ તેમને પણ એવો જ જવાબ આપ્યો જેવો કે અબુબકરને આપ્યો હતો. ત્યાર પછી હઝરત અલી(અ.)ને કહેવામાં આવ્યું, આપ સગાઈનો પ્રસ્તાવ મૂક્યો હોત તો જનાબે ફાતેમા(અ.) માટે વધારે હકદાર હતા. જનાબે અલી(અ.)એ કહ્યું હું કેવી રીતે નિવેદન કરું ? કેમકે કુરૈશના શરીફ લોકોએ આં હઝરત(સ.)ને તે બાબતમાં નિવેદન કર્યું અને હુઝૂર(સ.)એ તેમની સાથે તેમના નિકાહ કર્યા નહીં. તેથી હઝરત રિસાલત મઆબ(સ.)એ હઝરત અલી(અ.) સાથે તેમના

નિકાહ કરી દીધા અને ફરમાવ્યું કે મને આનો હુકમ પરવરદિગારે કર્યો છે.

(૩) રિવાયત છે કે ઉમર(રઝી.અ.)ની પાસે જનાબે અલી(અ.)નો ઝિક્ર કરવામાં આવ્યો. તેઓ કહેવા લાગ્યા, તેઓ આં હઝરત(સ.)ના દામાદ છે. નિઃશંકપણે જિબ્રઈલ નાઝિલ થયા અને કહ્યું કે અલ્લાહ તઆલા આપને હુકમ કરે છે કે આપ ફાતેમાના નિકાહ અલી સાથે કરો.

(૪) ઈબ્ને અબ્બાસ કહે છે કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે, યા અલી ! યકીનપૂર્વક અલ્લાહ તઆલાએ તારી સાથે ફાતેમાના નિકાહ કર્યા છે અને તમામ જમીનને તેની મહ્ર(મહેર) ગણી છે તેથી જે માણસ તારી સાથેના બુગ્ઝ (દ્વેષભાવ) સહિત તેના ઉપર ચાલે છે, તેનું ચાલવું હરામ છે.

**જનાબે સૈયદા(અ.)ની મહ્ર (મહોર) :**

જનાબે સૈયદા(અ.)ની મહ્રમાં આલિમોમાં મતભેદ છે. રિવાયત છે કે તેમની મહ્ર અલ્પ (પ્રમાણમાં) હતી કેમકે અલી(અ.)ની પાસે એ વખતે સોના-ચાંદીમાંથી કંઈ મોજૂદ ન હતું અને એવું પણ કહેવામાં આવ્યું છે કે જનાબે અલીએ ચારસો એંશી દિરહમ પર એમના નિકાહ કર્યા હતા.

**એ બાબતનું વર્ણન કે જનાબે સૈયદા(અ.)ના નિકાહ મલાએકાની ગવાહીથી થયા છે :**

(૧) અનસ(રઝી.અ.)થી રિવાયત છે કે એક દિવસ અમે જનાબે રિસાલત મઆબ(સ.)ની પાસે મસ્જિદમાં બેઠેલા હતા એવામાં હઝરત(સ.)એ અલી(અ.)ને ફરમાવ્યું કે જિબ્રઈલે મને એવી ખબર આપી છે કે અલ્લાહ ઈઝ્ઝોજલે તારા નિકાહ ફાતેમા સાથે કર્યા છે અને તેમના નિકાહ પર ચાલીસ હજાર ફરિશ્તાઓને ગવાહ કરેલા છે અને તૂબા ઝાડને ઈશારો કર્યો કે તેમના ઉપર યાકૂત ન્યોછાવર કરે તેથી તેણે તેમના ઉપર યાકૂત ન્યોછાવર કર્યાં.

(૨) ઈબ્ને મસઊદથી રિવાયત છે કે આં હઝરત(સ.)એ જનાબે ફાતેમા(અ.)ને ફરમાવ્યું, અય ફાતેમા ! જ્યારે અલ્લાહ તઆલાએ એવો ઈરાદો કર્યો કે તમને અલી(અ.)ની મિલકતમાં આપે તો જિબ્રઈલને હુકમ આપ્યો. તેમણે ઊભા થઈને ચોથા આસમાન પર ફરિશ્તાઓની ઘણી બધી સફો બાંધી. પછી તેના ઉપર ખુત્બો ઈરશાદ ફરમાવ્યો. પછી જન્નતના વૃક્ષને હુકમ કર્યો. તે ઘરેણાં અને ઉમદા શણગારથી સજ્જ થયું. પછી તેને હુકમ કર્યો અને તેણે તે ઝવેરાતને ફરિશ્તાઓ ઉપર ન્યોછાવર કર્યાં. આથી જેણે તેમાંથી બીજાની સરખામણીમાં વધારે લઈ લીધાં તે તેના કારણે કયામત સુધી ફખ્ર કરતો રહ્યો.

(૩) બિલાલ બિન હમામા કહે છે કે એક દિવસ હઝરત રિસાલત મઆબ(સ.) હસતા હસતા અમારી પાસે તશરીફ લાવ્યા. આપનો નૂરાની ચહેરો ચંદ્રની ચાંદનીની માફક નૂરાની હતો. અબ્દુર્રહેમાન બિન ઔફે ઊભા થઈને અરજ કરી, યા રસૂલ ! આજે આપના પવિત્ર ચહેરા ઉપર આ કેવું નૂર (દેખાય) છે ! આપે ફરમાવ્યું, મને મારા પરવરદિગાર તરફથી મારા ભાઈ તેમજ મારા કાકાના દીકરા અને મારી બેટીની બાબતમાં ખુશખબરી આપી છે. નિઃશંકપણે અલ્લાહ તઆલાએ અલીની સાથે ફાતેમાના નિકાહ કર્યા અને જન્નતના ખજાનાના રિઝવાનને હુકમ કર્યો છે. તેણે તૂબા(નામના) ઝાડને હલાવ્યું અને તે બારૂર થઈ ગયું અર્થાત તેનું એકે એક પાંદડું બરાતે નજાતનો કાગળ બની ગયું અને તૂબાના ઝાડની નીચે નૂરના ફરિશ્તાઓ પેદા કર્યા અને પ્રત્યેક ફરિશ્તાને તે બરાતનો કાગળ આપ્યો. જ્યારે કયામત પોતાના સઘળા લોકોની સાથે તમામ થશે ત્યારે મારી એહલેબયતનો કોઈ મોહિબ બાકી નહીં રહે કે તેના ઉપર તે બરાતનો કાગળ ન પડે કે જેમાં દોઝખની આગથી છુટકારાનો પરવાનો લખેલો હશે. આમ મારો ભાઈ તેમજ કાકાનો દીકરો અને મારી બેટી પુરૂષો અને સ્ત્રીઓ માટે દોઝખની આગથી છુટકારાનું કારણ બનશે. *

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ

અનુકરણનો અર્થ થાય કોઈ વ્યક્તિની અથવા કોઈ વસ્તુની નકલ કરવી અને તે વ્યક્તિ કે તે વસ્તુના જેવા બનવાનો પ્રયત્ન કરવો, કોઈની રીતને અથવા પધ્ધતિને પોતાના જીવનમાં અપનાવવી.

- ગુજરાતી ભાષામાં એક કહેવત છે : **અનુકરણ એટલે મરણ.** કોઈ પણ બાબતનું સમજયા - જાણ્યા વગર આંધળુ અનુકરણ કરવામાં આવે તો છેવટે વ્યક્તિએ નુકસાન વેઠવાનો જ વારો આવે છે.
- સંસ્કૃતિ એ જીવન જીવવાની એક પધ્ધતિ છે, જેને અરબી-ઉર્દૂમાં **તહ્ઝીબ** કહેવામાં આવે છે. લોકોની ભેગા રહેવાની પધ્ધતિઓ, તેમનો ખોરાક, વર્તન કરવાની સામાન્ય પધ્ધતિ, પોષાક, વગેરે બાબતો સંસ્કૃતિ અપનાવી લેતી હોય છે.
- ઈસ્લામ ધર્મને પોતાની આગવી સંસ્કૃતિ છે પરંતુ શરીઅતના દાયરામાં હોય એવી બાબતો અન્ય સંસ્કૃતિઓમાંથી અપનાવવાનો ઈસ્લામ ધર્મમાં અવકાશ રહેલો છે. એટલા જ માટે તો ઈસ્લામને સાર્વત્રિક ધર્મ ગણવામાં આવે છે કારણ કે તેના પોતાના આચરણનો એક મધ્યસ્થ ભાગ છે તેમ છતાંય દુનિયાના કોઈ પણ રાષ્ટ્રની રહેણીકરણીમાં ભળી જવાની ઈસ્લામ છૂટ આપે છે.
- આપણે બધા પશ્ચિમી દુનિયાના સંપર્કમાં છીએ અને પશ્ચિમી સંસ્કૃતિથી ઘેરાયેલા છીએ. કોઈ પણ સંસ્કૃતિમાં અમુક બાબતો સારી પણ હોય છે. પશ્ચિમી સંસ્કૃતિ પણ એમાંથી બાકાત નથી.
- આવી પરિસ્થિતિમાં આપણે ઈસ્લામી સિધ્ધાંતોની કુરબાની આપ્યા વગર આપણે જે દુનિયામાં અને જે માહોલમાં રહેતા હોઈએ તેની સાથે અનુકૂલન સાધીને જીવવાનું છે. આપણે જે તે સંસ્કૃતિની સારી બાબતોને અપનાવી લઈએ પરંતુ એ બાબતોથી તો સાવચેત જ રહીએ કે જે ઈસ્લામી સંસ્કૃતિના વિરૂધ્ધમાં હોય. એવી બાબતોને આપણે છોડી દેવી જ જોઈએ.
- આપણે જે બાબત નથી કરવાની તે છે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ. જો આપણે એવું કરીશું અને પશ્ચિમી સંસ્કૃતિના રંગમાં સંપૂર્ણપણે રંગાઈ જઈશું તો આપણે આપણી ઈસ્લામી ઓળખને - ઈસ્લામી વ્યક્તિત્વને ગુમાવી બેસીશું. આપણે જયાં પણ હોઈએ, જે કોઈ દેશમાં રહેતા હોઈએ, આપણે હંમેશાં એ બાબત યાદ રાખવી જ જોઈએ કે આપણે સૌ પ્રથમ તો મુસ્લિમ જ છીએ અને ત્યાર પછી બીજું બધુ છીએ.
- દુનિયામાં લોકો અન્ય લોકોથી જુદા તરી આવવા માટે અથવા જુદા દેખાવા માટે અલગ અલગ રીતો, અલગ ફેશનો અપનાવતા હોય છે. આ બાબત સારી નથી અને તેનું અનુકરણ કરવું પણ સારી બાબત નથી.
- જયારે આપણે આવું બધું જોઈએ ત્યારે આપણે સમજી લેવું જોઈએ કે ઈસ્લામ ધર્મે આવું બધું આપણને શીખવ્યું નથી. તેથી આવી વર્તણૂક કરવાથી આપણી જાતને દૂર રાખવી જોઈએ. ઈસ્લામી સંસ્કૃતિમાં તમે સારાં વસ્ત્રો પરિધાન કરી શકો છો પરંતુ એટલા માટે નહીં કે લોકો આપણા પોષાક તરફ તાકી રહે.
- શાળા-કોલેજોમાં છોકરા-છોકરીઓ ગર્લ ફ્રેન્ડ્ઝ કે બૉય ફ્રેન્ડ્ઝ બનાવે છે અને બહાર ડિસ્કોમાં અને પાર્ટીઓમાં જતાં હોય છે. આવું વર્તન કરવું

સારી બાબત નથી. દર અઠવાડિયે આવા ફ્રેન્ડ્ઝ બદલાતા રહે છે. ઈસ્લામ આવી બધી બાબતોને ખરાબ ગણે છે. જ્યારે શાદી કરવાનો સમય આવે ત્યારે છોકરો કે છોકરી સમાન વિચારો ધરાવનાર પાત્ર સાથે શાદી કરી શકે છે. ઈસ્લામે જીવન સાથી તરીકે યોગ્ય પસંદગી કરવાનો અધિકાર છોકરા-છોકરીને આપેલ છે.

- પશ્ચિમી સંસ્કૃતિમાં અમુક ટેવો ખૂબ જ સામાન્ય છે જેમનું આપણે નિવારણ કરવું જોઈએ. ઉદાહરણ તરીકે જયારે સ્પોર્ટસ્ માટે જવાનું થાય છે ત્યારે લોકો કપડાં બદલવાના ઓરડામાં જગ જાહેર કપડાં બદલતા હોય છે અથવા એવાં ટૂંકાં કપડાં પહેરીને રમે છે કે જેના લીધે શરીરના ભાગોનું પ્રદર્શન થાય છે.
- ઈસ્લામ ધર્મમાં તો ભલે એકલા પુરૂષો જ હોય તો પણ પોતાની શર્મગાહોને ખુલ્લી કરવી અથવા બીજાની શર્મગાહો તરફ જોવું હરામ છે. તો આ બાબતનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. પશ્ચિમના દેશોમાં આવું બધું થતું હોય છે પરંતુ એક મુસ્લિમ તરીકે આવું કરવું બિલકુલ જાએઝ નથી.
- પશ્ચિમમાં મોટા ભાગના લોકો જન્નત-દોઝખમાં માનતા જ નથી. તેઓ એવું માને છે કે તેમણે તો બસ આ દુનિયામાં જ રહેવાનું છે તેથી તેઓ દુન્યવી આનંદ લૂંટવાનો પ્રયત્ન કરે છે અને તે પણ શારીરિક આનંદ. રૂહાની બાબતને તો તેઓ સમજતા જ નથી હોતા. તેઓ દુનિયામાં જ પોતાની ઈચ્છાઓને સંતોષવાના પ્રત્યનો કરે છે.
- જ્યારે એક મુસ્લિમ એવું સમજે છે કે આ દુનિયા તો આખેરતની દુનિયાની સરખામણીમાં એક ક્ષણ સમાન છે, આંખના પલકારા સમાન છે.
- જિંદગી શારીરિક આનંદ કરતાંય કંઈક વિશેષ છે. જોકે ઈસ્લામ કંઈ એવું કહેતો નથી કે તમે જિંદગીમાં આનંદ ન માણો. પરંતુ એ તો માત્ર એટલું જ સમજાવે છે કે શારીરિક ઈચ્છાઓને માત્ર શાદીના દાયરામાં રહીને જ સંતોષવી જોઈએ, પ્રાણીઓની માફક નહીં.
- આપણે બધા આ મુદ્દાને બરાબર સમજી લઈએ તે ખૂબ જરૂરી છે.
- આપણને એવું ન લાગવું જોઈએ કે તેઓ શા માટે આનંદ મેળવી શકે છે અને આપણે કેમ નહીં ? કારણ કે અમુક સમય પછી આનંદ મેળવવાનું બંધ થઈ જાય છે. ઉદાહરણ તરીકે જો તમે દરરોજ આઈસક્રિમ ખાતા હો તો અમુક સમય પછી તમે આઈસક્રિમથી ધરાઈ જવાના. તમને વધારે આઈસક્રિમ ખાવાની ઈચ્છા નહીં થાય. એવી જ રીતે ઈસ્લામ આપણને એવું શીખવે છે કે આપણી ઈચ્છાઓને અંકુશમાં રાખવી જોઈએ. આપણે આપણી જાતને મર્યાદિત બનાવવી જોઈએ. જો આપણે આપણી જાતને પશ્ચિમી દુનિયાની માફક અંકુશ બહાર જવા દઈશું તો આપણને ક્ષણિક આનંદ મળશે. પછી તરત જ આપણે આપણી જાતને કહીશું કે પાર્ટીઓ, ગર્લફ્રેન્ડઝ, શરાબખાનાં કરતાં ય કંઈક વિશેષ હોવું જ જોઈએ.
- જિંદગી આનાથી કંઈક વિશેષ બાબત છે. ઈસ્લામ આપણી આંખો ખોલી નાખે છે અને આપણને

**ખલ્કે ખુદાકી ખિદમત, મકસદ હયાતકા હો,**
**ઉસકે સિવા ન કોઈ મતલબ ન મુદુઆ હો.**

(અલ્લાહના સર્જનોની - માનવજાતની સેવા કરવી એ જ જીવનનો હેતુ હોવો જોઈએ, તેના સિવાય ન કોઈ મતલબ કે ન મુદ્દો હોવો જોઈએ.)

જુદા જ દૃષ્ટિકોણથી જોવાનું કહે છે. જો આપણે આ જિંદગી ભૂલભૂલામણી છે એવી કલ્પના કરીએ તો પશ્ચિમી દુનિયા આ ભૂલભૂલામણીને તેમાં થઈને માત્ર ચાલીને ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે, વસ્તુઓ જેમ આવે તેમ સ્વીકારી લઈને. જ્યારે ઈસ્લામ આપણને તેનાથી ઊંચે લઈ જાય છે જેથી કરીને આપણે આપણા જીવનની ભૂલભૂલામણીને ઉપરથી જોઈ શકીએ અને આપણે જાણી શકીએ કે આપણે કઈ તરફ વળવાનું છે અને કઈ બાબતનું નિવારણ કરવાનું છે. આ ભૂલભૂલામણીમાંથી બહાર નીકળવાનો આ જ એક માત્ર માર્ગ છે.

- બીજી એક કુટેવ કે જે આપણે નિવારવાની છે તે છે ધુમ્રપાન. ધુમ્રપાન કરવું એ ભયંકર અને બંધાણી બનાવી દે તેવી બૂરી લત છે. ઈસ્લામે ધુમ્રપાનને મકરૂહ ગણ્યું છે. લોકો બીડીઓ ફૂંક્યે જ જતા હોય છે અને વળી પાછા આપણને પણ કહે છે કે તમારે એક કસ ખેંચવો છે ? તો આવું કહેનારને ગભરાયા વગર નન્નો સંભળાવી દેજો. તેઓ આપણી બાબતમાં ભલે ગમે તે સમજે, કારણ કે તેઓ પોતાની જાતને બહાદુર સમજતા હોય છે પરંતુ આપણે આવી બૂરી લતમાં ઘસડાઈ જવું ન જોઈએ કે જે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. વળી આવી જ ખતરનાક બાબત છે તમાકુનું સેવન અર્થાત ગુટખા-તમાકુ, વગેરે ખાવું.
- મહેરબાની કરીને યાદ રાખો કે ઈસ્લામ ખરેખર એક એવો ધર્મ છે કે જે માણસને સુખી, આનંદી અને સંતોષી બનાવે છે. માટે પશ્ચિમની એવી કોઈ બાબતનું આંધળુ અનુકરણ ન કરવું જોઈએ કે જેની ઈસ્લામ પરવાનગી આપતો ન હોય.

અલ્લાહ તઆલાથી દુઆ ગુઝારીએ કે તે આપણને પશ્ચિમી સંસ્કતિનાં એવાં પ્રલોભનોથી બચાવે કે જે ખરેખર ઈસ્લામી શરીઅતની વિરૂધ્ધ હોય. ✻

## શબ્દ પરિચય

### કિબ્લા

**કિબ્લા** ( قبلہ ) : અરબી શબ્દ છે. અર્થ : (૧) પૂજ્ય, પ્રતિષ્ઠિત અને સન્માનિત વ્યક્તિઓને માટેનો સંબોધન શબ્દ, હઝરત, જનાબ (૨) મક્કાની એ મસ્જિદ કે જેના તરફ મોઢું કરીને મુસલમાનો નમાઝ પઢે છે તે કા'બા. (૩) સામેની વસ્તુ (૪) કા'બાની દિશા. **કિબ્લઃ એ આલમ**- આખી દુનિયાનો કિબ્લો **કિબ્લઃ એ અનામ** - બધાની વાજિબ તા'ઝિમ **કિબ્લઃ એ હાજાત** - લોકોની જરૂરિયાતોને પૂરી કરનાર, મુરાદ બર લાવનાર **કિબ્લારૂ** - કિબ્લાની તરફ, એ વ્યક્તિ અથવા વસ્તુ કે જેણે કિબ્લા તરફ મોં કરેલું હોય. **કિબ્લઃ એ કૌનૈન** - દીન અને દુનિયાનો કિબ્લો **કિબ્લાગાહ** : કિબ્લાતુલ્ય, માતા-પિતા, બુઝુર્ગ **કિબ્લાનુમા** - કિબ્લાની દિશા બતાવનાર સાધન, હોકાયંત્ર, દિશાસૂચક યંત્ર **કિબ્લા વ કા'બા** - સન્માન દર્શક શબ્દ, પૂજ્ય, સન્માનનીય **કિબ્લા પરસ્ત** - કા'બાને પુનિત માનનાર, મુસલમાન.

## નુસ્ખા

### લકવો

✻ લકવો થયો હોય તો મધ સાથે લસણ પીસી ચાટવાથી આરામ છે.

✻ લસણની એક કળી ગળવાની શરૂઆત કરી, દરરોજ એક એક વધારતા જઈ ચાલીસમા દિવસે ૪૦ કળીઓ ગળવી અને એ જ રીતે એક એક કળી ઓછી કરતા જઈ બીજા ૪૦ દિવસ સુધી કળીઓ ઓછી કરતા જઈ બીજા ચાલીસ દિવસો સુધી (કુલ્લે ૮૦ દિવસ સુધી) કળીઓ ગળવાથી લકવો મટે છે.

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનો નવીન સંકલ્પ

# શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ

Educational Career Build up Programme (ECBP)

**વર્ષ ૨૦૧૧-૧૨ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા.૧૨૦૦૦/- મો.હાજી ઈસ્માઈલભાઈ ફતેહભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦૦/- મો.મહંમદઅલી સુલેમાનભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૩૦૦૦/- મો.શરીફભાઈ જેથરાભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦૦/- મો.હસનઅલી હૈદરભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી હબીબભાઈ વિજાપુરા(ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.આબિદઅલી તાલિબઅલી માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.મહંમદઅલી સુલેમાનભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.મહેમૂદઅલી અલજીભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.હબીબભાઈ વજીરભાઈ ખણુશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.સુલેમાનભાઈ વજીરભાઈ ખણુશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.મોલ્વી ગુલામહુસૈન નુરભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ખણુશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.ગુલામહૈદર અબ્દુલભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.તાહેરઅલી અલાઉદ્દીન વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી સદીકભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.મોલ્વી ગુલામભાઈ શરીફભાઈ  (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.વારિસઅલી શરીફભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.ગુલામભાઈ શરીફભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.આફતાબઅલી શરીફભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૫૧/- મો.ગુલામભાઈ હબીબભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.તાલિબઅલી સુલેમાનભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.આબિદઅલી તાહેરઅલી વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.ઈબ્રાહીમભાઈ વલીભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.આબિદઅલી ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.મીકદાદઅલી અલીભાઈ મતાદાર (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.જમાલભાઈ દાઉદભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.અકબરભાઈ ગુલામભઈ ખણુશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ અલજીભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી

રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી નુરભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.કાઝિમઅલી સુલેમાનભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.અબ્બાસઅલી હબીબભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.ગુલામભાઈ વલીભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.હસનઅલી ગુલામભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ અલીભાઈ મતાદાર (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.ડૉ.હૈદરઅલી શરીફભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.નૂરઅલી શરીફભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.હૈદરઅલી શરીફભાઈ ફતાભાઈ (ગણેશપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૨૫૦/- મો.અસગરઅલી ગુલામભાઈ ફતાભાઈ (ગણેશપુરા) તરફથી
રૂા.૨૫૦/- મો.શબ્બીરભાઈ શરીફભાઈ ફતાભાઈ (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦/- મો.યૂસુફભાઈ દાઉદભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦/- મો.નજરઅલી અબ્બાસભાઈ મતાદાર (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦/- મો.હસનઅલી અલજીભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦/- મો.હૈદરભાઈ શરીફભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦/- મો.વારિસઅલી અલીભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૨૦૦/- મો.નુરભાઈ દાઉદભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.સુલેમાભાઈ નાથુભાઈ કોવડીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.ગુલામભાઈ પીરભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.કરીમદભાઈ દાઉદભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.ખાદિમભાઈ અલજીભાઈ સુરપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.દાઉદભાઈ નાથુભાઈ કોવડીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ નાથુભાઈ કોવડીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.સાબિરઅલી નિસારભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦/- મો.તાલિબભાઈ વલીભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી

**૨ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા.૨૧૦૦/- મો.કમ્બરઅલી શરીફભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી

**૫ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા.૨૦૦૦/- મો.અબ્બાસભાઈ દાઉદભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.કાસમભાઈ ફતાભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી

**ECBPમાં જોડાયેલ આજીવન દાતાઓ**

રૂા.૩૦૦૦/- મો.ગુલામભાઈ વલીભાઈ માંકણોશીયા (ગણેશપુરા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.અકબરભાઈ દાઉદભાઈ વિજાપુરા (ગણેશપુરા) તરફથી

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના તથા તેમના મર્હૂમોના હકમાં દુઆ ગુજારે છે.**

# આપણા ઘરની વાતો

● **તેજપુરા મુકામે મહેફિલે માઅસૂમીન(અ.)ની શાનદાર ઉજવણી :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા **મકામે એહલેબયત, તેજપુરા** મુકામે સતત ત્રીજા વર્ષે તા.૨૪-૧૨-૨૦૧૧ને શનિવારના રોજ રાત્રે **મહેફિલે માઅસૂમીન(અ.)**નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મજલિસે હુસૈન બાદ રાત્રે ૯-૩૦ કલાકે મહેફિલની શરૂઆત કરવામાં આવી હતી. સમગ્ર બાવીસીમાંથી આશિકે એહલેબયત(અ.) ઉમટી પડ્યા હતા. દૂર દૂરથી પધારેલ શાયરોએ પોતાની આગવી છટાથી મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ની શાનમાં શેર-શાયરીઓ રજૂ કરી હતી જે સાંભળીને શ્રોતાગણમાં નારાઓ ગૂંજી ઉઠ્યા હતા. મહેફિલ એટલી રસપ્રદ બની હતી કે રાત્રે ૨-૩૦ વાગ્યા સુધી મોમિનોએ તેનો રસાસ્વાદ માણ્યો હતો. આ મહેફિલને સફળ બનાવવામાં તેજપુરા શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતે મોટા ભાગનો ખર્ચ ઉપાડી લઈને સુંદર સહયોગ પૂરો પાડ્યો હતો. સાથે સાથે હોટલ સર્વોદય તરફથી દૂરથી પધારેલ મોમિનો માટે જમવાની સેવા વિના મૂલ્યે પૂરી પાડી હતી. આ મહેફિલમાં સહભાગી થવા બદલ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા તેજપુરા જમાઅત તેમજ હોટલ સર્વોદયનો આભાર માને છે.

● **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા આયોજિત** Scocial Devlopment Programme :



શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા આયોજિત Scocial Devlopment Programme (સામાજિક વિકાસ કાર્યક્રમ) અંતર્ગત યુવા વર્કશોપ તા.૧-૧-૨૦૧૨ને રવિવારના રોજ ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે યોજવામાં આવેલ જેમાં સાબરકાંઠા જિલ્લાના તમામ મોમિન જમાઅતના ગામોમાંથી ઉત્સાહી યુવાનોએ હોંશભેર ભાગ લીધો હતો. આ વર્કશોપના પ્રશિક્ષક તરીકે શ્રી ભરતસિંહ ચૌહાણ તથા મો.ગુલામમોહંમદ વિજાપુરા(માસ્તર)એ સુંદર સેવા પૂરી પાડી હતી. આ એક દિવસીય વર્કશોપમાં યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા અને સમાજને સ્પર્શતાં પરિબળો અંગે મનોમંથન કર્યું હતું. આ વર્કશોપમાં વિકાસ મંડળના કારોબારી સભ્યોએ હાજર રહી યુવાનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

● **કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી :**



બાદરપુર નિવાસી **મો.યૂસુફભાઈ રાજેભાઈ ધરખડ** કે જેઓ વિભાગીય કચેરી જેટકો ધાનેરા ખાતે Deputy Executive Engineer તરીકે ફરજ બજાવતા હતા તેમની તાજેતરમાં Executive Engineer (SLDC) Baroda ખાતે બઢતી મળેલ છે. મો.યૂસુફભાઈને જાફરી આવાઝ(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● C.A. **બદલ અભિનંદન :**



ઈલોલ-જુહાપુરા નિવાસી **મો.હુસૈનમોહંમદ શબ્બીરઅલી ભટ્ટા** નવેમ્બર-૨૦૧૧માં લેવાયેલ C.A.ની પરીક્ષામાં ૫૦.૫૦% ગુણ મેળવીને પાસ થયેલ છે. C.A.ની પરીક્ષા ઉત્તીર્ણ કરવા બદલ મો.હુસૈનમોહંમદને જાફરી આવાઝ(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

● **ઈન્નાલિલ્લાહે... :**



←---બાદરપુર નિવાસી **મર્હૂમા મો.કુલસુમબેન અબ્બાસભાઈ સુરતી** મુ.તા.૨૫, રબી. અવ્વલ-૧૪૩૨, તા.૧-૩-૨૦૧૧ને મંગળવારના રોજ ૫૨ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમાએ પોતાના જીવનમાં ખૂબ જ મહેનત કરી હતી. તેઓ સ્વભાવે આખાબોલા મિલનસાર, નમાઝી, અઝાદાર તથા પીરો મુરશિદના ચાહક હતાં.



સેદ્રાણા નિવાસી **મર્હૂમા મો.કનીઝફાતેમા ઝાકિરહુસૈન કડીવાલા** મુ.તા.૩૦, શવ્વાલ-૧૪૩૨ તા.૨૯-૧૦-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૨૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા પથારીવશ અપંગ હતાં અને બોલી પણ શકતાં ન હતાં. તેઓ ધ્યાનપૂર્વક નૌહા સાંભળતાં હતાં. ---→



←---કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો.હબીબભાઈ સુલેમાનભાઈ રામસડા** મુ.તા.૧૬, મોહર્રમ-૧૪૩૩, તા.૧૨-૧૨-૨૦૧૧ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



કાકોશી નિવાસી **મર્હૂમ મો.અલીમદ વલ્લી ચૌધરી** મુ.તા.૨૨, મોહર્રમ-૧૪૩૩, તા.૧૮-૧૨-૨૦૧૧ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ પીરો મુરશિદના ચાહક અને મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ના આશિક હતા. તેઓ મોહર્રમમાં નોબત વગાડવાના કાર્યમાં પ્રવૃત્ત રહેતા હતા. ---→



←---સેદ્રાણા નિવાસી **મર્હૂમ મો.દાઉદભાઈ હબીબભાઈ કડીવાલા** મુ.તા. ૨૨, મોહર્રમ-૧૪૩૩ તા.૧૮-૧૨-૨૦૧૧ને રવિવારના રોજ ટૂંકી માંદગી બાદ

૫૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ અને મિલનસાર હતા. તેઓ આશિકે હુસૈન, પીરો મુરશિદના ચાહક અને પાંચ ટાઈમની નમાઝના પાબંદ હતા. મર્હૂમ હજ-ઝિયારતથી પણ મુશરર્ફ થયેલ હતા.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.દાઉદભાઈ કરીમદભાઈ મસી** મુ.તા. ૨૩, મોહર્રમ-૧૪૩૩, તા.૧૯-૧૨-૨૦૧૧ને સોમવારના રોજ બપોરે ૧-૩૦ કલાકે ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે નમ્ર, મિલનસાર હતા. ---→



←--- મહેરપુરા નિવાસી **મર્હૂમ મો. હાજી વલીભાઈ હાજી ખાંનજીભાઈ વિજાપુરા** મુ.તા.૨૭, મોહર્રમ-૧૪૩૩, તા.૨૩-૧૨-૨૦૧૧ને શુક્રવારના રોજ ૬૧ વર્ષની વયે ખૂબ જ ટૂંકી બીમારી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ હજ અને ઝિયારતથી મુશર્રફ થયા હતા.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.શબ્બીરઅલી હબીબભાઈ દેસાઈ** મુ.તા.૨, સફર-૧૪૩૩, તા.૨૮-૧૨-૨૦૧૧ને બુધવારના રોજ ૪૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) તથા પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે નમ્ર, મિલનસાર, નેક, ઈમાનદાર, શાંત, હસમુખા અને વિવેકી હતા.→



←--- કેશરપુરા(ખેરાલુ) નિવાસી **મર્હૂમ મો.નૂરમોહંમદ સાવદીભાઈ પટેલ(મુખી)** મુ.તા. ૧૧, સફર-૧૪૩૩, તા.૬-૧-૨૦૧૨ને શુક્રવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ નૂરમોહંમદભાઈ યુવાવસ્થાથી જ ધાર્મિક કિતાબો વાંચવાનો શોખ ધરાવતા હતા. જિંદગીનો મોટો ભાગ પરહેઝગારી સાથે ઈબાદતમાં જ પસાર કર્યો હતો. પાંચ ટાઈમની નમાઝ ઉપરાંત નમાઝે તહજ્જુદના પાબંદ હતા. મોહર્રમ માસમાં મકતુલનામા ભાવવિભોર થઈને પઢતા હતા. તેઓ સ્વભાવે મળતાવડા અને પીરાને તરીકતના આશિક હતા. તેમની દફનવિધિ અને ઝિયારતમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.રસૂલભાઈ સુલેમાનભાઈ કોડાલીયા** મુ.તા.૨૦, સફર-૧૪૩૩, તા.૧૫-૧-૨૦૧૨ને રવિવાર ચહેલૂમના રોજ આશરે ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) તથા પીરો મુરશિદના ચાહક હતા. તેઓ હુસૈન કમિટીના આજીવન સભ્ય હતા. તેઓ સ્વભાવે મિલનસાર, નેક, ઈમાનદાર, નમ્ર અને વિવેકી હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૪૨૯/- મો. મર્હૂમા કુલસુમબેન અબ્બાસભાઈ સુરતી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના સગા-સંબંધીઓ તરફથી.

**મર્હૂમ મો.નૂરમોહંમદભાઈ સાવદીભાઈ પટેલ(કેશરપુરા-ખે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ નૂરમોહંમદ પટેલ
રૂા.૧૦૦/- મો.સકીનાબેન અબ્બાસભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.યૂસુફભાઈ નૂરમોહંમદ પટેલ
રૂા.૧૦૦/- મો.ખતીજાબેન યૂસુફભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.સકીનાબેન નૂરમોહંમદ પટેલ

**મર્હૂમ મો.અલીમદ વલ્લી ચૌધરી (કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૪૩/- મો.હબીબઅલી અલીમદ ચૌધરી
રૂા.૧૩૨/- મો.આબેદાબેન હબીબઅલી ચૌધરી
રૂા.૫૦/- મો.રૂકૈયાફાતમા હબીબઅલી ચૌધરી
રૂા.૫૦/- મો.શબ્બીરએહમદ હબીબઅલી ચૌધરી
રૂા.૫૦/- મો.ફિઝઝાફાતમા હબીબઅલી ચૌધરી
રૂા.૧૦૦/- મો.અલ્ફાતઅલી અલીમદ ચૌધરી
રૂા.૧૦૦/- મો.આબેદાબેન અલ્તાફઅલી ચૌધરી
રૂા.૧૦૦/- મો.હસનઅલી અલીમદ ચૌધરી
રૂા.૧૦૦/- મો.સુગરાબેન હસનઅલી ચૌધરી
રૂા.૧૦૦/- મો.કનીઝફાતમા હસનઅલી ચૌધરી
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી હસનઅલી ચૌધરી
રૂા.૧૦૦/- મો.શીરીનફાતમા હસનઅલી ચૌધરી
રૂા.૧૩૦/- મો.સાકેરાફાતેમા હસનઅલી ચૌધરી

**રૂા.૨૧૩૨/- મો.મર્હૂમ હબીબભાઈ સુલેમાનભાઈ રામસડા(કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તથા સગા વહાલાઓ તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમ મો.વલીભાઈ ખાંનજીભાઈ વિજાપુરા(મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૧૧૦/- મો.હાજી ખાંનજીભાઈ હાજી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.રસૂલબેન હાજી ખાંનજીભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.નૂરીબેન શરીફભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.અલીભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.કાસમભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.ઝાકિરઅલી જલાલભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.શરીફભાઈ અમદાભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.હલીમબેન હાજી વલીભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન કાસમભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.મનસુરાબેન બાકરઅલી મસી
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન મહંમદઅલી મસી
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મુર્તઝાઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ જલાલભાઈ મસી
રૂા.૧૦૦/- મો.નજમાબેન હસનઅલી મસી
રૂા.૫૦/- મો.ઝયનબબેન ગુલામભાઈ મસી
રૂા.૧૦૦/- મો.અમીનાબેન અબ્બાસભાઈ મસુ
રૂા.૫૦/- મો.ફાતમાબેન અબ્બાસભાઈ મસી
રૂા.૧૦૦/- મો.શહરબાનુ ગુલામમહંમદ પટેલ
રૂા.૫૦/- મો.હુરીબેન ઈબ્રાહીમભાઈ ભોવણીયા
રૂા.૫૦/- મો.મંજૂરએહમદ શેરઅલી વિજાપુરા

**રૂા.૫૩૦/- મો.યૂસુફભાઈ રાજેભાઈ ધરખડ(બાદરપુર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મો.મર્હૂમ દાઉદભાઈ હબીબભાઈ કડીવાલા(સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

**મર્હૂમ મો.દાઉદભાઈ કરીમદભાઈ મસી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના**

**કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**
રૂા.૧૫૧/- મો.અમીનાબેન દાઉદભાઈ મસી
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ દાઉદભાઈ મસી
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી દાઉદભાઈ મસી
રૂા.૫૧/- મો.મોલ્વી મોહંમદઅલી દાઉદભાઈ મસી
રૂા.૫૧/- મો.રૂકૈયાબાનુ મહેંદીઅલી મલેકપુરા
રૂા.૫૧/- મો.અલજીભાઈ કરીમદભાઈ મસી
રૂા.૫૧/- મો.હુરીબેન અલજીભાઈ મસી
રૂા.૫૧/- મો.કુવેરબેન સુલેમાનભાઈ અધેલી
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ રસુલભાઈ ગની
રૂા.૫૧/- મો.હલીબેન ઈસ્માઈલભાઈ ગની
રૂા.૫૧/- મો.આબેદાબેન ગુલામઅબ્બાસ મસી
રૂા.૨૧/- મો.અકબરઅલી ગુલામઅબ્બાસ મસી
રૂા.૨૧/- મો.સાજેદાબેન ગુલામઅબ્બાસ મસી
રૂા.૨૧/- મો.શબ્બીરહસન ગુલામઅબ્બાસ મસી
રૂા.૫૧/- મો.ફાતમાબેન શબ્બીરઅલી મસી
રૂા.૨૧/- મો.આબિદહુસૈન શબ્બીરઅલી મસી
રૂા.૨૧/- મો.હબીબહસન શબ્બીરઅલી મસી
રૂા.૫૧/- મો.સકીનાબેન મોહંમદઅલી મસી
રૂા.૨૧/- મો.શબ્બીરઅલી મોહંમદઅલી મસી
રૂા.૨૧/- મો.હસનઅબ્બાસ મોહંમદઅલી મસી
રૂા.૫૧/- મો.મહેંદીઅલી રહીમભાઈ મલેકપુરા
રૂા.૨૧/- મો.અબ્બાસઅલી મહેંદીઅલી મલેકપુરા
રૂા.૨૧/- મો.સકીનાબેન મહેંદીઅલી મલેકપુરા
રૂા.૨૧/- મો.કુબરાફાતમા મહેંદીઅલી મલેકપુરા
રૂા.૨૧/- મો.ખતીજાબેન રહીમભાઈ મસી

રૂા.૧૦૦/- શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત (વેડા) તરફથી ડિસ્ટીકનું એક વર્ષ પૂર્ણ થયું તેની ખુશાલી પ્રસંગે.

**મો.હબીબભાઈ ગુલામભાઈ લોઢા (કનાઈ) તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/- હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦/- વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦/- જનાબ સૈયદ દિલ્હાસએહમદ જાફરી બાવા સાહેબની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મીકદાદઅલી ભગત(દમણ) તરફથી શહીદાને કરબલાની અરવાહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- બંદએ ખુદા તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.જાફરઅલી ઈબ્રાહીમભાઈ વાઘ(ઈલોલ તલાવ)તરફથી બોરમાં પાણી થયું તથા તાત્કાલિક નવીન વીજ જોડાણ મળવાની ખુશાલી પ્રસંગે.

**રૂા.૧૦૦૦/- મો.શબાનાબાનુ મંજૂરઅલી મોમિન(વસો)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.**

**રૂા.૧૦૦૦/- મો.ગુલામહુસૈન ઈબ્રાહીમભાઈ પટેલ તથા મો.નૂરીબેન ગુલામહુસૈન પટેલ(બાદરપુર-અમદાવાદ) તરફથી તેઓ હજ-ઝિયારત કરીને પરત આવ્યાં તેની ખુશાલી પ્રસંગે.**

**મર્હૂમા મો.કનીઝફાતેમા ઝાકિરહુસૈન કડીવાલા(સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**
રૂા.૫૦૦/- મો.સલમાબેન ઝાકિરહુસૈન કડીવાલા
રૂા.૧૦૧/- મો.રહેમતફાતેમા ઝાકિરહુસૈન કડીવાલા
રૂા.૧૦૧/- મો.મોહંમદહુસૈન ઝાકિરહુસૈન કડીવાલા
રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતેમા ઝાકિરહુસૈન કડીવાલા
રૂા.૨૦૦/- મો.ઝાકિરહુસૈન જમાલભાઈ કડીવાલા

**મર્હૂમ મો.શબ્બીરઅલી હબીબભાઈ દેસાઈ(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**
રૂા.૧૫૧/- મો.સુગરાબેન શબ્બીરભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલહુસૈન શબ્બીરભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.સાકેરાફાતમા શબ્બીરભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.મકબૂલફાતમા શબ્બીરભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.લાડકીબેન હબીબભાઈ દેસાઈ

રૂા.૧૦૧/- મો.ગુલામમોહંમદ હબીબભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.અમીનાબેન ગુલામમોહંમદ દેસાઈ
રૂા.૫૧/- મો.રઝાહુસૈન ગુલામમોહંમદ દેસાઈ
રૂા.૧૦૧/- મો.ગુલામહૈદર હબીબભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.કુલસુમબેન ગુલામહૈદર દેસાઈ
રૂા.૧૦૧/- મો.નજરઅલી ગુલામહૈદર દેસાઈ
રૂા.૫૧/- મો.સાકેરાબેન નજરઅલી દેસાઈ
રૂા.૨૫/- મો.કાસમઅલી નજરઅલી દેસાઈ
રૂા.૨૫/- મો.ફિઝઝાફાતમા નજરઅલી દેસાઈ
રૂા.૫૧/- મો.મંજૂરઅલી ગુલામહૈદર દેસાઈ
રૂા.૫૧/- મો.સાબેરાબેન મંજૂરઅલી દેસાઈ
રૂા.૫૧/- મો.તાહેરાબેન ગુલામહૈદર દેસાઈ
રૂા.૧૦૧/- મો.અલજીભાઈ હબીબભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.ખતીજાબેન અલજીભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.હસનઅલી અલજીભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.સાકેરાબેન હસનઅલી દેસાઈ
રૂા.૨૧/- મો.અકબરઅલી હસનઅલી દેસાઈ
રૂા.૨૧/- મો.અહેસાનઅલી હસનઅલી દેસાઈ
રૂા.૫૧/- મો.અમીનાબેન ઈસ્માઈલભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.સુલેમાનભાઈ નુરાભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.નુરીબેન સુલેમાનભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.કમાલભાઈ ગુલામભાઈ દેસાઈ
રૂા.૫૧/- મો.સકીનાબેન કમાલભાઈ દેસાઈ
રૂા.૧૦૧/- મો.અમ્મારહૈદર રસુલભાઈ તાજા
રૂા.૧૦૧/- મો.શીરીનબેન અમ્મારહૈદર તાજા
રૂા.૫૧/- મો.સુલેમાનહૈદર અમ્મારહૈદર તાજા
રૂા.૫૧/- મો.નજમાબેન સુલેમાનહૈદર તાજા
રૂા.૫૧/- મો.મંજુરઅલી અમ્મારહૈદર તાજા
રૂા.૫૧/- મો.સાબેરાબેન મંજૂરઅલી તાજા
રૂા.૨૫/- મો.હબીબાફાતેમા સુલેમાનહૈદર તાજા
રૂા.૨૫/- મો.આરેફાફાતમા સુલેમાનહૈદર તાજા
રૂા.૧૦૧/- મો.ઝયનબબેન વજીરભાઈ ઢેખાળીયા
રૂા.૧૦૧/- મો.મુસ્તાકહુસૈન રસુલભાઈ ઢેખાળીયા
રૂા.૧૦૧/- મો.અમીનાબેન મુસ્તાકભાઈ ઢેખાળીયા
રૂા.૫૧/- મો.ઈનામહુસૈન મુસ્તાકભાઈ ઢેખાળીયા
રૂા.૫૧/- મો.ઈકરામહુસૈન મુસ્તાકભાઈ ઢેખાળીયા
રૂા.૫૧/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ રાબડી
રૂા.૫૧/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.અવલીબેન ઈબ્રાહીમભાઈ ભંડારી
રૂા.૫૧/- મો.અફઝલઅલી વલીભાઈ ભગત
રૂા.૫૧/- મો.તાહેરાબેન અફઝલઅલી ભગત
રૂા.૫૧/- મો.ઈસુબભાઈ સુલેમાનભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન ઈસુબભાઈ આગલોડીયા
રૂા.૨૧/- મો.તાહેરાબેન ઈસુબભાઈ આગલોડીયા
રૂા.૨૧/- મો.કનીઝફાતમા ઈસુબભાઈ આગલોડીયા
રૂા.૨૧/- મો.સકીનાફાતમા ઈસુબભાઈ આગલોડીયા
રૂા.૨૧/- મો.સાજીદહુસૈન ઈસુબભાઈ આગલોડીયા
રૂા.૧૦૧/- મો.અબ્બાસઅલી હબીબભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી હબીબભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.અકબરઅલી હબીબભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.હબીબભાઈ નુરાભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.હુરીબેન હબીબભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન અબ્બાસભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.નજમાબેન અબ્બાસભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.ઈસ્માઈલહુસૈન અબ્બાસભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન અકબરભાઈ વઘવાડીયા
રૂા.૨૫/- મો.કુલસુમફાતમા અકબરભાઈ વઘવાડીયા
રૂા.૨૫/- મો.કાસમઅલી અબ્બાસભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન શબ્બીરભાઈ વઘવાડીયા
રૂા.૨૫/- મો.ઝાકેરાફાતમા શબ્બીરભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.ગુલામહુસૈન નુરાભાઈ વઘવાડીયા
રૂા.૫૧/- મો.ઝયનબબેન ગુલામહુસૈન વઘવાડીયા
રૂા.૫૧/- મો.નજરઅલી ગુલામહુસૈન વઘવાડીયા
રૂા.૫૧/- મો.મંજુરહુસૈન ગુલામહુસૈન વઘવાડીયા
રૂા.૫૧/- મો.સાજેદાબેન નજરઅલી વઘવાડીયા
રૂા.૫૧/- મો.તાહેરાબેન મંજુરહુસૈન વઘવાડીયા
રૂા.૧૦૧/- મો.હૈદરઅલી કમાલભાઈ ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.ફિઝઝાબેન હૈદરઅલી ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.કનીઝફાતમા હૈદરઅલી ધાન્ધારીયા
રૂા.૨૧/- મો.સકીનાબેન હૈદરઅલી ધાન્ધારીયા
રૂા.૨૧/- મો.હસનઅલી હૈદરઅલી ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.મીકદાદઅલી હબીબભાઈ મેડા
રૂા.૫૧/- મો.રાબિયાબેન મીકદાદઅલી મેડા

રૂા.૨૫/- મો.આબિદઅલી મીકદાદઅલી મેડા
રૂા.૨૫/- મો.ફતેહઅલી મીકદાદઅલી મેડા
રૂા.૫૧/- મો.નજરઅલી હબીબભાઈ મેડા
રૂા.૫૧/- મો.ફાતમાબેન નજરઅલી મેડા
રૂા.૫૧/- મો.એઅજાઝઅલી નજરઅલી મેડા
રૂા.૨૧/- મો.અઝમતફાતમા નજરઅલી મેડા
રૂા.૫૧/- મો.અબ્દુલભાઈ રસુલભાઈ પટેલ
રૂા.૫૧/- મો.આબેદાબેન અબ્દુલભાઈ પટેલ
રૂા.૫૧/- મો.હસનઅલી મીકદાદઅલી મોમિન
રૂા.૫૧/- મો.હુસૈનાબેન હસનઅબ્બાસ મોમિન

**રૂા.૧૭૮૯/- મો.મર્હૂમ રસુલભાઈ સુલેમાનભાઈ કોડાલીયા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.શરીફભાઈ વજીરભાઈ ભટ્ટા તથા તેમના પરિવાર(ઈલોલ તલાવ)તરફથી તેમના પૌત્ર હુસૈનમોહંમદ C.A.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- મરચમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.

**હસનૈન ઝૈદી**
મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.

# રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

**પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)**

# બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૬ ❖ ૧૦, ફેબ્રુઆરી-૨૦૧૨
૧૬, રબી.અવ્વલ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૬૬

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૮ |
| ❋ અહાદીસ | ૦૯ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૧ |
| ❋ ઉલુલ અમ્ર | ૧૫ |
| ❋ ગડમથલ | ૨૪ |
| ❋ મક્કા ટાવર | ૨૫ |
| ❋ મશાયખવાણી | ૩૧ |
| ❋ અલ ઈર્શાદ | ૩૫ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૯ |
| ❋ નહજુલ ઈસરાર | ૪૧ |
| ❋ નબવી અદાલત | ૪૫ |
| ❋ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો | ૪૮ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૫૧ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૩ |
| ❋ શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ | ૫૬ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૮ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૧ |


## ઊઘડતે પાને...

નબી(સ.)ના એક સાથી.

સલ્મહ બિન અક્અ એમનું નામ.

સલ્મહથી રિવાયત છે :

'અમે બધા જ્યારે રસૂલે કરીમ(સ.)ની સાથે હુદૈબિયા પહોંચ્યા તો અમે બધા મળીને ચૌદસો આદમી હતા અને ત્યાં પચાસ બકરીઓ બીજી પણ હતી કે જેમને કૂવાનું પાણી સયરાબ કરી શકતું ન હતું. એ વખતે રસૂલ(સ.) કૂવાના કાંઠા ઉપર તશરીફ લાવ્યા અને આપે કૂવામાં પોતાનું લુઆબે દહન નાખ્યું અને દુઆ કરી. કૂવામાં એટલું બધું પાણી આવી ગયું કે જેનાથી અમે સયરાબ થઈ ગયા.

ત્યાર પછી રસૂલે કરીમ(સ.)એ અમને બધાને રિઝવાન શહેરની નીચે બયઅત માટે બોલાવ્યા તો હું જ એક એવો હતો કે જેણે સૌથી પહેલાં આં હઝરત(સ.)ની બયઅત કરી. ત્યાર પછી આપ બીજાઓની બયઅત લેતા રહ્યા એટલે સુધી કે જ્યારે માણસો બયઅત કરી ચૂક્યા તો આપે ફરમાવ્યું,

'સલ્મહ ! બયઅત કરી લે.'

મેં કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! મેં તો સૌથી પહેલાં આપની બયઅત કરી હતી.'

આપે ફરમાવ્યું,

'ફરી વાર કરી લે.'

મેં ફરી વાર બયઅત કરી લીધી. અચાનક રસૂલે કરીમ(સ.)ની નજર મારા શરીર ઉપર ગઈ અને મને અધુરો જોયો તો આપે મને એક ઢાલ આપી. ત્યાર પછી લોકો આવતા રહ્યા, બયઅત કરતા રહ્યા એટલે સુધી કે બયઅત કરવાવાળાઓનો સિલસિલો સમાપ્ત થઈ ગયો.

ત્યાર પછી આપ(સ.)એ ફરમાવ્યું,

'સલ્મહ ! બયઅત કરી લે.'

મેં કહ્યું,

'અય અલ્લાહના રસૂલ ! હું તો બે વખત આપની બયઅત કરી ચૂક્યો છું.'

આપે ફરમાવ્યું,

'ત્રીજી વખત ફરીથી.'

આ સાંભળીને મેં ત્રીજી વખત ફરીથી બયઅત કરી.

પછી રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'સલ્મહ ! તારી ઢાલ ક્યાં ગઈ ?'

મેં કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! એ તો મેં મારા કાકા આમિરને આપી દીધી. તે મને મળ્યા હતા. મેં જોયું કે તેઓ હથિયાર વગરના છે તો મેં મારી ઢાલ તેમને આપી દીધી. આ સાંભળીને આપે સ્મિત કર્યું. પછી આપે ફરમાવ્યું,

'તારું ઉદાહરણ એ વ્યક્તિના જેવું છે કે જેણે દુઆ કરી કે અય ખુદા ! મને એવો દોસ્ત આપ કે જે મારા જીવ કરતાં ય વધારે હોય.'

ત્યાર પછી તો એવું થયું કે મુશરિકોએ સુલેહની પરંપરા ચાલુ કરી દીધી એટલે સુધી કે દરેક ફિરકાના માણસો એક બીજા તરફ આવવા જવા લાગ્યા અને અમારી સુલેહ થઈ ગઈ.

સલ્મહનું બયાન છે કે હું તલ્હા બિન ઓબયદુલ્લાહનો ખિદમતગુઝાર હતો. તેના ઘોડાને પાણી પીવડાવતો હતો અને તેની ખિદમત કરતો હતો અને મારું ખાવા-પીવાનું તેમની સાથે હતું. મેં મારાં અહલો અયાલ અને ઘરબાર બધું જ છોડી દીધું હતું. અલ્લાહ અને તેના રસૂલ(સ.) તરફની સંપૂર્ણ હિજરત ધારણ કરી લીધી હતી.

જ્યારે મક્કાવાળાઓ સાથે અમારી સુલેહ થઈ ગઈ અને અમે એક બીજાને મળવા લાગ્યા તો હું એક દિવસ ઝાડની પાસે આવ્યો અને તેના કાંટાઓને દૂર કરવા લાગ્યો જેથી કરીને ત્યાં આરામથી સૂઈ શકું. એટલામાં મક્કાના મુશરિકોમાંથી ચાર માણસો ત્યાં આવી ચઢ્યા અને આવતાંની સાથે જ રસૂલે કરીમ(સ.)ની શાનમાં ગુસ્તાખીઓ કરવા લાગ્યા. મને ગુસ્સો ચઢવા લાગ્યો અને હું તે ઝાડને છોડી દઈને બીજા ઝાડની નીચે ચાલ્યો ગયો. તેઓ આવ્યા અને પોતાનાં હથિયાર ઝાડ ઉપર લટકાવી દીધાં અને ઝાડના છાંયડા નીચે સૂઈ રહ્યા. તેઓ સૂઈ રહ્યા હતા તેવામાં અચાનક તે ખીણના નીચાણવાળા ભાગમાંથી અવાજો બુલંદ થયા,

'મુહાજિરો ગઝબ થઈ ગયો ! રસૂલ(સ.)ના સહાબી ઈબ્ને ઝૈમને કતલ કરી દેવામાં આવ્યા.'

આ સાંભળતાંની સાથે જ મેં મારી તલવાર બહાર કાઢી અને એ ચારેય માણસો ઉપર હુમલો

કર્યો. તેઓ સૂઈ જ રહ્યા હતા. મેં તેમનાં હથિયાર કબજામાં કરી લીધાં અને તેમના હથિયારને લકચો બનાવીને હાથમાં લઈ લીધું. ત્યાર પછી મેં કહ્યું,

'કસમ છે એ ઝાતની કે જેણે મોહંમદ(સ.)ને ઈજ્જત આપી છે કે કોઈએ પણ જો માથું ઊંચું કર્યું છે તો યાદ રાખજો કે હું તેને જીવતો નહીં છોડું અને તેનું સર ઉડાવી દઈશ. ત્યાર પછી હું તેમને ખેંચતો ખેંચતો રસૂલ(સ.)ની ખિદમતમાં લાવ્યો.'

આં હઝરત(સ.)એ જયારે તેમને જોયા તો ફરમાવ્યું,

'તેમને છોડી દો. તેમના તરફથી વચનભંગની પહેલ નથી થઈ. (બીજી વખત ફરીથી વચનભંગ થઈ જાય પછી આપણે વળતાં પગલાં ભરીશું.) છેવટે રસૂલિલ્લાહ(સ.)એ તેમને માફ કરી દીધા. તેમના ઉપર આ આયત ઉતરી :

**હોઝવલ્લઝી કફ્ફ ઐદીહિમ અન્કુમ અલા આખેરહ.**

(એ ખુદાએ તેમના હાથોને તમારાથી રોક્યા અને તેમને એમનાથી રોક્યા જયારે કે તેઓ તેમને મક્કામાં ફતેહ આપી ચૂક્યો હતો.)

ત્યાર પછી અમે મદીના તરફ રવાના થયા. રસ્તામાં એક જગ્યાએ પડાવ નાખ્યો કે જ્યાં અમારી અને કાફિરોની વચ્ચે એક પહાડ અવરોધરૂપ હતો. રસૂલે કરીમ(સ.)એ દુઆ કરી એ માણસ માટે કે જે આ પહાડ ઉપર ચઢીને આખી રાત ચોકી કરે. તેથી હું રાતમાં બે ત્રણ વખત પહાડ ઉપર ચઢ્યો અને રાત પસાર થઈ ત્યાં સુધી નિરીક્ષણ કરતો રહ્યો. ત્યાર પછી અમે મદીના પહોંચી ગયા. તો રસૂલે કરીમ(સ.)એ પોતાના ઊંટો પોતાના ગુલામ રબાહને આપ્યા જેથી તેમને ગૌચરમાં લઈ જાય. મેં પણ તલ્હાનો ઘોડો લીધો અને તેની સાથે ત્યાં પહોંચી ગયો.

જ્યારે સવાર પડી તો અબ્દુર્રહેમાને (કાફિરે) રસૂલે કરીમ(સ.)ની ઊંટડીઓ ઉપર હુમલો કર્યો. તેમને હંકારીને લઈ ગયા અને ગોવાળને કતલ કરી નાખ્યો. આ જોઈને મેં કહ્યું,

'અય રબાહ ! તું મારો આ ઘોડો લે અને તેને તલ્હાની પાસે પહોંચાડી દે. અને રસૂલે કરીમ(સ.)ને પણ આ હુમલાની ખબર આપી દે.'

આવું કહીને હું પહાડી ઉપર ચઢી ગયો અને મદીનાની તરફ મોઢું કરીને દુશ્મનો ઉપર હુમલો કરવાનું એલાન કર્યું અને ત્યાર પછી તે સરદારોની પાછળ તીરો ચલાવતો ચલાવતો અને રજઝ પઢતો પઢતો રવાના થયો. મારા રજઝની પંક્તિઓ આવી હતી :

'હું અકઅનો બેટો છું અને આજે નીચ માણસોની ખરાબીનો દિવસ છે.'

ત્યાર પછી હું કોઈ એકની નજીક થઈ જતો અને તેને જખ્મી કરી દેતો અને જયારે કોઈ તે બાજુનો સવાર મારી તરફ આગળ વધતો તો હું કોઈ નજીકના ઝાડની આડમાં જતો રહેતો અને ત્યાંથી તીર મારતો તો સવાર જખ્મી થઈ જતો એટલે સુધી કે તેઓ એક ખીણની ગુફામાં ઘૂસી ગયા. મેં પહાડ ઉપર ચઢીને પથ્થર વરસાવવાનું શરૂ કર્યું અને તેમનો સામનો કરતો રહ્યો એટલે સુધી કે રસૂલે કરીમ(સ.)નો કોઈ ઊંટ તેમની પાસે બાકી ન રહેવા દીધો અને તે બધાયની પાસેથી હથિયારો છીનવી લીધાં. તેમ છતાંય મેં તેમને ન છોડ્યા અને બરાબર તેમનો સામનો કરતો રહ્યો એટલે સુધી કે વધુમાં મેં ત્રીસ ચાદરો અને ત્રણ ભાલા કરતાંય વધારે સામાન ઝૂંટવી લીધો. તેઓ બરાબર ચાલ્યા જતા હતા અને પોતાને હલકા કરવા માટે સામાન ફેંક્યે જતા હતા. જે વસ્તુઓ તેઓ ફેંકતા જતા હતા તેના ઉપર હું પથ્થરની કોઈ નિશાની મૂકી દેતો હતો જેથી રસૂલિલ્લાહ(સ.) અને તેમના અસ્હાબો ઓળખી લે કે આ માલે

ગનીમત છે.

તે લોકો ચાલતા જ રહ્યા એટલે સુધી કે એક સાંકડી ખીણમાં દાખલ થઈ ગયા. ત્યાં તેમને બદરફઝારીનો બેટો મળ્યો. તે અને તેના સાથીદારો બેઠા બેઠા સવારનો નાસ્તો કરી રહ્યા હતા. હું એક નાનકડી ટેકરીની ટોચ ઉપર બેસી ગયો. ઈબ્ને બદરે કહ્યું,

'આ કોણ છે ?'

તેઓ બોલ્યા,

'આ માણસે અમને તંગ કરી દીધા છે. રાતથી તે અમારી પાછળ પડેલો છે. અમારી પાસેથી દરેક વસ્તુ તેણે છીનવી લીધી છે.'

ઈબ્ને બદર બોલ્યો,

'તમારામાંથી ચાર આદમી શા માટે તેની પાસે જતા નથી અને તેને મારી નાખતા નથી ?'

આ સાંભળીને ચાર માણસો મારી તરફ આગળ વધ્યા. જ્યારે તેઓ મારી એટલી નજીક પહોંચી ગયા કે મારી વાત સાંભળી શકે તો મેં કહ્યું,

'મને ઓળખો છો, હું કોણ છું ? હું સલ્મહ, અકઅનો બેટો છું. કસમ છે એ ઝાતની કે જેણે મોહંમદ(સ.)ને ઈજ્જત બક્ષી છે કે હું તમારામાંથી જેને ઈચ્છું તેને કતલ કરી દઈશ. પરંતુ તમારાથી મારા ઉપર કાબૂ નહીં મેળવી શકાય.'

તેમનામાંથી એક માણસે કહ્યું,

'સાચે જ આ માણસ ઠીક કહે છે.'

ત્યાર પછી તે લોકો પાછા જતા રહ્યા. હું ત્યાંથી ઉઠવાની ઈચ્છા કરતો હતો એટલામાં તો રસૂલિલ્લાહ(સ.)ના સવારો નજરે પડ્યા કે જેઓ ઝાડોમાં ઘૂસી રહ્યા હતા. સૌથી પહેલા અખરમ અસદી હતા. તેમની નજીક અબુ કતાદા, તેમની પાછળ મિકદાદ બિન અસ્વદ. મેં આગળ વધીને અખરમના ઘોડાની લગામ પકડી લીધી. આ જોઈને તે બધા ભાગ્યા. મેં કહ્યું,

'અખરમ ! જરા સાવધ રહેજો. એવું ન થાય કે તેઓ તમને મારી નાખે, જ્યાં સુધી રસૂલે કરીમ(સ.)ના અસ્હાબો ન આવે (આગળ ન વધતા). આ સાંભળીને અખરમે કહ્યું,

'અગર અલ્લાહ અને કયામતના દિવસ ઉપર તમારું ઈમાન છે અને તમે જાણો છો કે જન્નતનું અસ્તિત્વ પણ છે અને દોઝખનું અસ્તિત્વ પણ છે તો મારી અને શહાદતની વચ્ચે આડ ન બનો.'

આ સાંભળીને તેમને છોડી દીધા અને પછી તે અને અબ્દુર્રહેમાન એક બીજાથી ટકરાઈ ગયા. અબ્દુર્રહેમાનના ઘોડાને અખરમે જખ્મી કર્યો પરંતુ અબ્દુર્રહેમાને અખરમને કતલ કરી દીધા અને અખરમના ઘોડા ઉપર ચઢી બેઠો. એટલામાં રસૂલે ખુદા(સ.)ના શેહસવાર અબૂ કતાદા ત્યાં આવી પહોંચ્યા અને તેમણે અબ્દુર્રહેમાન ઉપર કારી ઘા લગાવ્યો અને તેને મારી નાખ્યો. પછી તે લોકો ભાગવા માંડ્યા. (કસમ છે એ ઝાતની કે જેણે મોહંમદ(સ.)ને પ્રતિષ્ઠિત બનાવ્યા) હું પણ તેનો બરાબર મુકાબલો કરતો રહ્યો એટલે સુધી કે મને મારી પાછળ ન તો કોઈ સહાબીનો પત્તો મળતો હતો કે ન તો તેમનો કોઈ આદમી નજરે પડતો હતો. તે ડાકૂઓ સૂર્ય ડૂબતાં પહેલાં એક ખીણમાં પહોંચી ગયા કે જ્યાં પાણી હતું. એ ખીણને ઝીકર્દ કહેતા હતા. તેઓ તરસ્યા થઈ રહ્યા હતા. તેથી તેઓ ઉતર્યા કે જેથી પાણી પી લે.

ત્યાર પછી તેની નજર મારા ઉપર પડી કે હું તેમની પાછળ પાછળ દોડતો આવી રહ્યો હતો. છેવટે મેં તેમને પાણી ઉપરથી હટાવી દીધા અને તેઓ એક ટીપું પાણી પી ન શક્યા. હવે તેઓ ફરીથી કોઈ ખીણની તરફ રવાના થયા. હું પણ તેમની પાછળ પાછળ ચાલ્યો. અને તેમનામાંથી એક માણસ તરફ મેં તીર ફેંક્યું અને તે તીર તેના હાથના હાડકામાં દાખલ થઈ ગયું. મેં કહ્યું,

'હું અક્અનો બેટો છું અને આજે નીચ માણસની તબાહીનો દિવસ છે.'

તેમનામાંથી એક જણે કહ્યું,

'ખુદા કરે, અક્અનો બેટો મરી જાય અને તેની માતા તેના ઉપર રડે. શું આ એ જ અક્અ છે કે જે સવારથી આપણી સાથે ઝાડનો કાંટો બનીને પાછળ પડ્યો છે ?'

મેં કહ્યું,

'હા, હું જ છું કે જે તમારી સાથે ઘોડા ઉપર આવી રહ્યો છું.'

તેમણે બે ઘોડાઓને ખીણમાં છોડી દીધા અને પોતે રવાના થઈ ગયા. હું એ બન્ને ઘોડાઓને ખેંચતો ખેંચતો રસૂલલ્લાહ(સ.)ની ખિદમતમાં લઈ જઈને હાજર થયો. ત્યાં મારી મુલાકત આમિર સાથે થઈ અને તેમની પાસે એક દૂધની અને એક પાણીની નાની મશક હતી. મેં વુઝૂ કર્યું અને દૂધ પીધું. ત્યાર પછી રસૂલે કરીમ(સ.)ની પાસે આવ્યો. આપ(સ.) તે ઝરણાની પાસે ઊભેલા હતા કે જ્યાંથી મેં ડાકૂઓને ભગાડ્યા હતા. મેં જોયું કે આપ બધા ઊંટ લઈ ચૂક્યા છે અને મુશરિકોની સઘળી વસ્તુઓ આપના કબજામાં છે. સઘળા નેઝાઓ અને સઘળી ચાદરો પણ છે અને બિલાલ(રઝી.) એ ઊંટોમાંથી એક ઊંટને ઝુબ્હ કરીને તેનું કલેજું અને ખૂંધ રસૂલે કરીમ(સ.) માટે શેકી રહ્યા હતા.

મેં કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! મને લશ્કરમાંથી એકસો આદમી ચૂંટી કાઢવાની પરવાનગી આપો. પછી હું આ ડાકૂઓનો પીછો કરીશ અને તેમનામાંથી એક પણ એના કાબિલ નહીં રહે કે જે પોતાની કોમને જઈને ખબર આપી શકે. હું બધાયને કતલ કરી દઈશ. આ સાંભળીને આં હઝરત(સ.) હસ્યા એટલે સુધી કે આં હઝરત(સ.)ની દાઢો મને નજરે પડી. આપે ફરમાવ્યું,

'સલ્મહ ! શું સાચે જ તું એવું કરી શકે છે.'

મેં કહ્યું,

'હા, યા રસૂલિલ્લાહ !'

આપે ફરમાવ્યું,

'અરે સલ્મહ ! એ લોકો તો હવે ગત્ફાનની સરઝમીન પર પહોંચી ગયા હશે અને ત્યાં તેમની મહેમાની થઈ રહી હશે.'

એટલામાં એક ગત્ફાની માણસ આવ્યો અને તેણે કહ્યું,

'તેમના માટે એક ઊંટ કાપવામાં આવ્યો અને તેઓ તેની ખાલ ઉતારી રહ્યા હતા તેવામાં તેમને ધૂળ નજરે પડી અને કહેવા લાગ્યા,

અરે, એ લોકો આવી ગયા અને આવું કહીને તે બધાય ત્યાંથી નાસી ગયા.'

જ્યારે સવાર પડ્યું તો આપે ફરમાવ્યું,

'આજે સવારોમાંથી સૌથી બેહતર અબુ કતાદા છે અને પાયદળમાં સૌથી વધીને સલ્મહ બિન અક્અ છે.'

ત્યાર પછી આં હઝરત(સ.)એ મને સવારોનો એક હિસ્સો અને પાયદળનો એક હિસ્સો આપ્યો એમ બન્ને મને આપ્યા. ત્યાર પછી રસૂલે કરીમ(સ.) મને અઝબા ઊંટ પર પોતાની સાથે બેસાડીને મદીના તરફ લઈ ચાલ્યા. અમે જઈ રહ્યા હતા તેવામાં એક અન્સારી કે જે દોડવામાં સૌથી આગળ રહેતા હતા તે કહેવા લાગ્યા,

'છે કોઈ એવો કે જે મારા પહેલાં મદીના પહોંચી જાય ?'

અને આ વાક્ય તેમણે વારંવાર દોહરાવ્યું,

મેં કહ્યું,

'તમે બુઝુર્ગનું સન્માન નથી કરતા અને શરીફ (સજ્જન)થી ડરો છો.'

તેણે કહ્યું,

'હું રસૂલે કરીમ(સ.) સિવાય કોઈ બુઝુર્ગથી

ડરતો નથી.'

આ સાંભળીને મેં કહ્યું,

'યા રસૂલુલ્લાહ ! મારાં મા-બાપ આપના ઉપર ફિદા થઈ જાય, મને છોડી દો. હું આ મરદથી દોડમાં આગળ વધીને જ રહીશ.'

હઝરત(સ.)એ ફરમાવ્યું,

'સારું, જો તમારું દિલ ચાહતું હોય તો જાઓ.'

મેં મોટા સાદે કહ્યું,

'લ્યે, હું તારી તરફ આ આવ્યો.'

અને એટલું કહીને મેં મારો પગ મરડ્યો અને કૂદી પડ્યો. પછી હું દોડ્યો અને જયારે એક કે બે ઢાળ બાકી રહી ગયા તો મેં મારો શ્વાસ રોકી લીધો અને ઝડપથી દોડ્યો એટલે સુધી કે હું તેની સાથે નજીક થઈ ગયો. મેં એક મુક્કો તેના મુંઢોલની વચ્ચે માર્યો અને કહ્યું,

'લ્યે, હું આગળ વધી ગયો ને ?'

અને હું તેની આગળ મદીના પહોંચી ગયો. ત્યાર પછી મદીનામાં અમે ત્રણ રાત રહ્યા. ત્યાર પછી ખૈબરની તરફ રસૂલે કરીમ(સ.)ની સાથે નીકળ્યા. મારા કાકા આમિર રજઝ પઢી રહ્યા હતા.

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'આ કોણ છે ?'

આમિરે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! હું આમિર છું.'

હઝરત(સ.)એ તેના માટે મગ્ફેરતની દુઆ કરી. (સલ્મહ કહે છે કે જયારે રસૂલે કરીમ(સ.) કોઈ ખાસ બાબતમાં મગ્ફેરતની દુઆ કરે તો તેનો મતલબ એ થતો હતો કે તેની શહાદત થવાની છે અર્થાત એ ચોક્કસ શહીદ થતો હતો.)

જયારે રસૂલે કરીમ(સ.) આમિર માટે ઈસ્તિગ્ફાર કરી રહ્યા હતા તો ઉમર બિન ખત્તાબે મોટા અવાજે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! આપે શા માટે અમને આમિરથી ફાયદો ઉઠાવવા ન દીધો ?'

સલ્મહ કહે છે કે જયારે અમે ખૈબર પહોંચ્યા તો ખૈબરનો સરદાર મરહબ તલવાર કાઢીને આ મુજબ રજઝ પઢતો પઢતો (શબ્દો) ઓકી રહ્યો હતો,

'આખી દુનિયા મને ઓળખે છે કે હું મરહબ છું અને એ વખતે હું સંપૂર્ણ શસ્ત્રસજ્જ બહાદુર અને માહિર હોઉં છું કે જયારે લડાઈઓ અંગારા વેરતી જાહેર થઈ રહી હોય.'

એ વખતે મારા કાકા આમિર આગળ વધ્યા અને તેમણે આ મુજબ રજઝ પઢવાનું શરૂ કર્યું,

'આખુંય ખૈબર જાણે છે કે હું આમિર છું, શસ્ત્રસજ્જ બહાદુર અને લડાઈમાં ઘૂસી જનારો છું.'

પછી તે બન્ને એક બીજા ઉપર તૂટી પડ્યા અને મરહબની તલવાર આમિરની ઢાલ ઉપર પડી. આમિરે નીચેથી વાર કરવાની ઈચ્છા કરી તો તેમની તલવાર તેમને જ વાગી ગઈ અને તેમની ધોરી નસ કપાઈ ગઈ અને તે ઈન્તેકાલ કરી ગયા.

ત્યાર પછી હું નીકળ્યો. તો મેં રસૂલે કરીમ(સ.)ના અસ્હાબોને એવું કહેતા સાંભળ્યા,

'આમિરનું કાર્ય બાતિલ થઈ ગયું. તેણે પોતે જ પોતાને મારી નાખ્યો.'

આ સાંભળીને હું રડતો રડતો રસૂલિલ્લાહ (સ.)ની ખિદમતમાં હાજર થયો.

મેં કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! શું આમિરનો અમલ બાતિલ થઈ ગયો છે ?'

આપે ફરમાવ્યું,

'કોણ એવું કહે છે ?'

મેં કહ્યું,

'આપના અસ્હાબો કહે છે.'

આપે ફરમાવ્યું,

'જેણે આવું કહ્યું હોય તે જૂઠ્ઠો છે. આમિરને

બમણો બદલો મળશે.'

ત્યાર પછી રસૂલે કરીમ(સ.)એ મને હઝરત અલી(અ.)ને બોલાવવા માટે મોકલ્યો. એ વખતે હઝરત અલી(અ.)ની આંખો સૂઝી ગયેલી હતી. રસૂલ(સ.)એ ફરમાવ્યું,

'હું અલમ એને આપીશ કે જે અલ્લાહ અને રસૂલ(સ.)ની સાથે મોહબ્બત ધરાવતો હોય અને તે અલ્લાહ અને તેના રસૂલ(સ.)નો મહેબૂબ હશે.'

હું હઝરત અલી(અ.)ની પાસે પહોંચ્યો અને તેમને લઈને રસૂલ(સ.)ની ખિદમતમાં હાજર થયો. હઝરત(સ.)એ અલવી આંખોમાં પોતાના લુઆબે દહનનો સૂરમો લગાવ્યો અને આપને અલમ આપ્યો. આપ(અ.) ચાલ્યા. મરહબ(બહાર) નીકળ્યો. તેના હોઠ હાલ્યા,

'ખૈબર જાણે છે કે હું મરહબ છું અને આ વખતે હું હથિયારબંદ છું. જ્યારે યુધ્ધની જ્વાળાઓ બહાર નીકળતી હોય છે ત્યારે હું માહિર હોઉં છું.'

આ સાંભળીને હઝરત અલી(અ.)એ ફરમાવ્યું,

'હું એ છું કે જેની માતાએ તેનું નામ હૈદર રાખ્યું છે. હું જંગલોનો ખતરનાક અને ભયંકર હિંસક શેર છું અને હંમેશાં શેરના માથે સવા શેર હોઉં છું.'

આટલું કહીને આપે હૈદરી ઝર્બ લગાવી અને મરહબને કતલ કરી નાખ્યો. ત્યાર પછી વિજય અલી(અ.)ના હાથે થયો. *

(**નહજુલ ફસાહત**, પેજ નં.૧૩૮ થી ૧૪૬ ઉપરથી ભાષાંતરિત)

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨) નો સંપર્ક કરવો.**

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી ક્વીઝ નં. ૨૧૫

**(૧) 'અબુલ અઈમ્મએ સાની' કોને કહેવામાં આવે છે ?**

(A) હઝરત આદમ(અ.)
(B) હઝરત અલી(અ.)
(C) હઝરત ઈમામ હુસૈન(અ.)

**(૨) કુરઆન શરીફનો કયો સૂરો આખોને આખો એહલેબયતની શાનમાં નાઝિલ થયો છે ?**

(A) સૂરએ અલહમ્દ (B) સૂરએ દહર
(C) સૂરએ યાસીન

**(૩) હઝરત રસૂલે ખુદા(સ.)એ પ્રગટ રીતે 'નાદે અલીય્યન...'નો પોકાર કયા જંગ વખતે કર્યો હતો ?**

(A) જંગે ખૈબર (B) જંગે ઓહદ
(C) જંગે બદ્ર

**(૪) હઝરત અલી મુર્તઝા(અ.) દ્વારા લખવામાં આવેલ સુપ્રસિધ્ધ કિતાબનું નામ શું છે ?**

(A) આસારે હૈદરી (B) સહીફએ કામેલા
(C) નહજુલ બલાગા

**(૫) કોને 'સાનીએ ઝેહરા'ના ઉપનામથી યાદ કરવામાં આવે છે ?**

(A) જનાબે ફાતેમા ઝેહરા(અ.)
(B) જનાબે ઝયનબ(અ.)
(C) જનાબે કુલસુમ(અ.)

**(૬) જનાબે સકીના બિન્તે ઈમામ હુસૈન(અ.)ની વફાત કયા દેશના કેદખાનામાં થઈ હતી ?**

(A) શામના (B) કુફાના (C) મદીનાના

**(૭) પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) લિખિત મજલિસ સંગ્રહની સૌ પ્રથમ કિતાબનું નામ શું છે ?**

(A) શમ્એ હિદાયત
(B) નુક્તએ હિદાયત
(C) ગુલશને હિદાયત

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ અને (તે સમયને યાદ કરો કે) જ્યારે અલ્લાહ (કયામતના દિવસે) ફરમાવશે કે હે મરિયમના પુત્ર ઈસા ! શું તેં લોકોને કહ્યું હતું કે અલ્લાહ ઉપરાંત મને તથા મારી માને બીજા બે ખુદા માની લો ? તે અરજ કરશે, તારી ઝાત (શિર્કથી) પાક છે, મારા માટે આ હરગીઝ લાયક ન હતું કે હું એવી વાત કરત કે જેનો મને કાંઈ જ હક ન હતો; જો મેં એવું કહ્યું હોત તો ખચીત જ તું તે જરૂર જાણત; તું મારા મનની વાત જાણે છે અને હું તારા મનની વાતથી અજાણ છું; બેશક તું સૌથી મોટો છૂપી વાતોનો જાણનાર છે. ✻ મેં તમને તે જે(વાતો)ની આજ્ઞા કરી હતી તે સિવાય કાંઈ પણ કહ્યું નથી (અને તે એ) અલ્લાહ કે જે મારો પાલનહાર અને તમારો પણ પાલનહાર છે તેની ઈબાદત કરો; અને જેટલા વખત સુધી હું તેમનામાં રહ્યો, હું તેમનો સાક્ષી રહ્યો, પછી જ્યારે તેં મારી (દુનિયામાં રહેવાની) મુદ્દત પૂરી કરી દીધી ત્યારે તું પોતે તેમની દેખરેખ રાખનાર હતો; અને તું દરેક વસ્તુની નિગેહબાની કરનાર છે. ✻ જો તું તેમને અઝાબ આપે તો નિઃસંશય તેઓ તારા બંદા છે અને જો તું તેમને માફ કરી દે તો બેશક તું જબરદસ્ત હિકમતવાળો છે.

(પારો-૭, સૂરએ માએદાહ, આયત-૧૧૬ થી ૧૧૮)

✻ (હે રસૂલ !) તું કહે કે હું તમને એમ તો નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન એમ (કહું છું) કે હું અદશ્ય(વાતો)નું જ્ઞાન ધરાવું છું, અને તમને ના આ કહું છું કે નિઃસંશય હું એક ફરિશ્તો છું, હું તો માત્ર જે મારી તરફ વહી કરવામાં આવે છે તેને જ અનુસરું છું; તું કહે કે શું આંધળો અને દેખતો સમાન હોય છે ? શું તમે એટલું ય વિચારતા નથી ?

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૫૦)**

✻ અને અમોએ તેને ઈસ્હાક તથા યાકૂબ અર્પણ કર્યા; (અને તે) દરેકને સીધો માર્ગ દેખાડ્યો, અને નૂહને પણ તે પહેલાં સન્માર્ગ દેખાડ્યો હતો અને તેની ઓલાદમાંથી દાઉદ તથા સુલયમાન તથા ઐયુબ તથા યૂસુફ તથા મૂસા અને હારૂનને પણ; અને અમે નેકી કરનારાઓને એવી જ રીતે સારો બદલો આપ્યા કરીએ છીએ : ✻ અને ઝકરીયા તથા યહ્યા તથા ઈસા તથા ઈલીયાસને (સન્માર્ગ દેખાડ્યો હતો); તેઓમાંથી દરેક સદાચારીઓ માંહેના હતા : ✻ અને ઈસ્માઈલ તથા યસ્આ તથા યૂનુસ તથા લૂતને પણ (સન્માર્ગ દેખાડ્યો હતો; અને દરેકને સર્વે જગતવાળાઓ પર શ્રેષ્ઠતા આપી હતી : ✻ અને તેમના બાપ દાદાઓ તથા તેમની ઓલાદ તથા તેમના ભાઈઓ માંહેનાઓને પણ (સન્માર્ગ દેખાડ્યો): અને અમોએ તેમને ચૂંટી કાઢ્યા અને સન્માર્ગની અમોએ તેમને હિદાયત કરી દીધી.

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૮૫-૮૮)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૫ અલ્લાહનો ડર રાખવો

**'અને જે પોતાના પરવરદિગારની સામે ઊભા રહેવાના દિવસથી ભયભીત રહ્યો તેના માટે બે બાગ છે.'**

(સૂરએ રહમાન, આયત-૪૬)

(૫૪) 'જે અલ્લાહના ખોફના કારણે ગુનાહોથી દૂર રહેશે, અલ્લાહ કયામતના દિવસે તેને રાજી કરશે.' *(ઉસૂલે કાફી, જિલ્દ-૬, બાબ અઝ તાબુલ મિહારમ-હદીસ)*

(૫૫) 'જેને વ્યભિચાર અને હરામની તક મળે અને તે અલ્લાહનો ખોફ રાખીને તે ગુનાહથી દૂર રહે તો અલ્લાહ તેના પર જહન્નમની આગને હરામ કરશે અને કયામતના દિવસના ભયથી તેને મુક્તિ આપશે અને તેને કુરાનમાં જેનો વાયદો કરેલો છે તે બદલો આપશે. (સૂરએ રહેમાન : જે પરવરદિગારના મરતબાનો ખોફ રાખશે તેના માટે બે જન્નતો છે.)'

*(અમાલી સદૂક, મજલિસ-૬૬, હદીસ-૧)*

(૫૬) 'જે અલ્લાહનો ખોફ રાખે છે તેનાથી બધી વસ્તુઓ ભયભીત રહે છે અને જે અલ્લાહનો ખોફ રાખતો નથી તે દરેક વસ્તુથી ભયભીત રહે છે.'

*(તુહાફુલ ઉકૂલ, મવાએઝઅન્નબી)*

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૫ના જવાબો**

(૧) હઝરત ઈમામ હુસૈન(અ.) (૨) સૂરએ દહર (૩) જંગે ખૈબર (૪) નહજુલ બલાગા (૫) જનાબે ઝયનબ(અ.) (૬) શામના (૭) નુક્તએ હિદાયત

(૫૭) 'જેનામાં રહેલો અલ્લાહનો ખોફ તેને લોકોના ડરથી મુક્ત કરે તે હંમેશાં સુખી રહે છે.'

*(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૫૦)*

(૫૮) 'અલ્લાહ ફરમાવે છે કે હું બંદા માટે બે ભય ભેગા કરતો નથી અને બે સુખશાંતિની પરિસ્થિતિઓ પણ ભેગી કરતો નથી. તેથી જો તે દુનિયામાં મારા અઝાબથી ડરશે નહીં તો કયામતના દિવસે તેને ભયભીત થવું પડશે પરંતુ જો બંદો દુનિયામાં મારો ખોફ રાખશે તો તેને કયામતના દિવસે સુખશાંતિમાં રાખીશ.'

*(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૭૯)*

(૫૯) 'જે સૌથી વધારે અલ્લાહની મા'રેફત ધરાવે છે તે જ સૌથી વધારે અલ્લાહનો ખોફ રાખે છે.' *(જામેઅ અલ અખ્બાર, સફા-૧૧૩)*

(૬૦) 'જ્યારે કોઈ મોમિન અલ્લાહના ખોફને કારણે રૂદન કરે છે તો અલ્લાહ તેના ગુનાહોને માફ કરે છે ભલે પછી તેના ગુનાહો આકાશના તારા અથવા વરસાદના ટીપાઓ જેટલા હોય. ત્યાર બાદ આપે આ આયત તિલાવત કરી : 'ઓછું હસો અને વધારે રડો.' જે કાંઈ લોકો કમાય છે તેનો જ બદલો મળે છે.'

*(જામેઅ અલ અખ્બાર, સફા-૧૧૩)*

(૬૧) 'અલ્લાહના ખોફને કારણે રૂદન કરનારી આંખ પર આગ હરામ કરવામાં આવી છે.'

*(જામેઅ અલ અખ્બાર, સફા-૧૧૪)*

(૬૨) 'અંધારી રાતમાં અલ્લાહના ખોફથી

આંખમાંથી ટપકતું આંસુનું ટીપું જેને અલ્લાહ સિવાય કોઈ જોતું ન હોય તે અલ્લાહને સૌથી વધારે પ્રિય છે.'

*(જામેઅ અલ અખ્બાર, સફા-૧૧૪)*

(૬૩) 'કયામતના દિવસે ત્રણ આંખો સિવાય બધી આંખો રડતી હશે :

(૧) અલ્લાહના ખોફમાં રૂદન કરનારી આંખ

(૨) હરામ ચીજો જોવાથી દૂર રહેનારી આંખ

(૩) અલ્લાહની ઈબાદતમાં જાગનારી આંખ.

*(ખિસાલ સદુક, બાબ-3, હદીસ-૪૨)*

(૬૪) 'જે વ્યક્તિ પોતાના ગુનાહો યાદ કરીને એ રીતે રૂદન કરે કે આંસુ તેની દાઢી પર વહેવા લાગે તો અલ્લાહ તેના ચહેરા પર જહન્નમની આગ હરામ કરે છે.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૪૫૨)*

(૬૫) 'કોઈ અમલ એવો નથી કે જેના માટે અમુક ચોક્કસ વજન અને હિસાબ ન હોય સિવાય કે આંસુઓ કારણ કે આંસુઓનું એક ટીપું આગના દરિયાઓને ઓલવી નાખે છે.'

*(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૮૭)*

(૬૬) 'જે બંદો તેનાથી થયેલા કોઈ ગુનાહના ડરને કારણે રૂદન કરશે તો તેનો તે ગુનોહ માફ કરવામાં આવશે. જે જહન્નમના ખોફથી રૂદન કરશે તેને સલામતી મળશે અને જે જન્નત પામવાની ઉત્સુકતાને કારણે રૂદન કરશે તેને જન્નતમાં જગ્યા આપવામાં આવશે અને કયામતના દિવસથી ભયંકરતાથી તેને મુક્તિ આપવામાં આવશે.'

*(ઈર્શાદ અલ કુલૂબ, દયલમી સફા-૧૫૫)*

(૬૭) 'અલ્લાહનો ખોફ સૌથી ઉચ્ચ શાણપણ છે.'

*(અઅની ઉશ્રી, સફા-૭)*

(૬૮) 'તમે જયાં પણ હો અલ્લાહથી ડરીને ચાલો.'

*(ઈસ્નાઅશરી, અઅની ઉશ્રી, સફા-૧૪)*

(૬૯) 'અલ્લાહના ખોફને કારણે જો કોઈના શરીરનાં રૂંવાડાં ઊભા થઈ જાય તો તેના ગુના એવી રીતે ખરી પડે છે કે જેવી રીતે સૂકા ઝાડ પરથી પાંદડાં ખરી પડે છે.'

*(મજમૂઆ વરામ, જિલ્દ-૨, સફા-૩૨)*

(૭૦) 'અલ્લાહનો ખોફ અને અલ્લાહથી શરમીંદગી સિવાય દાઉદ(અ.)ને કોઈ માંદગી લાગુ પડેલી ન હતી તેમ છતાં લોકો તેમને બીમાર સમજીને ખબર અંતર પૂછવા આવતા હતા.'

*(રૌઝતુલ વાએઝીન, સફા-૪૫૨)*

(૭૧) 'અય અલી ! તમે અલ્લાહના ખોફને કારણે રૂદન કરો. અલ્લાહના ખોફને કારણે આંખમાંથી ટપકતા દરેક આંસુના બદલે અલ્લાહ તમારા માટે જન્નતમાં એક ઘર બનાવશે.' *(રૌઝા કાફી)*

(૭૨) 'અલ્લાહનો ખોફ રાખો અને લોકોમાં એ જાહેર ન કરો કે તમે ખુદાથી ડરો છો જેથી લોકો તમારું સન્માન કરે જયારે કે તમારું બાતિન દુરાચારથી ભરેલું હોય.'

*(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૮૧)*

(૭૩) 'જેની આંખો અલ્લાહના ડરને કારણે ભીની થઈ જાય તેની આંખથી ટપકનારા દરેક ટીપાના બદલે તેના માટે જન્નતમાં હીરા મોતીઓનો એક મહેલ હશે કે જેમાં એવી વસ્તુ હશે કે જે ન તો આંખોએ જોઈ હશે કે ન તો કાનોએ સાંભળી હશે કે ન તો મનમાં કલ્પેલી હોય.

*(અમાલી સદુક, મજલિસ-૬૬, હદીસ-૧)*

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### માતાઓને સમજદારીભરી શિખામણ

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણોમાંથી એક એ હતો કે આપે માતાઓને કહ્યું હતું કે પોતાના દૂધપીતા બાળકોને પોતાની ડાબી બાજુએ સૂવાડે. સદીઓથી આ શિખામણને નિરર્થક સમજવામાં આવતી હતી જેનું કારણ એ હતું કે કોઈએ આ શિખામણ ઉપર પૂરતું ધ્યાન આપ્યું ન હતું અને કેટલાક લોકોએ તો આ શિખામણ ઉપર અમલ કરવાનું ખતરનાક સમજી લીધું હતું. તે લોકો એવું વિચારતા હતા કે જો દૂધપીતા બાળકને માતાની ડાબી બાજુ સૂવાડી દેવામાં આવે તો શક્ય છે કે માતા સૂતાં સૂતાં પડખું ફેરવે અને બાળકને પોતાની નીચે કચડી નાખે.

મોહંમદ બિન ઈદરીસ શાફઈ કે જે હિજરી સન-૧૫૦માં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની વિલાદતના બે વર્ષ પછી ગિઝામાં પેદા થયા હતા અને હિજરી સન-૧૯૯માં કાહેરામાં વફાત પામ્યા હતા, તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે માતાએ પોતાના બાળકને ડાબી બાજુ સૂવાડવું જોઈએ કે જમણી બાજુ? તો તેમણે જવાબ આપ્યો કે જમણા અને ડાબામાં કોઈ ફેર નથી. માતા પોતાના બાળકને જ્યાં સહેલું લાગે ત્યાં સૂવાડે.

લોકોએ ઈમામ જાફર સાદિક(અ)ના ફરમાનને સામાન્ય બુધ્ધિથી વિરોધી માની લીધું હતું કારણ કે તેઓ એવું સમજતા હતા કે જમણી બાજુ, ડાબી બાજુ કરતાં વધારે સન્માનનીય છે. તેઓ એવું માનતા હતા કે માતાએ પોતાના બાળકને જમણી બાજુએ સૂવાડવું જોઈએ કે જેથી બાળક તેની જમણી બાજુથી ફાયદો ઉઠાવે.

ઈમામ જાફર સાદિક(અ.)ની આ સલાહને ન તો પૂર્વમાં કોઈ મહત્વ આપવામાં આવ્યું કે ન તો પશ્ચિમમાં કોઈ તેના મૂલ્યને સમજ્યું. એટલે સુધી કે વૈજ્ઞાનિક સંક્રાંતિના જમાનામાં જ્યારે કે વિજ્ઞાનિકો વૈજ્ઞાનિક વિષયો ઉપર સારી રીતે ધ્યાન આપી રહ્યા હતા ત્યારે પણ કોઈએ ઈમામ જાફર સાદિક(અ.)ના આ કોલને જોઈએ તેટલું મહત્વ આપ્યું નહીં અને ન તો એ સમજવાની કોશિશ કરી કે આપનું આ ફરમાન વૈજ્ઞાનિક દૃષ્ટિએ ફાયદાકારક છે કે નહીં.

ઈસવી સનની સોળમી, સત્તરમી અને અઢારમી સદીના જમાનાઓ કે જે વૈજ્ઞાનિક સંક્રાંતિના જમાના કહેવાય છે, તે પણ વીતી ચૂક્યા હતા અને ઈસવી સનની ૧૯મી સદી આવી ચૂકી હતી અને આ સદીના બીજા દાયકામાં અમેરિકાની કૉર્નેલ યુનિવર્સિટી (Cornell University)* ની સ્થાપના થઈ ચૂકી હતી અને તે કાર્યરત થઈ ચૂકી હતી. ઈઝરા કૉર્નેલ (Ezra Cornell) કે જે કૉર્નેલ યુનિવર્સિટીનો સ્થાપક હતો અને જેણે બાળપણમાં

* કૉર્નેલ યુનિવર્સિટીની સ્થાપના ઈઝરા કૉર્નેલે કરી હતી. આ માણસે પોતાની બધી કમાણી આ યુનિવર્સિટી બનાવવા પાછળ ખર્ચી નાખી હતી. જે સમયે તેનું મૃત્યુ થયું તે વખતે તે બિલકુલ કંગાળ થઈ ચૂક્યો હતો. આ યુનિવર્સિટી કે જે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં આવેલી છે તેણે ઈ.સ.૧૮૬૫માં શિક્ષણનું કાર્ય શરૂ કર્યું હતું.

ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો હતો તેણે નિર્ણય કર્યો કે આ યુનિવર્સિટીમાં દૂધપીતા અને નવજાત શિશુઓ ઉપર સંશોધન કરવા માટે એક સંસ્થાની સ્થાપના કરવામાં આવે અને આ સંસ્થાએ પહેલા જ વર્ષે શિક્ષણ આપવાનું શરૂ કરી દીધું અને તેને મેડિકલ કોલેજની સાથે સંલગ્ન કરી દેવામાં આવી.

અત્યારે એક સદી કરતાં ય વધારે સમય વીતી ચૂક્યો છે અને આ યુનિવર્સિટીમાં નવજાત શિશુઓ અને દૂધપીતાં બાળકો ઉપર સંશોધન કાર્ય ચાલુ છે. નવજાત શિશુઓ અને દૂધપીતાં બાળકો વિશે કોઈ એવો વિષય હોય કે જેના ઉપર આ સંસ્થામાં સંશોધન ન થયું હોય એ બાબત અશક્ય છે. દુનિયામાં કોઈ એવું વૈજ્ઞાનિક કેન્દ્ર નથી કે જેની અંદર નવજાત શિશુ અને દૂધપીતાં બાળકો વિષે આ કેન્દ્રના જેટલી માહિતીનો સંગ્રહ કરેલો હોય એટલે સુધી કે નવજાત શિશુ અને દૂધપીતાં બાળકોની જાહેર ખબર અને સાઈન બોર્ડ ઉપર પણ આ સંસ્થામાં સંશોધન થાય છે.

આ (વીસમી) સદીના પહેલા દાયકામાં આ સંસ્થાના સંશોધકોએ દુનિયાના મ્યુઝિયમોમાં જોવા મળતાં નવજાત શિશુઓ વિશેનાં સાઈન બોર્ડ ઉપર નજર નાખી તો એમને ખબર પડી કે ૪૬૬ સાઈન બોર્ડમાં બહુમતી એવા બાળકોની છે કે જેમાં માતાઓએ તેમને ડાબી બાજુએ ખોળામાં લીધાં છે. તેમાંથી ૩૭૩ સાઈન બોર્ડ ઉપર માતાઓએ બાળકોને ડાબી બાજુએ રાખ્યાં છે. ફક્ત ૯૩ સાઈન બોર્ડ એવાં છે કે જેમાં માતાઓએ બાળકોને જમણી બાજુએ રાખ્યાં છે.

આ ગણતરી પ્રમાણે મ્યુઝિયમોમાંનાં ૮૦% સાઈનબોર્ડ એવાં હતાં કે જેમાં માતાઓએ બાળકોને ડાબી બાજુએ રાખ્યાં હતાં.

ન્યૂયોર્ક શહેરમાં કૉર્નેલ યુનિવર્સિટીથી સંલગ્ન કેટલાંક પ્રસૂતિગૃહો એવાં છે કે જે સંશોધન કેન્દ્ર સાથે જોડાયેલાં છે અને ત્યાં કાર્ય કરતા ડૉક્ટરો પોતાની તપાસ અને સંશોધનોના રિપોર્ટસ્ ઉપરોક્ત કેન્દ્રને મોકલતા રહે છે. આ ડૉક્ટરો તરફથી લાંબા સમય સુધી મોકલવામાં આવેલા રિપોર્ટસ્ પ્રમાણે જ્યારે જન્મ પછી શરૂઆતના દિવસોમાં નવજાત શિશુ માતાની ડાબી બાજુએ સૂએ છે તો તેને જમણી બાજુએ સૂઈ રહેવા કરતાં વધારે આરામ મળે છે અને જો તેને જમણી બાજુએ સૂવાડવામાં આવે તો વહેલું જાગી જાય છે અને રડવા માંડે છે.

ઉપરોક્ત સંશોધન કેન્દ્રના સંશોધકોએ પોતાના સંશોધનનું ક્ષેત્ર ફક્ત ગોરી ચામડીના અમેરિકનો સુધી સીમિત નથી રાખ્યું પરંતુ તેમણે કાળી ચામડીના લોકો અને રેડ ઈન્ડિયન બાળકો ઉપર પણ સંશોધન કર્યું છે અને લાંબા સંશોધન પછી એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યા છે કે આ વિષયનો સંબંધ ચામડીના રંગ અને નસલ સાથે નથી. દુનિયાની બધી કોમોનાં બાળકોમાં આ ખાસિયત જોવા મળે છે.

કૉર્નેલ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રે આ વિષય ઉપર સતત સંશોધન કર્યું હતું અને આ કેન્દ્રના ડૉક્ટરોએ કિરણો વડે સગર્ભા સ્ત્રીઓના ભ્રૂણની ચકાસણી કરીને જોયું પરંતુ તેમની જાણકારીમાં કોઈ વધારો થયો નહીં એટલે સુધી કે હોલોગ્રાફીનો આવિષ્કાર થઈ ગયો. હોલોગ્રાફી (Holography)ના આવિષ્કાર પછી આ સંશોધન કેન્દ્રના ડૉક્ટરોએ હોલોગ્રાફી વડે માતાના પેટમાં ભ્રૂણનો ફોટો પાડ્યો. તેમણે જોયું કે માતાના દિલના ધબકારાના અવાજના તરંગો આખા શરીરમાં ફેલાય છે અને ભ્રૂણના કાનો સુધી પહોંચે છે. આ તબક્કા પછી ડૉક્ટરોએ એવી જાણકારી પ્રાપ્ત કરી કે શું માતાના દિલના ધબકારા વચ્ચેનો વકફો (વિરામ) પણ ભ્રૂણની અંદર કોઈ પ્રતિક્રિયા પેદા કરે છે કે નથી કરતો ?

સંશોધન કરતી વખતે ડૉક્ટરો માટે માતાના દિલના ધબકારાઓને કૃત્રિમ રીતે બંધ કરી દેવાનું

અશક્ય હતું માટે તેમણે તેમના સંશોધનને દૂધાળા જાનવર ઉપર ચાલું રાખ્યું. તેમણે જેવા માતાના દિલના ધબકારા બંધ કર્યા કે તરત જ તેમણે જોયું કે ભ્રૂણમાં તેની પ્રતિક્રિયા જાહેર થઈ છે. જ્યારે તેમણે આ પ્રયોગ વારંવાર કરી જોયો તો તેમને સંતોષ થઈ ગયો કે દૂધાળાં જાનવરોના દિલના ધબકારા રોકી દેવાથી તેમના ભ્રૂણમાં પ્રતિક્રિયા પેદા થાય છે અને માતાના મોત પછી ભ્રૂણ પણ મરી જાય છે કારણ કે માતાના દિલમાંથી નીકળતી ધોરી નસ બાળકને લોહી પહોંચાડે છે જેના વડે તેને ખોરાક મળે છે અને જો દિલ બંધ થઈ જશે તો ભ્રૂણને ખોરાક નહીં મળે અને તે પણ મૃત્યુ પામશે.

કોર્નેલ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ વિવિધ પ્રયોગો વડે એવી જાણકારી પ્રાપ્ત કરી કે બાળક માતાના પેટમાં તેના દિલના ધબકારા સાંભળવાથી ટેવાઈ જાય છે એટલું જ નહીં પરંતુ માતાના ધબકારાનું તેના જીવનમાં ઘણું મહત્વ છે. જો આ ધબકારા બંધ થઈ જાય તો ભ્રૂણ ખોરાક વગર માતાના પેટમાં મૃત્યુ પામે. માતાના દિલના ધબકારા સાંભળવાની જે ટેવ બાળકમાં જન્મ પહેલાં પડી ચૂકેલી હોય છે તે તેની અંદર એટલી બધી સમાઈ જાય છે કે બાળક જન્મ પછી પણ જો ધબકારા ન સાંભળે તો બેચેન થઈ જાય છે.

બાળક તેની માતાના ધબકારાને સારી રીતે ઓળખે છે. જ્યારે બાળકને માતાની ડાબી બાજુ સૂવાડવામાં આવે છે તો બાળક તેના ધબકારાને સાંભળીને શાંત થઈ જાય છે. પરંતુ તેને જમણી બાજુ ધબકારા સંભળાતા નથી એટલે તે બેચેન થઈ જાય છે. જો કૉર્નેલ યુનિવર્સિટીના સ્થાપકે નવજાત શિશુ અને દૂધપીતા બાળકો ઉપર સંશોધનનું આ કેન્દ્ર સ્થાપિત ન કર્યું હોત તો આ વિષય ઉપર સંશોધન થઈ શકત નહીં અને આ વાત જાણી પણ શકાત નહીં કે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ શા માટે આવું ફરમાવ્યું છે કે માતાઓ પોતાના દૂધપીતા બાળકોને ડાબી બાજુ સૂવડાવે અને આ ફરમાનની અંદર કઈ મસ્લેહત અને ફાયદાઓ સમાયેલા છે.

આજે કૉર્નેલ યુનિવર્સિટી સાથે સંબંધિત, દૂધપીતા બાળકોનાં બધાં ઉછેર કેન્દ્રોમાં જે જે કમરામાં નવજાત શિશુઓને સૂવાડવામાં આવે છે ત્યાં એક મશીન રાખવામાં આવે છે કે જેમાંથી માતાના દિલના ધબકારા જેવો અવાજ નીકળે છે. આ અવાજ એક રિસિવર વડે દરેક બાળકના કાન સુધી પહોંચાડવામાં આવે છે. યુવાન માણસનું દિલ, પુરૂષ હોય કે સ્ત્રી, સામાન્ય રીતે એક મિનિટમાં ૭૨ વખત ધબકે છે. કૉર્નેલ યુનિવર્સિટી સાથે સંકળાયેલા સંશોધન કેન્દ્ર હેઠળ ચાલતા દૂધપીતા બાળકોના ઉછેર કેન્દ્રોમાં એવું જોવા મળ્યું છે કે જો માતાના દિલના કૃત્રિમ ધબકારા ૧૧૦ થી ૧૨૦ સુધી થઈ જાય તો તે કમરામાં સૂતેલાં બધાં બાળકો રડવા લાગે છે એટલે વિજ્ઞાનિકોએ આવો નિષ્કર્ષ કાઢ્યો છે કે માતાના દિલના કૃત્રિમ ધબકારા એક મિનિટમાં ૭૨ હોવા જોઈએ કે જેથી બાળકો બેચેન થઈને રડવા ન લાગે.

ઉપરોક્ત કેન્દ્રોમાં આ પ્રયોગોને ઘણી વખત દોહરાવવામાં આવ્યા છે. કેટલાક નવજાત શિશુઓને એવા કમરામાં રાખવામાં આવ્યાં કે જ્યાં માતાના દિલના કૃત્રિમ ધબકારા તેમના કાન સુધી પહોંચતા ન હતા અને કેટલાક નવજાત શિશુઓને એક અન્ય કમરામાં રાખવામાં આવ્યા કે જ્યાં તેઓ માતાના દિલના કૃત્રિમ ધબકારાને સાંભળી શકતા હતા. આ દરમિયાન એવું જાણવા મળ્યું કે એ નવજાત શિશુઓ કે જે કૃત્રિમ ધબકારાને સાંભળી શકતાં હતાં, જો કે તેમનો ખોરાક અન્ય કમરામાં રહેલા બાળકો જેટલો જ હતો, પરંતુ જ્યાં ધબકારા સંભળાતા હતા ત્યાંનાં બાળકો વધારે ભૂખની લાગણી વ્યક્ત કરીને ખોરાક લેતાં હતાં જ્યારે કે બીજા કમરાવાળાં બાળકોમાં ભૂખની લાગણી ઓછી દેખાતી હતી.

કૉર્નેલ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્ર સાથે

સંકળાયેલા દૂધપીતા બાળકોના ઉછેર કેન્દ્રોમાં માતાના કૃત્રિમ ધબકારાની તીવ્રતાના આધારે પણ સંશોધન કરવામાં આવ્યું છે અને તેનાં તારણો એવાં નીકળ્યાં છે કે જો આ ધબકારા માતાના દિલના કુદરતી ધબકારા કરતાં વધારે તીવ્ર હોય તો બાળકો બેચેન થઈને રડવા લાગે છે.

કૉર્નેલ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રના એક ડૉક્ટરે દુનિયાના જુદા જુદા ખંડોની મુસાફરી કરીને વિવિધ દેશોમાં માતાઓ પોતાના બાળકોને ખોળામાં લેતી વખતે કઈ બાજુએ રાખે છે એ વાત જાણવાની કોશિશ કરી છે. આ ડૉક્ટર કે જેનું નામ ડૉ. લી સોલ્ક (Dr. Lee Salk) છે અને જે હજુ સુધી કૉર્નેલ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્ર સાથે જોડાયેલા છે, તેમના કહેવા પ્રમાણે બધા ખંડોમાં માતાઓ સામાન્યતઃ પોતાના બાળકોને ડાબી બાજુએ ઉઠાવે છે અને જે માતાઓ પોતાના બાળકોને જમણી બાજુએ ઉઠાવે છે તેમાંથી વધારે પડતા ડાબોડી નીકળે છે. ખાસ કરીને કે જ્યારે તેઓ ટોપલી ઉઠાવે છે ત્યારે પોતાના બાળકોને જમણી બાજુ ઉઠાવે છે કે જેથી તેઓ ડાબા હાથે ટોપલીને ઉપાડી શકે.

ડૉ. લી સોલ્કે સંશોધન કેન્દ્રથી સંકળાયેલા ઉછેર કેન્દ્રોમાં બાળકોના જન્મ પછી જે માતાઓ રજા લઈને જાય છે અને તેમના નવજાત શિશુઓને ડાબી બાજુએ ખોળામાં લે છે તેમને સવાલ કર્યો કે શું તમને ખબર છે કે તમે તમારા બાળકોને ડાબી બાજુએ શા માટે રાખો છો ? હજુ સુધી કોઈ પણ માતાએ ડૉ. લી સોલ્કને આ જવાબ આપ્યો નથી કે ડાબી બાજુએ દિલ હોય છે અને બાળકો માટે દિલના ધબકારાને સાંભળવા ફાયદાકારક છે એટલા માટે અમે બાળકને ડાબી બાજુએ રાખીએ છીએ. માતાઓને આ જાણકારી નથી તેમ છતાંય તે બાળકોને ડાબી બાજુએ જ રાખે છે એટલે સુધી કે આફ્રિકાના કાળી ચામડીના લોકોના કબીલાની સ્ત્રીઓ જ્યારે બાળકોને પીઠ ઉપર ઉઠાવતી ન હોય ત્યારે તો તેમને ડાબી બાજુએ ખોળામાં લે છે અને આફ્રિકાના બધા કબીલાની સ્ત્રીઓને આ વાતની જાણકારી છે કે બાળકને ડાબી બાજુ ખોળામાં લેવાથી તેની ભૂખમાં વધારો થાય છે અને તે દૂધ વધારે પીએ છે અને જમણી બાજુ ખોળામાં રાખવાથી આનાથી વિપરીત અસર પડે છે.

ડૉ. લી સોલ્કે માતાઓ પાસેથી સાંભળ્યું છે કે રાત્રે જ્યારે બાળકને ભૂખ લાગે છે ત્યારે તે આશ્ચર્ય પમાડે તેવી ઝડપથી અંધારામાં માતાના સ્તનને શોધીને તેના ઉપર પોતાનું મોઢું રાખીને દૂધ પીવાનું શરૂ કરી દે છે. માતાઓને આશ્ચર્ય થાય છે કે બાળક અંધારામાં કેવી રીતે તેની માતાના સ્તનને શોધી શકે છે. ડૉ. લી સોલ્કે માતાઓને જવાબ આપ્યો કે રાતના અંધારામાં તેમના સ્તન સુધી પહોંચવામાં માતાના ધબકારા બાળકને મદદરૂપ થાય છે અને જ્યારે બાળક માતાના દિલના ધબકારાનો અવાજ સાંભળે છે તો તરત જ સ્તનને શોધીને દૂધ પીવાનું શરૂ કરી દે છે. *


**માસૂમઅલી મોમિન** ૯૯૯૮૫૩૩૪૪૦
**અહેસાનઅલી મોમિન** ૯૫૧૦૨૪૦૯૮૯
**રજાતઅલી મોમિન** ૯૭૨૪૯૩૪૧૦૧

**ઓટો માર્ટ પાર્ટસ્**

**AUTO MART PARTS**

અમારે ત્યાં મારૂતિ (Maruti), હ્યુન્ડાઈ (Hyundai), ટોયોટો (Toyota), ટાટા (Tata), સેવરોલેટ (Chevrolet) તથા અન્ય કંપનીની ગાડીઓના પાર્ટસ્ જેન્યુન સ્પેર પાર્ટસ્ વ્યાજબી ભાવે મળશે તથા એન્જીન ઓઈલ દરેક પ્રકારનું વ્યાજબી ભાવે મળશે.

**ઓટો માર્ટ પાર્ટસ**
૩, સાવન હોટલ, પ્રથમ માળ, સાબર હોટલની સામે, સાણંદ સર્કલ, સરખેજ, અમદાવાદ.

# ઉલુલ અમ્ર

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમની સફળતામાં તેમના કૉચને ખૂબ જ ક્રેડિટ આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લગભગ એકસો સદીઓ ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર સચિન તેંડુલકરે, પોતાની* ***તાજેતરની બેટિંગની સફળતાનો યશ આ કૉચને*** *આપ્યો હતો. વળી આ બાબત બતાવે છે કે પોતાની બેટિંગની કામગીરી સુધારવામાં* ***તેને પણ માર્ગદર્શન આપવા માટે કોઈકની જરૂર હતી.***

*કારોબારની દુનિયામાં,* ***ઘણાં વર્ષો ટોચના સ્થાને વિતાવ્યા પછી મોટા ભાગના સફળ મેનેજર્સ*** *રિટાયર્ડ થયા પછી બિઝનેસ કૉચ બનવા માગતા હોય છે. તેમનો અનુભવ અને માર્ગદર્શન નાના અને* ***ઊંચાઈએ જવા માગતા ધંધાઓને સાચી દિશા તરફ વાળે છે અને કામયાબીના માર્ગે આગળ ધપાવવામાં તેમના પ્રયત્નો મદદરૂપ થતા હોય છે.***

*શાળામાં હાજરી આપવા સિવાય પણ એક* ***તેજસ્વી વિદ્યાર્થીને તેની બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરવા માટે કોઈ ટ્યૂટર (ખાનગી શિક્ષક)ની જરૂર પડતી હોય છે. ટ્યૂટરે આપેલ કુશળતા ભરેલી ટિપ્સ*** *એવી ખાત્રી આપે છે કે* ***તે પરીક્ષાઓમાં ઝળકે છે અને અનોખા રંગ સાથે બહાર આવે છે.***

→ *આ રીતે આપણા પ્રયત્નો અર્થસભર બનાવવાના હેતુથી જીવનના વિવિધ ક્ષેત્રોમાં આપણને માર્ગદર્શનની અને કોઈ એક્સપર્ટ કૉચની ભરોસાપાત્ર સલાહની જરૂર પડે છે. આ બધા* ***કૉચીઝ અમુક ખાસ ક્ષેત્રના જ હોય છે*** *કે જ્યાં આપણને નિષ્ણાત માણસની સલાહ મેળવવાની જરૂર પડે છે અને* ***તેમણે ભૂતકાળમાં કરેલો સફળ અનુભવ તેમની સમર્થતાની સાબિતી હોય છે.*** *ચાલો આપણે આ લેખ દ્વારા આ બાબત શોધી કાઢવા માટે મથન કરીએ.* ***આપણા જીવનમાં સાચા અને પસંદ થયેલા માર્ગદર્શકો*** *કોણ છે કે જેઓ આપણા પ્રયત્નોને* ***સિરાતે મુસ્તકીમ સુધી પહોંચવામાં અને અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવામાં અર્થસભર બનાવે.***

જેમકે અલ્લાહ (સુબ્હાનહુ વ તઆલા) નીચેની આયતમાં ફરમાવે છે :

- 'અને જે માણસ **ખુદાની યાદથી આંધળો બની જાય છે**, અમે (પોતે જ) **તેના માટે શયતાન નક્કી કરી દઈએ છીએ.'**

(સૂરએ ઝખરૂફ, આયત-૩૨)

આપણી જાતને શયતાનથી બચાવવા માટે અલ્લાહને યાદ કરવાનું આપણા માટે વાજિબ થઈ જાય છે. જો આપણે અલ્લાહને ભૂલી જઈએ તો અલ્લાહ પોતે જ એક શેતાનની નિમણૂક કરી દેવાનો અને આપણે ગુમરાહ થઈ જવાના.

ફરીથી અલ્લાહ(સુ.વ.ત.) નીચેની આયતમાં ફરમાવે છે :

- 'જાણી લો કે આ લોકો ચોક્કસપણે જૂઠ્ઠા છે. શેતાને તેમના ઉપર કબજો જમાવી દીધો છે અને ખુદાની યાદને તેમનાથી ભૂલાવી દીધી છે. **આ લોકો શયતાનના ટોળાના છે, સાંભળી લો કે શેતાનનું ટોળુ નુકસાન ઉઠાવવાવાળુ છે.'**

(સૂરએ મુજાદીલા, આયત-૧૯)

તેથી જ તો જો આપણે શેતાન દ્વારા લલચાઈ ગયા અને અલ્લાહને ભૂલી બેઠા તો **આપણે શેતાનના નુકસાન ઉઠાવનાર ટોળાવાળા બની જઈશું.** **<u>તો પછી આપણે અલ્લાહ (સુ.વ.ત.)ને રાજી કરવો કેવી રીતે ?</u>** અને શયતાન દ્વારા લલચાઈ જવાથી કેવી રીતે દૂર રહેવું? તો ચાલો આપણે નીચેની આયત જોઈએ અને તેના ઉપર મનન કરીએ :

- 'અને ન કોઈ ઈમાનદાર પુરૂષ માટે એ યોગ્ય છે કે ન તો કોઈ ઈમાનદાર સ્ત્રી માટે, જ્યારે **ખુદા અને તેના રસૂલ(સ.અ.વ.) કોઈ કામ કરવાનો હુકમ કરે** તો તેને પોતાના **તે કાર્ય (કરવાનો કે ન કરવા)નો ઈખ્તિયાર હોય** અને (યાદ રાખો કે) **જે માણસે ખુદા અને તેના રસૂલ(સ.)ની નાફરમાની કરી, તે ચોક્કસપણે ઊઘાડી ગુમરાહીમાં ફસાઈ ચૂક્યો.'** (સૂરએ અહ્‌ઝાબ, આયત-૩૬)

**અલ્લાહ(સુ.વ.ત.)એ આપણને જે કંઈ હિદાયત કરી છે અને જેનો હુકમ આપણને આપ્યો છે તથા રસૂલે પાક(સ.)એ જે કંઈ હુકમ આપ્યો છે તેની પયરવી અને તેનું સન્માન કરવાનું છે.** જો તેમાં નિષ્ફળ ગયા તો આપણે શયતાન દ્વારા લલચાઈ જવાના અને ગુમરાહ થઈ જવાના.

એ જ કારણે તો અલ્લાહ(સુ.વ.ત.) વધુમાં ફરમાવે છે :

- 'અય રસૂલ(સ.) ! કહી દો કે **<u>ખુદા અને રસૂલ(સ.)ની ફરમાબરદારી કરો</u>** પછી તે લોકો જો **તેનાથી ફરી જાય તો (સમજી લો કે)** ખુદા કાફિરોને **કદાપિ દોસ્ત નથી રાખતો.'** (સૂરએ આલે ઈમરાન, આયત-૩૨)

**આથી મોમિન બનવા માટે અને અલ્લાહ આપણને ચાહે એ માટે** માત્ર અલ્લાહની ફરમાબરદારી કરવી વાજિબ નથી પરંતુ આપણા માટે તો **રસૂલે પાક(સ.)એ આપણને જે કંઈ આજ્ઞા ફરમાવી છે તેનું પાલન કરવાની પણ એટલી જ જરૂર છે.**

હવે નીચેની આયત શું કહે છે તે જોઈએ :

- 'અય ઈમાનદારો ! ખુદાની ઈતાઅત કરો અને રસૂલ(સ.)ની પણ **અને જે તમારામાંથી ઉલુલ અમ્ર (હુકમના કરનારા) હોય** તેમની (પણ) ઈતાઅત કરો.' (સૂરએ નિસા, આયત-૫૯)

→ ઉપરની આયત ઉપરથી વળી પાછું એવું લાગે છે કે **<u>બીજો એક સત્તાધારી</u>** પણ આપણામાં છે કે જેની **પયરવી કરવી અને હુકમ માનવો જરૂરી છે એવી જ રીતે કે જેવી રીતે આપણે અલ્લાહ(સુ.વ.ત.) અને રસૂલે પાક(સ.)નું આજ્ઞાપાલન કરીએ છીએ.** જો આપણે આ આયત ઉપર વિચાર કરીએ તો આપણે જોઈશું કે **<u>ઉલુલ અમ્રની આજ્ઞાઓનું પાલન કરવું બિનશરતી છે;</u>** તેથી આપણે તેમનો હુકમ માનવાની, ગમે તે પરિસ્થિતિમાં હિદાયતપ્રાપ્ત રહેવાની અને ગુમરાહીથી બચવાની જરૂર છે. તેથી કોણ છે તે બધા ?

અલ્લાહ(સુ.વ.ત.) **મહાનતમ** છે, રસૂલે પાક(સ.) **તેના મહાનતમ પયગમ્બર** છે કે જેના માટે અલ્લાહ(સુ.વ.ત.) પોતે જ ગવાહ છે, આથી **બે મહાન સત્તાધારીઓની આજ્ઞા માનવી પડશે અને તેમની પયરવી કરવી પડશે.** તાર્કિક રીતે તો એવું લાગે છે કે ઉલુલ અમ્ર, ત્રીજા સત્તાધારીઓમાં નીચે મુજબની ખાસિયતો હોવી જોઈએ :

- ઉલુલ અમ્રની **નિમણૂક ખુદ અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા જ** થયેલી હોવી જોઈએ; આ બાબતમાં આપણને કોઈ અધિકાર નથી.

● રસૂલે પાક(સ.)ની માફક **ઉલુલ અમ્ર પણ સિરાતે મુસ્તકીમ ઉપર અડીખમ હોવા જ જોઈએ** અને કુરઆને જેમ સાક્ષી આપી છે તેમ **સીરતમાં પણ આપ(સ.)ને યોગ્ય રીતે મળતા આવે તેવા** જ હોવા જોઈએ.

● ઉમ્મતની હિદાયત કરવા માટે તેમણે સારી રીતે હિદાયતપ્રાપ્ત હોવાની જરૂર છે, **આથી તેમણે મા'સૂમ હોવું પણ જરૂરી છે.**

આ બાબતને ધ્યાનમાં રાખીને ચાલો આપણે તેમને શોધવા માટે કુરાનમાં હજુ વધુ ઊંડા ઊતરીએ. સૂરએ અઅરાફમાંની નીચેની આયત આપણને આ બાબત મદદરૂપ બનશે :

● 'હુદે જવાબ આપ્યો (કે બસ સમજી જ લો) કે તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર અઝાબ અને ગઝબ નાઝિલ થઈ ચૂક્યો, શું તમે કેટલાક (બુતોનાં બનાવટી) નામોના વિષે મારી સાથે ઝઘડો છો કે **જેમને તમે અને તમારા બાપ-દાદાઓએ (બળજબરીપૂર્વક) ઘડી કાઢ્યા છે ?** <u>**જોકે ખુદાએ તેમના માટે કોઈ સનદ નાઝિલ નથી કરી.**</u> તેથી તમે (ખુદાના અઝાબની) રાહ જુઓ હું પણ તમારી માફક તેની વાટ જોઈ રહ્યો છું.'

(સૂરએ અઅરાફ, આયત-૭૧)

ઉપરની આયત હુદ(અ.) અને તેમની ઉમ્મત વચ્ચે અમુક નામોને અનુસરવાની અને ઈબાદત કરવાની બાબતના વાદવિવાદનો ઉલ્લેખ કરે છે. **તેઓ તેમને તેવું કાર્ય કરતાં રોકવા માટે પ્રયત્ન કરી રહ્યા છે કેમકે નામોની સચ્ચાઈમાં અલ્લાહ દ્વારા કોઈ સત્તાધારી સ્થાપવામાં આવેલો નથી.** તેથી આપણે એવું કહી શકીએ છીએ કે માત્ર એવો **સત્તાધારી** કે જેની **અલ્લાહે યોગ્ય રીતે નિયુક્તિ કરી હોય તેનું જ અનુસરણ કરવાની** જરૂર છે.

અને નીચેની આયતોમાં અલ્લાહ(સુ.વ.ત.) વધુમાં જાહેર કરે છે :

● 'અને તમારો પરવરદિગાર તો જે કંઈ ઈચ્છે છે તે પેદા કરે છે **અને** <u>**(જેને ઈચ્છે છે તેને) ચૂંટી કાઢે છે**</u> અને **આ પસંદગીનો અધિકાર લોકોના ઈખ્તિયારમાં નથી.**'

(સૂરતુલ કસસ, આયત-૬૮)

આ આયતે સ્પષ્ટ રીતે કહી દીધું છે કે તે અલ્લાહ છે અને અલ્લાહ એકલો જ છે કે જે પોતાનાં અઘરાં કાર્યો માટે જે કોઈને ઈચ્છે છે, તેને પસંદ કરે છે અને **તેમની પસંદગી કરવાનો કોઈ અધિકાર આપણી પાસે નથી.** જો આપણે એવું કરી નાખીશું તો આપણે સિરાતે મુસ્તકીમને ખોઈ બેસીશું.

અને નીચેની આયત તે બાબત ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે -

● '(અય લોકો !) **જે કંઈ તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર નાઝિલ કરી દેવામાં આવ્યું છે,** તેની **પયરવી કરો** અને તેના સિવાય **બીજા (બનાવટી) સરપરસ્તોની પયરવી કરતા નહીં.**'

(સૂરએ અઅરાફ, આયત-૩)

→ એ તો અલ્લાહ(સુ.વ.ત.) જ છે કે જે પોતાનાં કાર્યોને અમલમાં મૂકવા માટે સત્તાધારીની અને રક્ષકની નિમણૂક કરે છે. તે કારણે **તે તેમની હાજરીને પ્રગટ પણ કરે છે અને તેમનો નિર્દેષ પણ કરે છે.** ઉપરોક્ત આયત આ રીતે આપણને તેમને શોધી કાઢવાનો અને તેમની પયરવી કરવાનો હુકમ આપે છે, એવા લોકોનું અનુસરણ કરવાને બદલે કે જેમના માટે અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા કંઈ પણ પ્રગટ કરવામાં આવ્યું જ નથી.

હવે આવા નિષ્કર્ષ સાથે એ બાબત સ્થાપિત

કરવી સહેલી થઈ ગઈ છે કે ઉલુલ અમ્ર, જેમકે સૂરએ નિસા, આયત-૫૯માં નિર્દેષ કરવામાં આવ્યો છે તે પ્રમાણે, અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા યોગ્ય રીતે નિયુક્ત થયેલા છે અને આયતોના સ્વરૂપે તેમની બાબતમાં કુરાનમાં ઈશારા થયેલા હોવા જ જોઈએ.

તો પછી ચાલો આપણે ઉલુલ અમ્રની બાબતમાં કુરાનમાં કરવામાં આવેલા એ સંદર્ભોને શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ :

- 'અને શેતાને પોતાના વિચારને કે જે તેમની બાબતમાં કર્યો હતો, તેને સાચો કરીને દેખાડ્યો તો તે લોકોએ તેની પયરવી કરી **પરંતુ ઈમાનદારોનું એક ટોળુ ભટકી ગયું નહીં.**'

(સૂરએ સબા, આયત-૨૦)

આ આયત સ્પષ્ટપણે દર્શાવે છે કે **મોમિનોનું એક ખાસ પ્રકારનું ટોળુ હતું કે જે શેતાન દ્વારા લલચાયું નહીં** પરંતુ આવું દરેક મોમિનો માટે કહેવામાં આવેલું નથી. **આ ટોળુ હંમેશાં સિરાતે મુસ્તકીમ ઉપર કાયમ રહ્યું** અને **તેથી જ તો તે ગુનારહિત(માસૂમ) અને અણીશુધ્ધ રહ્યું.** એનો અર્થ એ થાય છે કે દરેક મોમિને તેમને શોધી કાઢવા માટે મથન કરવાની જરૂર છે અને સિરાતે મુસ્તકીમ ઉપર મક્કમ રહેવા માટે તેમની પયરવી કરવાની પણ જરૂર છે.

હવે ચાલો આપણે સૂરએ બકરહની નીચેની આયત જોઈએ :

- '(અને) અય અમારા પાલનહાર ! તું અમને તારા ફરમાબરદાર બંદાઓ બનાવ અને **<u>અમારી ઓલાદમાંથી એક ટોળું એવું પેદા કર કે જે તારું ફરમાબરદાર હોય.</u>**'

(સૂરએ બકરહ, આયત-૧૨૮)

આ કોમ્પલેક્ષનું સ્થળ કા'બાની મસ્જિદુલ હરામના દરવાજાથી દક્ષિણ દિશાએ આવેલું છે. આનું બાંધકામ શરૂ કરવા માટે ઐતિહાસિક ઉસ્માન અજયદ ફોર્ટસને સૌ પ્રથમ સંપૂર્ણપણે જમીન દોસ્ત કરી દેવામાં આવેલ. કા'બાની ઝિયારત માટે આવેલ નમાઝીઓની સગવડ ખાતર દસ હજાર માણસો નમાઝ પઢી શકે તેવી સગવડવાળો એક ઈબાદત ખંડ પણ અંદર આવેલ છે. કોમ્પલેક્ષમાં આવેલું સૌથી ઊંચું ટાવર એક ફાઈવ સ્ટાર હોટલ પણ ધરાવે છે જે દર વર્ષે લાખોની સંખ્યામાં મક્કાની હજયાત્રા માટે આવતા હાજીઓને રહેવાની સગવડો પૂરી પાડે છે.

વધુમાં ધ અબ્રજ અલ બૈત ટાવર્સમાં પાંચ માળનો એક શૉપિંગ મૉલ પણ છે કે જે **અબ્રજ અલ બૈત મૉલ** તરીકે ઓળખાય છે અને એક હજાર વાહનો રાખી શકાય તેવી એક પાર્કિંગ ગૅરેજ પણ છે. કુલ એક લાખ લોકોને ટાવર્સમાં રહેવાની સગવડ છે. હોટલના ટાવરની દરેક બાજુએ આવેલ Clock Faces(ઘડિયાળના ચંદા)નો પણ ઉપયોગ આ પ્રોજેક્ટ કરે છે. રહેણાંક માટેનું સૌથી ઊંચું ભોંયતળિયું ૪૫૦ મિટર (૧,૪૮૦ ફૂટ) આવેલું છે જે ઘડિયાળની બિલકુલ નીચે આવેલું છે. ઘડિયાળનું છત જમીનની સપાટીથી ૫૩૦ મિટર્સ

(૧૭૪૦ ફૂટ) ઊંચું આવેલું છે. ઘડિયાળના ઉપરના ભાગમાં ૭૧ મિટર (૨૩૩ ફૂટ) ઊંચો મિનારો પણ બનાવવામાં આવેલ છે જેના લીધે તેની કુલ ઊંચાઈ ૬૦૧ મિટર (૧૯૭૨ ફૂટ) થાય છે જેના લીધે તે દુનિયાનું બીજા નંબરનું સૌથી ઊંચું બિલ્ડીંગ બની જાય છે. અને તાઈવાનમાં આવેલ તાઈપેઈ-૧૦૧ને પાછળ પાડી દે છે. ટાવરની અંદર ઈસ્લામી મ્યુઝિયમ અને બીજનો ચાંદ જોવા માટેના કેન્દ્રનો પણ સમાવેશ થાય છે કે જેનો ઉપયોગ પવિત્ર મહિનાઓ દરમિયાન ચંદ્ર દર્શન માટે કરી શકાય તેમ છે.

ઈ.સ.૨૦૦૬ની સાલમાં આ ઈમારતની ઊંચાઈ ૪૮૫ મિટર રાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ ઈ.સ.૨૦૦૯માં એવું પ્રકાશિત કરવામાં આવ્યું કે ઈમારતની અંતિમ ઊંચાઈ ૬૦૧ મિટર થશે. આ સંકુલ સાઉદી બિન લાદેન ગૃપ કે જે સાઉદી અરેબિયાની મોટામાં મોટી કન્સ્ટ્રકશન કંપની છે તેના દ્વારા બાંધવામાં આવી રહ્યું છે. ઘડિયાળના ટાવરની ડિઝાઈન જર્મનીની એક કંપની Premiere Composite Technologies દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જ્યારે ઘડિયાળની ડિઝાઈન સ્વિટ્ઝરલેન્ડની એક એન્જિનિયર પેઢી Straintec દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. સાઉદીની Ministry of Religious Endowments અનુસાર આખાય પ્રોજેક્ટની કિંમત બે બિલીયન ડૉલર જેટલી જશે.

**::::: ઘડિયાળ :::::**

હોટલ ટાવરની ટોચ ઉપર ચારેય બાજુથી જોઈ શકાય તેવી ચાર ચંદાવાળી એક ઘડિયાળ આવેલી છે જેને ૨૫ કિલોમીટર (૧૬ માઈલ) દૂરથી જોઈ શકાય છે કે જે દુનિયાની સૌથી મોટી ક્લૉક હોવાનો રેકોર્ડ ધરાવે છે. આ ઘડિયાળ લંડનની Big Ben ઘડિયાળને ઠીંગણી બનાવી દે છે કે જેને એક સમયે દુનિયાની ચાર ચંદાવાળી સૌથી મોટી ઘડિયાળ



ગણવામાં આવતી હતી અને એના પહેલાં આવો ખિતાબ ધરાવનાર The Allen Bradley Clock Tower કે જે Milwankee, Wisconsin માં આવેલ છે તેને પણ પાછળ મૂકી દે છે. વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો ઘડિયાળનાં Dials પાંચ ગણા કરતાં ય વધારે મોટાં છે. ઘડિયાળનો ચંદો પણ પહેલાંની વર્લ્ડ ચેમ્પિયન ઘડિયાળ, ઈસ્તંબુલમાં આવેલ Cevahir Mall Clock ના ચંદા કરતાંય મોટો છે, એટલે કે ચંદો ૩૬ મિટર (૧૧૮ ફૂટ)નો અને ત્રણ મિટર (૯.૮ ફૂટ)ની ઊંચાઈવાળા digits (આંકડા) આવેલા છે કે જે શોપિંગ કોમ્પલેક્ષના પારદર્શક છતમાં સેટ કરેલા છે.

ઘડિયાળના ચાર ચંદાઓમાંનો પ્રત્યેક ચંદો ૪૬ મિટર (૧૫૧ ફૂટ)નો ડાયામિટર ધરાવે છે અને તે ૨૦ લાખ LED lightsથી જગમગે છે જેની બાજુમાં વિશાળ કદનું અરબી લખાણ : **અલ્લાહુ અકબર** વંચાય છે. ઘડિયાળની ટોચ ઉપર બીજી ૨૧,૦૦૦ જેટલી સફેદ અને લીલા રંગની લાઈટો ફીટ કરવામાં આવી છે કે જે દરરોજ પાંચેય ટાઈમની અઝાન થાય તે દરમિયાન ઝબકે છે અને તે લાઈટો ૨૯ કિલોમીટર (૧૮ માઈલ) દૂરથી દશ્યમાન છે. ખાસ પ્રસંગોએ ૧૬ બેન્ડઝની ઊભી લાઈટો દસ

કિલોમિટર (૬.૨ માઈલ) સુધી દૂર આકાશમાં પ્રકાશના શેરડા આ વર્ષે હજ વખતે જ્યારે હાજી લોકો મુઝદલિફામાં હતા ત્યારે રાત્રે કા'બાની દિશા બતાવવા માટે ફેંકવામાં આવ્યા હતા. ઘડિયાળના ચાર ચંદાઓને ૯૮ મિલીયન મોઝેઈક કાચના ટુકડાઓથી આચ્છાદિત કરવામાં આવેલ છે. ઘડિયાળના પ્રત્યેક ડાયલના મધ્યભાગમાં પશ્ચાદભૂમાં Saudi Coat of Armsનું પ્રતીક દર્શાવવામાં આવેલ છે.

ઘડિયાળના base માં observatory deck - અવલોકન કક્ષ બનાવવામાં આવેલ છે. Elevators ની મદદથી મુલાકાતીઓ Viewing balcony માં પહોંચી શકશે કે જે ઘડિયાળના ચંદાઓની બિલકુલ પાછળના ભાગમાં આવેલું હશે.

**::::: ચાંદ :::::**

મક્કા ક્લૉક ટાવરની ટોચ ૯૩ મિટર ઊંચા શંકુ આકારની અને ચાંદની બનેલી છે. શંકુ આકારવાળા ભાગમાં એક lunar gallery (બીજનો ચાંદ જોવા માટેનું કક્ષ), એક કંટ્રોલ ટાવર અને એક ovservation pod આવેલાં છે. શંકુ આકારના ઉપરના ભાગમાં દુનિયાનો સૌથી મોટો સોનાનો મિનારો આવેલો છે જેમાં ૨૩ મિટર ઊંચા સોનાના ચાંદનો પણ સમાવેશ થાય છે.



આ ચાંદ દુબઈમાં Premier Composite Technology નામની કંપનીમાં એપ્રિલ-૨૦૧૧માં તૈયાર કરવામાં આવ્યો હતો. આ ચાંદ ફાઈબર ગ્લાસની પીઠવાળા મોઝૅઈક ગોલ્ડમાંથી બનાવવામાં આવેલ છે અને તેનું વજન ૩૫ ટન જેટલું થવા જાય છે. કંપનીના અધિકારી Peugeot Josephએ કહ્યું છે કે પાંચ એન્જિનિયરો અને એકસો કારીગરોની એક ટીમે આ ચાંદ બનાવવાના આ પ્રોજેક્ટનું કામ ઉપાડી લીધું હતું કે જેની કિંમત ૯૦ મિલિયન દિરહમ જેટલી થાય છે અને તે ચાંદ બનાવવામાં ત્રણ મહિના લાગ્યા હતા. આ કંપની મક્કા ટાવરનું બાંધકામ પણ કરે છે. આ ચાંદને દુબઈથી મક્કા સુધી લઈ જવા માટે દસ વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યો હતો એટલે કે ચાંદના દસ ટુકડા કરવામાં આવ્યા હતા. ચાંદના ભાગો ઓછા કરવા માટે ઘડિયાળના ચંદાના પાયામાં જ તેને અંશતઃ એસેમ્બલ કરીને પાંચ ભાગોમાં વહેંચી દેવાયો હતો. ત્યાર પછી એ પાંચ ભાગોને ઊંચકવામાં આવ્યા અને ૨૦ જૂનથી ૬ જુલાઈ-૨૦૧૧ના સમયગાળા



દરમિયાન Spire (શંકુ આકારવાળા ભાગની ટોચ) ઉપર ગોઠવી દેવાયા હતા.

મિનારામાં અને તેના પાયાના ભાગમાં મોટા કદના લાઉડ સ્પીકર્સ ગોઠવવામાં આવ્યાં છે કે જે દરરોજ અઝાન વખતે સાત કિલોમીટર દૂર સુધી અવાજ ફેંકે છે. જ્યારે તેમાં લગભગ ૨૧,૦૦૦ જેટલા લેમ્પ્સ, આજુબાજુના ૩૦ કિલામિટર સુધીના વિસ્તારને ઝળાંહળાં કરી નાખે છે. ઈદૈન તેમજ નવા હિજરી વર્ષ જેવા દિવસોએ 16 beam લાઈટ ૧૦ કિલોમિટર ડાયામિટર જેટલા વિસ્તારને પ્રકાશિત કરી દે છે, જ્યારે ૨૧,૦૦૦ લેમ્પ્સ સફેદ અને લીલા પ્રકાશના શેરડા ત્રીસ કિલોમિટર દૂર સુધી ફેંકે છે. પ્રકાશના શેરડા બહેરા માણસોને અથવા તો દૂર દરાજના મક્કાના પશ્ચિમી ભાગના વિસ્તારના મુસલમાનોને અને નજીકના શહેરોને અઝાનના સમયની યાદ અપાવે છે.

**::::: અવલોકન ઝરૂખો :::::**

ઘડિયાળના બિલકુલ ઉપરના ભાગમાં ક્લૉક ટાવરનો અવલોકન ઝરૂખો Observation Deck આવેલ છે. આ ઝરૂખામાં હાઈટેક ટેલિસ્કોપનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ રમઝાન માસ દરમિયાન બીજનો ચાંદ નિહાળવા થાય છે. તેમાં sightseeing (દશ્ય અવલોકન) માટેના એક રૂમનો પણ સમાવેશ થાય છે.

**::::: બાંધકામ વખતે આગના અકસ્માતો :::::**

અબ્રજ અલ બૈત સંકુલે બાંધકામ દરમિયાન બે આગના પ્રસંગો નિહાળ્યા છે. પ્રથમ આગ હોનારતે હજર ટાવર પર ૨૦, ઓક્ટોબર-૨૦૦૮ના રોજ હુમલો કર્યો હતો. તે આગને બુઝાવવા માટે ૪૦૦ ફાયર ફાઈટર્સને કામે લગાડ્યાં હતાં જે આગ દસ કલાક સુધી લાગી હતી અને ટાવરના નવ મજલાઓને ભરખી ગઈ હતી. આંખે દેખ્યો અહેવાલ આપનારાઓના મત અનુસાર અડધી રાત પછી તરત જ આગના ભડકા નીકળવા માંડ્યા હતા અને ખૂબ ઝડપથી આગ વધતી ચાલી હતી કારણ કે બાંધકામ માટે વપરાયેલા લાકડાનો ત્યાં સંગ્રહ કરવામાં આવ્યો હતો. થોડી વારમાં જ આખુંય બિલ્ડીંગ ધુમાડાથી ઘેરાઈ ગયું હતું. દવાખાનાઓને હાઈ એલર્ટ પર મૂકી દેવાયાં હતાં પરંતુ કોઈ ઈજા થવાનો બનાવ નોંધાયો નહોતો. સિવિલ ડિફેન્સના એક પ્રવક્તાએ એવું કહ્યું હતું કે આગ હજર ટાવરના ૩૨ મા મજલેથી શરૂ થઈ હતી.

**મક્કા ટાવરની ફરતાં આવેલ ટાવર્સની યાદી**

| ટાવરનું નામ | ઊંચાઈ | માળ |
|---|---|---|
| હોટલ ટાવર | ૬૦૧ મીટર (૧૯૭૨ ફૂટ) | ૧૨૦ |
| હજર ટાવર | ૨૬૦ મીટર (૮૫૦ ફૂટ) | ૪૮ |
| ઝમઝમ ટાવર | ૨૬૦ મીટર (૮૫૦ ફૂટ) | ૪૮ |
| મકામ ટાવર | ૨૫૦ મીટર (૮૨૦ ફૂટ) | ૪૫ |
| કિબ્લા ટાવર | ૨૫૦ મીટર (૮૨૦ ફૂટ) | ૪૫ |
| મર્વા ટાવર | ૨૪૦ મીટર (૭૯૦ ફૂટ) | ૪૨ |
| સફા ટાવર | ૨૪૦ મીટર (૭૯૦ ફૂટ) | ૪૨ |

બીજી વખત સફા ટાવર ઉપર મે-૨૦૦૯માં આગ લાગી હતી. મોતના કે ઈજાના કોઈ હેવાલ નોંધવામાં આવ્યા ન હતા કેમકે Civil Defence દ્વારા તેને ઝડપથી શાંત પાડી દેવામાં આવી હતી. નજરે જોનારા સાક્ષીના કહેવા અનુસાર આગ અસરની નમાઝ પછી તરત જ લાગી હતી કે જ્યારે કેટલાક કારીગરો બિલ્ડીંગમાં લાકડાના પાલખ પર બેસીને લોખંડના સળિયાઓને વેલ્ડીંગ કરી રહ્યા હતા. આગને લીધે ચાલુ બાંધકામવાળા ટાવરના મોટા ભાગને નુકસાન પહોંચાડ્યું હતું. મક્કા વિસ્તારમાં આવેલા અડેલ ઝમઝમી (ડાયરેક્ટર જનરલ ઑફ સિવિલ ડિફેન્સના મેઝર જનરલ)ના કહેવા અનુસાર આગ ૧૪મા મજલે લાગી હતી અને ટાવરના છેક ૨૦મા મજલા સુધી પહોંચી ગઈ હતી. ✻



હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૧૦૧**

**શુરે બિના એસો ઘાવું કું નાં સ'વે,**
**મેદાંનમાં શુરે બિના કુણ ઠાડા રે'વે?**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહા) ફરમાવે છે કે પ્રેમના મેદાનમાં શૂરવીર વગર આવા ઘા કોણ સહન કરે ? શૂરવીર વગર પ્રેમના મેદાનમાં કોણ ઊભો રહી શકે ?)

**જું ભાલા રે સુંસરા નીકલે સારા,**
**તો તુને નેહ કીયા બોત અપારા.**

(જો તારા શરીરમાંથી આખો ભાલો આરપાર નીકળી જાય તો તેં તારા પીયુજી સાથે ખૂબ જ પ્રેમ કર્યો એવું કહેવાય.)

**શુરે બિના દુજેકા કાંમ રે નાંહાં,**
**કે ભાલા રે સેહવે આપ તન માંહાં.**

(જે માણસ પોતાના શરીરમાં ભાલાની વેદના સહન કરી લે એવા શૂરવીરોનું જ પ્રેમના મેદાનમાં કામ છે, બીજા કોઈનું અહીં કામ નથી.)

**પીત નિશાંની ઉસ માંહી કહીએ,**
**જે ઘાવ પીયાકા સુંસરા રે લહીએ.**

(જે માણસ પીયુના પ્રેમના ઘાને આરપાર નીકળી જતો સહન કરી લે તો તેને પ્રેમની નિશાનીઓમાંથી એક નિશાની કહેવાય છે.)

**જો એસી પીત મન ધર નેહ નાં કરના,**
**તો પીયાજી મેરે સું ક્યું કર મલના ?**

(જો પોતાના પીયુજી સાથે આવી પ્રીત કરવાનું મનમાં ધારણ ન કરવામાં આવે તો પછી મારા પીયુજીને શી રીતે મળાય ?)

**નાંહી તો દુરિજન કું તું હસાવે,**
**પણ સુખ સું રે પીયાજી અપના નાં પાવે.**

(જો આવું ન કરવામાં આવે તો દુરિજન શેતાનને હસવાનું તું કારણ બતાવીશ અને સુખ સાથે તો તું તારા પીયુજીને મેળવી નહીં શકે.)

**સત શબદ સું સરત રે રાખે,**
**પીયા બિના અવર કછું હે નાં દાખે.**

(જો પીયુના રસ્તા ઉપર ચાલવું હોય તો તારે સત્ય શબ્દને અર્થાત હકના પાલન તરફ તારે ધ્યાન રાખવું પડશે અને પીયુના (રટણ) વગર બીજું કંઈ બોલવું જોઈએ નહીં.)

**ચલે રે ચેતા મન માંહી રખ કર,**
**કે પીયાજી કું મલના એ સબ મન ઘર.**

(મનની અંદર એવી હિંમત રાખીને આ માર્ગ ઉપર ચાલવું જોઈએ કે બસ મારે તો મારા પીયુજીને જ મળવું છે.)

**ભાવ રે બિના જો એ રે સબ કીતા,**
**તો પીયાજી નાં પાવે અપના રે મીતા.**

(જો આ બધું કાર્ય મનની અંદરના ભાવ વગર કરવામાં આવે તો તું તારા પીયુજીને - તારા પ્રિય પાત્ર આશિકને મેળવી શકીશ નહીં.)

**જો કાયર હોકર પીત લગાવે,**
**તો પીયાજી તો અપના કદીએ નાં પાવે.**

(જો તું કાયર બનીને તારા પ્રિયપાત્ર સાથે પ્રીત લગાવીશ તો તું કદી પણ તારા પીયુજીને પ્રાપ્ત કરી શકીશ નહીં.)

**જો એક ઘાવ પ્રીતકા એને રે નાં સહીઆ,**
**તો પીયા નેહ ઉસ તન કછુએ નાં રહીઆ.**

(જો તેણે પ્રીતનો એક પણ ઘા સહન કર્યો નહીં હોય તો તેના શરીરમાં પીયુનો સ્નેહ જરા પણ બાકી રહ્યો નહીં હોય.)

**તો કરવત બિરહા ક્યું કર સો'વે,**
**જબ ઉસ શીશ પર ઉલટા રે રે'વે.**

(જો તે પ્રેમનો એકાદ ઘા પણ સહન કરી શકતો ન હોય તો પછી વિરહની કરવત જ્યારે તેના માથા ઉપર ફરશે ત્યારે તે કેવી રીતે સહન કરી શકશે ?)

**બોત દોહેલા કરવત બિરહા,**
**શુરને એ બુઝા જબ શીશ પર લહીઆ.**

(વિરહની કરવતની વેદના ખૂબ જ અઘરી બાબત છે. જે લોકો શૂરવીર છે તેમણે તેની વેદના જાણી છે કે જ્યારે તે તેમના માથા ઉપર ફરતી હોય છે.)

**બિજોગ પીયા કા બિરહા રે નાંમા,**
**એ કરવત જેસા કરતા હે કાંમા.**

(પીયુજીના વિયોગને બિરહા અર્થાત વિરહ નામ આપવામાં આવ્યું છે અને આ વિરહ કરવતના જેવું વહેરવાનું કાર્ય કરે છે.)

**કે પીયા બિના ઘડીએ રહા નાં જાવે,**
**બિજોગ પીયાકા બોત સતાવે.**

(પીયુજીના વગર પ્રેમથી એક ઘડી માટે પણ રહી શકાતું નથી. પ્રેમીને તેના પ્રિયપાત્રનો વિયોગ ખૂબ જ સતાવતો હોય છે.)

**એ બિજોગ કરવત હુવા રે તનમાં,**
**તો બેરાગ ઉસકા ધરીઆ રે મનમાં.**

(શરીરમાં વિયોગ કરવતનું કાર્ય કરતો હોય છે અને મનની અંદર જે દુઃખ પેદા થાય તેનું નામ બેરાગ ધરવામાં આવ્યું છે.)

**બિરહાકા કરવત ઉસ તન વહા,**
**કે દિખલા પીયુજી પીછે છોડ ગયા.**
**-: રે તુંહી :-**

(બિરહા-વિયોગ રૂપી કરવત પ્રેમીના શરીર ઉપર વહેરવાનું કાર્ય કરે છે કેમકે એક વખત તેણે પીયુજીને જોયો અને ત્યાર પછી પીયુજી તેને છોડીને ચાલ્યો ગયો. આ છે વિરહનું દુઃખ.)

**શુરે બિના નાં પાહીઆ, પીયુ કેરા મેદાંન રે,**
**પીયુ કેરા મેદાંન;**
**ભાલા સે'વે પીતકા, તો હોવે પીયુકા માંન રે,**
**તો હોવે પીયુકા માંન.**

(પીયુજીની પ્રીતનું મેદાન શૂરવીર વગર બીજા કોઈએ પ્રાપ્ત કર્યું નથી. જે શૂરવીર પ્રેમના ભાલાની વેદના સહન કરી શકતો હોય તે જ માણસ પીયુજીનો પ્રિય બની જાય છે.)

**બયાન નં.૧૦૨**

**સુખસું નાં પાવે પીયુ કેરા માંના,**
**મુરખ કયા જાંણે, જે હે રે અજાંના.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહા) ફરમાવે છે કે સુખની અવસ્થામાં માણસ પોતાના પીયુને મેળવી નહીં શકે. જે (વિરહની વેદનાથી) અજાણ્યો હોય તેવો મૂરખ આ બાબતને શું જાણી શકે ?)

**દેખોને આરિસા તબ જાને કા'વે,**
**જબ દુઃખ રે કિતના ઉસ શિર આવે.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે તમે અરીસાને - દર્પણને જુઓ કે તેને બનાવતાં પહેલાં તે પોતાના માથે કેટલું બધું દુઃખ વેઠે છે ત્યારે તે અંતે અરીસો કહેવાય છે.)

**પીયાકી ખુશાલી સબ કોઈ જાંને,**
**દુઃખ રે ઉસકા કોઈ નાં પિછાંને.**

(પીયુની ખુશાલી સૌ કોઈ જાણતું હોય છે પણ તેના દિલમાં કેટલું બધું દુઃખ સમાયેલું હોય છે તે બાબત કોઈ જાણતું નથી.)

**કુદાલીઆં ઉસ શિર કિતનીક લાગી,**
**તબ ચમકી હો સુતી કછુએ નાં જાગી.**

(અરીસાને બનાવવા માટે (જે માટી વપરાઈ છે તેના) માથા ઉપર કોદાળીના કેટલા બધા પ્રહાર કરવામાં આવ્યા. ત્યારે તે સૂતેલી માટી ચમકી અને

જરા પણ જાગી નહીં.)

**માટી રે નાંમા ખોદ ને ધરાયા,**
**અફસોસ તો ભી ઉસકું નાં આયા.**

(જમીનને ખોદીને તેનું નામ માટી ધરવામાં આવ્યું. તો પણ તે માટીના મનમાં જરા પણ અફસોસ પેદા ન થયો.)

**પીછે રે આગ ઉસે માંહી નાંખી,**
**તો પીડા અપની ખોલને દાખી.**

(ત્યાર પછી તે માટીને પકવવા માટે આગના ભઠ્ઠામાં નાખવામાં આવી ત્યારે તેણે (લાલધુમ બની જઈને) પોતાને જે પીડા થઈ રહી હતી તે તેણે પ્રગટ કરી.)

**પાંણી આગમાં જલાને કીતા,**
**તો ભી નાં બોલી જો પીયુ પાયા મીતા.**

(પાણીને બાળી નાખવા માટે તેને આગમાં નાખવામાં આવી તો પણ તે માટી પીયુને મેળવવા ખાતર કંઈ પણ બોલી નહીં.)

**પીછે ઉસે બાર કર માર બોત દીતી,**
**યું કર આરસી દેખો ને કીતી.**

(ત્યાર પછી તેને આગમાંથી બહાર કાઢવામાં આવી અને માટી ઉપર ખૂબ માર મારવામાં આવ્યો ત્યાર પછી જ જુઓ કે તેને આરસી બનાવવામાં આવી.)

**પીછે તન ઉસકા બોત ઘસાયા,**
**ઘસતે ભી ઉસકું દુઃખ નાં આયા.**

(ત્યાર પછી તે માટીને ચકચકિત બનાવવા માટે ખૂબ ઘસવામાં આવી. તેને ઘસતી વખતે પણ તેને દુઃખ ના પડ્યું (કારણ કે પીયુ ખાતર તે દુઃખ તેણે વેઠી લીધું.)

**તબ જા ને જોત પીયા કેરી જાગી,**
**જો પીત પીયા સું ખરી રે લાગી.**

(આટલાં બધાં કષ્ટો વેઠ્યાં ત્યાર પછી તેનામાં પીયુની જ્યોત જાગી ઊઠી કેમકે હવે તેને પીયુની સાચી પ્રીત લાગી હતી.)

**તાં હસ હસ સબું કું મુંહ રે દિખાવે,**
**પણ ભેદ રે ઉસકા મુરખ નાં પાવે.**

(અરીસો બની ગયા પછી તે માટી હસી હસીને બધાયને તેમનું મોઢું દર્પણમાં દેખાડવા લાગી પણ તેના અંદર રહેલા ભેદને મૂરખ માણસ પામી શકતો નથી.)

**કે પીયા પીત કારણ કયા કયા કીતા,**
**કે તન રે અપના આગ માંહી દીતા.**

(મૂરખ માણસ તેના ભેદને પામી શક્યો નહીં કે પીયુના કારણે તેણે કેવાં કેવાં દુઃખો વેઠ્યાં કે તેણે પોતાના દેહને આગની અંદર નાખી દીધો.)

**યું જલા રે દેહા પીત સું ગમાઈ,**
**રોશની પીયાકી તબ જા ને પાઈ.**

(પોતાના પીયુની પ્રીત ખાતર તેણે પોતાના દેહને સળગાવીને ગુમાવી દીધો અને ત્યાર પછી જ તેણે પીયુની રોશનીને પ્રાપ્ત કરી.)

**તબ પીયા તન દોનું એક જ હુવા,**
**એક રંગ હોતે રહા નાં જુઆ.**

(જ્યારે માટીને આગમાં નાખવામાં આવી ત્યારે તેનો અને તેના પીયુનો દેહ એક બની ગયો અને રંગ પણ એક જ બની જતાં તેઓ બન્ને વચ્ચે જુદારું ન રહ્યું.)

**એ ખેલ શુરેકા કે તન ગમાવે,**
**એ પીયાજી રે અપના તબ જાને પાવે.**

(પોતાના તનને ગુમાવી દેવું એ(કંઈ જેવા તેવાનું કામ નથી પણ) શૂરાનું કામ છે, શૂરવીરનું કામ છે. પોતાની જાતને જ્યારે આ રીતે ગુમાવી દેવામાં આવે ત્યારે પીયુજીને મેળવી શકાય છે.)

**તો દેખોને આરસી પીયુજી રે પાયા,**
**તો સબકા રે ભીતર મુહ દિખાયા.**

(તમે બધા જુઓ કે આરસીએ-દર્પણે પીયુજીને જ્યારે પ્રાપ્ત કરી લીધો તો તે પોતાની જાતની અંદર બધાંના ચહેરાઓ દેખાડવા લાગી.)

**કાયરકા કાંમા મેદાંનમાં નાંહાં,**
**કે દુઃખ ના સે'વે આપ તન માંહાં.**

(શૂરવીરોના મેદાનમાં એવા કાયર માણસોનું કામ નથી કે જેઓ પોતાના શરીરને જરા પણ દુઃખ સહન કરવા ન દે.)

**પીયાજી મેરા હે બોત રંગ રાતા,**
**જે શુરા રે મેદાનમાં વે પીયાજીકું પાવે.**
**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે મારો પીયુજી રંગમાં ખૂબ જ આસક્ત (રાતો માતો) છે. જે શૂરવીર આ મેદાનમાં આવે તે જ પીયુને મેળવી શકે.)

**સબ કોઈ દેખે આરસી, દુઃખ નાં જાંને કોઈ રે,**
**દુઃખ નાં જાંને કોઈ;**
**પીયુજી હો બેગાંનડા, વે ક્યું કર અપના હોય રે,**
**વે ક્યું કર અપના હોય?**

(આ દુનિયામાં બધા લોકો આરસી તરફ જુએ છે પરંતુ આરસીએ જે દુઃખ વેઠ્યું છે તે બાબત કોઈ જાણતું નથી. પીયુજી તો બેગાનો છે - અજાણ્યો છે - અપરિચિત છે તે આપણો કેવી રીતે થઈ શકે ?)*


એ.જી.ભુરા મો.૯૮૭૯૭ ૫૯૦૫૭
મો.૭૬૯૮૬ ૧૭૪૨૯
મો.૯૯૭૯૯ ૯૧૯૬૭

**મનોહર**
**મંડપ ડેકોરેટર્સ**

આપના નાના-મોટા દરેક પ્રસંગે મંડપ, ટેબલ, ખુરશી, વાસણો, ગાદલા સેટ, પંખા, ફેન્સી ગેટ, સ્ટેજ, ચોરી, લાઈટ ડેકોરેશન તથા સાઉન્ડ ભાડે આપનાર.

**મુ.પો. ઈલોલ (તલાવ), નવા બસ સ્ટેન્ડ પાસે,**
**તા. હિંમતનગર, જિ.સાબરકાંઠા**


## General Knowledge Corner 125

**(૧) જાંબુનું ફળ કયા રોગ માટે ફાયદાકારક હોય છે ?**
(A) હૃદય રોગ (B) ડાયાબિટીસ
(C) બ્લડ પ્રેશર

**(૨) ટપક સિંચાઈ પધ્ધતિનો સાચા અર્થમાં અને યોગ્ય ટેકનિક તરીકે ઉપયોગ કરનાર દેશ કયો છે ?**
(A) અમેરિકા (B) જાપાન (C) ઈઝરાયેલ

**(૩) રબ્બરના વૃક્ષોમાંથી કાચું રબ્બર કાઢવાની પધ્ધતિ કયા નામે ઓળખાય છે ?**
(A) ટેપિંગ (B) જેલોંગ (C) રબ્બર કેનિંગ

**(૪) વલ્લભભાઈ પટેલને 'સરદાર' તરીકેની પદવી કોણે આપી હતી ?**
(A) ખેડૂતોએ (B) ગાંધીજીએ
(C) સાવરકરે

**(૫) ભારતમાં આવનાર પ્રથમ અંગ્રેજ કોણ છે?**
(A) રોબર્ટ ક્લાઈવ (B) થોમસ સ્ટિવન્સન
(C) સર થોમસ રો

**(૬) માનવ શરીરના તાપમાનને નિયંત્રિત કરનારી ગ્રંથી કઈ છે ?**
(A) પિચ્યુટરી ગ્રંથિ (B) એડ્રેનલ ગ્રંથિ
(C) હાયપોથેલેમસ ગ્રંથિ

**(૭) નીચેનામાંથી કયું નામ ભારતમાં કાર્યરત હોય તેવી બેન્કનું નામ નથી ?**
(A) તાતા (B) એચડીએફસી (C) યસ

**(૮) કયા ભારતીય ખેલાડીએ નવમા નંબરે આવીને ફટકાબાજી કરીને ભારતમાં જ પહેલી અડધી સદી બનાવી હતી ?**
(A) ઝહીરખાન (B) હરભજનસિંઘ
(C) પ્રવિણકુમાર

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## અમીરુલ મોમિનીન(અ.)ના જાહેરી સદ્‌ગુણો- સઘળા મુસલમાનોમાં આપના ઈલ્મની ફઝીલત

*(અબુબકર મોહંમદ બિન અમ્ર જમાલીએ મને બતાવ્યું. યૂસુફ બિન હકમ હન્નાને અમારી આગળ બયાન કર્યું. દાઉદ બિન રશીદે અમને પરિચિત કર્યા. સલમા બિન સાલેહ અહમરે અમને બતાવ્યું કે તેમણે અબ્દુલ મલિક બિન અબ્દુર્રહેમાનના હવાલાથી અને તેમને અશઅશ બિન તલીકના હવાલાથી બતાવવામાં આવ્યું કે જેમણે એવું કહ્યું કે મેં હસન બિન અરબી પાસેથી કે જેમણે મર્રહ પાસેથી સાંભળ્યું હતું કે અબ્દુલ્લાહ બિન મસઊદે તેમને બતાવ્યું :)*

'પયગમ્બરે ખુદા(સ.)એ હઝરત અલી(અ.)ને બોલાવ્યા અને અલગ લઈ ગયા. જ્યારે તે બન્ને પાછા આવ્યા તો અમે તેમને પૂછ્યું, આપના અને તેમના વચ્ચે શું અહદ થયો છે? તેમણે જવાબ આપ્યો, તેમણે મને ઈલ્મના હજાર દરવાજા બતાવ્યા અને પછી દરેક દરવાજાથી હજાર દરવાજા ખોલ્યા.'

*(અબુલ હસન મોહંમદ બિન મઝઅલ બઝાઝે મને બતાવ્યું. અબુ મલિક કશીર બિન યહ્યાએ અમને બતાવ્યું. અબુ જાફર મોહંમદ બિન અબી સર્રીએ અમને કહ્યું. એહમદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન યૂસુફે અમને કહ્યું કે તેમને સાઅદ અલ કનાનીએ અને તેમને અસ્બગના હવાલાથી બતાવવામાં આવ્યું છે, જેમણે કહ્યું,)*

'જ્યારે અમીરુલ મોમિનીન(અ.)ની ખિલાફતની બયઅત લેવામાં આવી રહી હતી તો આપ મસ્જિદની અંદર આવ્યા. એ વખતે આપે રસૂલુલ્લાહ(સ.)નો અમામો અને લિબાસ પહેરેલો હતો. તેઓ સીધા મિમ્બર પર બેસી ગયા. પોતાના ખુત્બાની શરૂઆત આપે ખુદાની હમ્દથી કરી. ત્યાર પછી લોકોને નસીહતો અને ચેતવણીઓ આપવા લાગ્યા. આપ ખૂબ જ વિશ્વાસપૂર્વક બેઠેલા હતા અને હાથોની આંગળીઓને એકબીજીમાં પરોવેલી હાલતમાં હતા અને ક્યારેક હાથોને પીઠ ઉપર મૂકી દેતા હતા. આપે ખુત્બામાં કહ્યું કે તમે મને જે સવાલ કરવા ઈચ્છતા હો, પૂછી શકો છો એ પહેલાં કે હું તમારી વચ્ચેથી ચાલ્યો જાઉં. મને પ્રશ્નો પૂછી શકો છો એ લોકોના વિષે કે જે પહેલાં હતા અથવા તો એ લોકોના બારામાં કે જે આવવાવાળા છે. મારી પાસે એ બધાયનું ઈલ્મ છે. જો કદાચ મને ઈન્સાફની ખુરસી પર બેસાડી દેવામાં આવે તો હું તૌરેતથી ઈન્સાફ માગનારાઓને (અર્થાત યહૂદી કોમને) તૌરેતથી ઈન્સાફ આપીશ અને જે લોકો ઈન્જીલથી ઈન્સાફ ઈચ્છતા હોય તેમને (અર્થાત નસારાઓની કોમને) હું ઈન્જીલથી ઈન્સાફ આપીશ અને જે લોકો ઝબૂરથી ઈન્સાફ ઈચ્છતા હોય તો તેમને ઝબૂરથી ઈન્સાફ આપીશ અને કુરઆનવાળાઓને કુરઆનથી ફેંસલો આપીશ. જેથી દરેક પાકિઝા કિતાબોને માનનારા એવો એકરાર કરે કે ખુદાની કસમ, અલી(અ.)એ તો તારા એહકામો અનુસાર ફેંસલો આપ્યો છે. હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે હું કુરઆનને, તેની શર્હને(વ્યાખ્યાને) અને તફસીરને સૌથી વધારે બેહતર તરીકાથી સમજુ છું. જો કદાચ એવું કહેવામાં આવે કે કિતાબમાં કયામતના બારામાં આયત નથી તો હું બતાવી શકું છું કે કયામત આવે ત્યાં સુધીમાં શું શું બનવાનું છે. મને કઝા અને કદ્રનું ઈલ્મ છે. ત્યાર પછી આપે ફરમાવ્યું, એ પહેલાં કે

હું તમારી વચ્ચે ન રહું, તમે મને સવાલ કરી શકો છો. એ ખાલિકની કસમ છે કે જે દાણાને તોડીને તેને ફરીથી જીવતો કરે છે કે અગર તમે સવાલ કરશો એકે એક આયતના બારામાં તો હું તમને બતાવી દઈશ કે ક્યાં, કયા સમયે આયત નાઝિલ થઈ હતી અને કયા મકસદ માટે નાઝિલ થઈ હતી. હું એ પણ બતાવીશ કે કઈ આયત ક્યારે નાસેખ થઈ (લખવામાં આવી) અને ક્યારે મન્સૂખ (રદ) થઈ હતી. કઈ (આયત) આમ (સામાન્ય) છે અને કઈ ખાસ છે. કઈ મોહકમ (અટલ) છે અને કઈ મુતશાબા (ગોળ ગોળ અર્થવાળી) છે, કઈ (આયત) મક્કી છે અને કઈ મદની છે. ખુદાની કસમ, એ ટોળું કયામતના દિવસે ગુમરાહ થશે કે જે મને પોતાનો કાઈદ (રાહબર) નહીં માને.'

(આ પ્રકારની એટલી બધી વધારે હદીસો છે કે જો એકત્ર કરવામાં આવે તો કિતાબ ખૂબ જ દળદાર બની જાય.)

## સદ્‌ગુણો અને આપની પવિત્ર ઝાત ઉપર અલ્લાહની બરકતો નાઝિલ થવા વિષે

*(અબુબકર મોહંમદ બિન મુઝફ્ફર બઝાઝથી રિવાયત છે કે અમને ઉમર બિન અબ્દુલ્લાહ બિન ઈમરાને બતાવ્યું - અહમદ બિન બશીરે અમને બતાવ્યું - અબ્દુલ્લાહ બિન મૂસાએ અમને બતાવ્યું - તેમણે કૈસ બિન અબી હારૂનથી આ ખબર સાંભળી કે તેમણે કહ્યું કે હું અબુ સઈદ ખુદરીની પાસે ગયો અને તેમને પૂછ્યું કે શું તમે (જંગે) બદરને પોતે જ નિહાળ્યો હતો ? તેમણે જવાબ આપ્યો :)*

એ દિવસે (જંગે બદરમાં) મેં સાંભળ્યું કે જનાબે ફાતેમા(સ.) જ્યારે રડતાં રડતાં આપની પાસે આવ્યાં અને કહેવા લાગ્યાં, 'અય અલ્લાહના રસૂલ(સ.) ! કુરૈશની સ્ત્રીઓ અલી(અ.)ની ગુરબત (ગરીબાઈ)ની બાબતમાં મહેણાં મારે છે.' તો રસૂલિલ્લાહ(સ.)એ કહ્યું,

'શું તમને સંતોષ નથી કે મેં તમારી શાદી એની સાથે કરી કે જેણે ઈસ્લામ કબૂલ કરવામાં પહેલ કરી છે અને ઈલ્મ અને બુધ્ધિની બાબતમાં સૌથી અફઝલ છે ?'

પયગમ્બર(સ.)એ ફરમાવ્યું,

'હકીકતમાં અલ્લાહ બુઝુર્ગો બરતર પોતાના બંદાઓથી સારી પેઠે વાકેફ છે. તેણે દુનિયાના તમામ માણસોમાં તમારા પિતાને નબુવ્વત માટે ચૂંટી કાઢ્યા. અલ્લાહ તઆલાએ બીજી વખત દુનિયા પર નઝર કરી અને તમારા શૌહરને વસી બનાવ્યા. અલ્લાહે મને હિદાયત કરી કે હું તમારી શાદી તેમની સાથે કરી દઉં. શું તમે વાકેફ નહોતાં, ફાતેમા! કે ખુદાના કરમથી દુનિયાના તમામ ઈન્સાનોમાં તમારા શૌહર સૌથી વધારે રહમદિલ ઈન્સાન છે અને સૌથી વધારે ઈલ્મ ધરાવે છે અને ઈસ્લામ લાવવામાં પહેલા માણસ છે ?'

ફાતેમા(અ.) ખુશ થઈને મુશ્કુરાવા લાગ્યાં ત્યાં તો પયગમ્બર(સ.)એ વધુમાં ફરમાવ્યું,

'ફાતેમા ! જુઓ અલી(અ.)ની પાસે અક્કલની આઠ દાઢો છે. તેમના પહેલાં કે તેમના પછી કોઈને અક્કલની આઠ દાઢો આપવામાં આવી નથી. તેઓ આ દુનિયામાં પણ મારા ભાઈ છે અને બીજી દુનિયામાં પણ હશે. આવડો મોટો મરતબો દુનિયામાં બીજા કોઈનેય મળ્યો નથી. ફાતેમા - જન્નતની ઓરતોની સરદાર - તેમની પત્ની છે, ફરઝંદાને રહેમત - મારા નવાસાઓ (અર્થાત હસન(અ.) અને હુસૈન(અ.)) - તેમના દીકરાઓ છે. તેમને ઈલ્મ છે કે એમના પહેલાં કયા લોકો હતા અને તેમના પછી કયા લોકો આવવાના છે. તે એવા પહેલા માણસ છે કે જેમણે મારી રિસાલતનો એકરાર કર્યો હતો અને કયામતના દિવસે તે સૌથી પહેલાં મારી પાસે આવશે. તે મારા વસી છે અને મારા વારસદાર છે.'

*(શેખ મુફીદ(રઝી.અ.)એ કહ્યું કે મેં નીચે*

*જણાવેલ બયાન અબૂ જાફર મોહંમદ બિન અબ્બાસ અલ રાઝીની કિતાબમાં અમને બતાવ્યું - મોહંમદ બિન સુલયમાન દયલમીએ અમને બતાવ્યું - તેમણે જાબિર બિન યઝીદ જઅફીના હવાલાથી અને તેમણે અદમી બિન હકીમના હવાલાથી અને તેમણે અબ્દુલ્લાહ બિન અબ્બાસના હવાલાથી બતાવ્યું કે તેમણે કહ્યું હતું :)*

અમારા એહલેબયતના માણસોના સાત સદ્‌ગુણો હોય છે. આ મુજબનો એક પણ સદ્‌ગુણ કોઈ બીજા માણસને મળ્યો નથી.

- અમારામાંથી પયગમ્બરે ખુદા(સ.) બન્યા
- અમારામાંથી વસી થયા (કે જે પયગમ્બર (સ.)ની પછી દીનના સૌથી અફઝલ ઈન્સાન છે અને તે છે અલી(અ.) બિન અબીતાલિબ(અ.)
- અમારામાંથી હઝરત હમ્ઝા થયા કે જેમણે અલ્લાહે અને રસૂલ(સ.)એ અસદુલ્લાહ (અલ્લાહના સિંહ) અને અસદે રસૂલ(સ.) (રસૂલ(સ.)ના સિંહ)નો ખિતાબ આપ્યો અને સૈયદુશ્શોહદાનો ખિતાબ પણ આપ્યો.
- અમારામાંથી જા'ફર બિન અબીતાલિબ (રઝી.અ.) થયા કે જેમને અલ્લાહે બે પાંખો અર્પણ કરી અને તે ફિરદોસે બરીમાં જ્યાં ઈચ્છા થાય ત્યાં ઉડે છે.
- અમારામાંથી હસન(અ.) અને હુસૈન(અ.) થયા કે જેઓ જન્નતના જવાનોના સરદાર છે.
- અમારામાંથી કાયમે આલે મોહંમદ(સ.) થશે કે જે કયામત સુધી ઈમામ રહેશે અને ગાલિબ કુલ્લે ગાલિબ બનશે.
- અમારામાંથી એક તો એવો આવ્યો કે જેના હસ્તે ફતેહ (વિજયો) સંપૂર્ણતાએ પહોંચી ગયા. (મન્સૂર)

*(મોહંમદ બિન અમીને અબી હાઝિમના હવાલાથી બતાવ્યું કે જે અબ્બાસનો ખાદિમ હતો - તેણે કહ્યું કે -)*

'પયગમ્બરે ખુદા(સ.)એ હઝરત અલી(અ.) ઈબ્ને અબીતાલિબને કહ્યું, તમને મુખાલિફત (વિરોધ)માં અને મુખાસમત (શત્રુતા)માં ફસાવવામાં આવશે પરંતુ તમારામાં સાત સદ્‌ગુણો એવા છે કે જે તમને કોઈ પણ પ્રકારનું નુકસાન નહીં પહોંચવા દે. તમે પહેલા એવા માણસ છો કે જે ઈમાન લાવ્યા. તમે જેહાદમાં સૌથી વધારે બહાદુર છો. તમે સૌથી વધારે ઈલ્મ ધરાવો છો. તમે અલ્લાહ સાથે જે અહદ કર્યો તે પૂરો કર્યો. તમે આમ જનતા માટે સૌથી વધારે દર્દમંદ માણસ છો. તમોએ બયતુલ માલની વ્યવસ્થામાં સમાનતાના સિધ્ધાંતોની પાબંદી કરી.

આ પ્રકારની હદીસો કે જે સામાન્ય રીતે શીઆઓમાં ખૂબ મશહૂર છે તે બાબતે એવી સ્પષ્ટતા થઈ ચૂકી છે કે અહીં તે હદીસો આપવી આ કિતાબને દળદાર બનાવવા સમાન ગણાશે. આ પ્રકારની માત્ર એક હદીસની વાત અહીં કરવામાં આવે છે. જોકે આ પણ ખૂબ જ મશહૂર હદીસ છે તેમ છતાંય હવાલાની દૃષ્ટિએ તેનો વિગત વાર ઝિક્ર કરવામાં આવે છે. એક દિવસની વાત છે કે પયગમ્બર(સ.)ના જમણમાં એક પક્ષીનું શેકેલું ગોશ્ત હતું તેને જોઈને પયગમ્બર(સ.)એ કહ્યું, 'અય અલ્લાહ ! તારા સૌથી મહેબૂબ બંદાને મોકલી દે જેથી તે પક્ષીના ગોશ્તને ખાવામાં મને સાથ આપે.' રસૂલિલ્લાહ(સ.)એ હજુ તો આ દુઆ કરી હતી તેવામાં તેમની સામે અમીરુલ મોમિનીન(અ.) આવી ગયા. આ હદીસથી એ સાબિત થાય છે કે તેઓ અલ્લાહના વધારે મહેબૂબ બંદા હતા. એમના માટે અલ્લાહનો આ ખૂબ જ મોટો શરફ હતો. તેમને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થયેલી હતી. પોતાના અમલમાં તેઓ અજોડ હતા. આવા જ પ્રકારની એક હદીસના રાવી જાબિર બિન

અબ્દુલ્લાહ અન્સારી છે. જ્યારે તેમને અમીરુલ મોમિનીનની બાબતમાં પૂછવામાં આવ્યું તો તેમણે જવાબ આપ્યો, 'માણસોમાં તેઓ સૌથી અફઝલ છે. આપની બાબતમાં શંકા કરનારો કાફિર છે.' આ હદીસોને કે જે વિવિધ પ્રકારના હવાલાઓથી બયાન કરવામાં આવી છે અને જેને પ્રખ્યાત નકલ કરવાવાળા સાચી માને છે એમાંના જાબિર પણ સહીહ માને છે અને આ હદીસોનું સમર્થન કરતાં એ હદીસ કે જે રસૂલિલ્લાહ(સ.) પછી અમીરુલ મોમિનીન(અ.) મુમ્તાઝ વ્યક્તિ હતા, આ હદીસનું તો સમર્થન પણ થઈ ચૂક્યું છે. અગર આ પ્રકારની હદીસો અને રિવાયતોની જરૂર ઊભી થશે તો અલગ કિતાબમાં તેમને એકત્ર કરવામાં આવશે અને તેમને જિલ્દોમાં વહેંચવામાં આવશે. અહીં જે હદીસોને પ્રસ્તુત કરવામાં આવી છે તે આ કિતાબના હેતુને પૂર્ણ કરવા માટે કાફી છે. કિતાબના વિવિધ વિભાગોમાં આ હદીસોને રજૂ કરવામાં આવી છે. *


**પ્રો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા**
**(મેતાવાળા)**
**મોબાઈલ : ૯૮૨૫૪૫૯૮૨૫**

**પૈરાહન**
**રેડીમેડ**

**જીન્સ, શર્ટ, ટી-શર્ટ,**
**સ્લીમ શર્ટ, ટ્રાઉઝર્સ, નાઈટી અને**
**ચિલ્ડ્રનવેર મળશે.**

**છાપી તાજ હોટલની બાજુમાં,**
**ડાયમંડ કોમ્પલેક્ષ, ગાલા નં. ૧૮-એ, છાપી.**

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અસ્સલામુન અલયકુમ.....

અલ્લાહના ફઝલો કરમથી, પંજેતન પાક(અ.) અને પીરો મુરશિદની રહેમની નજર અને ભલી દુઆઓથી શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના નેઝા હેઠળ છેલ્લા બે વર્ષથી કરબલાની ઝિયારતના અનુભવ સાથે **અઝાદાર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**નું આયોજન કરેલ છે.

ચાલુ વર્ષે મે-૨૦૧૨માં ઈન્શાઅલ્લાહ ઉમ્રહ ઝિયારત ટૂરનું આયોજન કરેલ છે. ઈચ્છા ધરાવનાર મોમિનોએ નીચે આપેલ નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.

**::::: ટૂર આયોજક :::::**
**અન્જુમ-એ-શાન-એ-કાસિમ (મેતા)**
**નૌહાખ્વાન - ખાદિમહુસૈન જી. નાંદોલીયા** મો.૦૯૮૨૫૪ ૧૫૭૨૦ - ૦૯૪૦૯૧ ૪૪૦૨૯
**સાદિકહુસૈન જી. નાંદોલીયા** મો.૦૯૮૭૯૪ ૦૧૬૯૯ - ૦૯૩૨૭૯ ૧૪૨૬૧



**મુ.પો. મેતા, તા. વડગામ, જિ. બનાસકાંઠા.**

**::::: શુભેચ્છક :::::**
'મહેર ટૂર' ઈસ્માઈલભાઈ ઉસ્તાદ(ઈલોલ)

Azadar Tours & Travels

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૧ સૂરએ નૂહ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી નૂહે અરજ કરી કે અય મારા રબ ! તેમણે મારી નાફરમાની કરી અને તે શખ્સની તાબેદારી કરી કે જેના માલ તથા ઓલાદે તેનું નુકસાન જ વધાર્યું છે. (૨૧)**

**અને તેઓ મોટી મોટી ચાલબાઝીઓ ચાલ્યા. (૨૨)**

**અને તેમણે (આપસમાં) કહ્યું કે તમે તમારા માઅબૂદોને ત્યજી દેશો નહીં (યાને) તમે વદ તથા સૂવા (નામની મૂર્તિઓ)ને છોડશો નહીં તેમજ યગુસ યઉક તથા નશ્ર (નામની મૂર્તિઓ)ને પણ. (૨૩)**

**અને ખરે જ તેમણે ઘણાઓને ગુમરાહ કર્યા છે અને (અય મારા રબ !) તું એ જાલિમોની ગુમરાહીમાં વધારો જ કરજે. (૨૪)**

**(આથી) તેઓ પોતાના ગુનાહોના કારણે ડૂબાડી દેવામાં આવ્યા અને જહન્નમમાં નાખી દેવામાં આવ્યા પછી તેમને ખુદા સિવાય કોઈ મદદગારો મળ્યા નહીં. (૨૫)**

જનાબે નૂહ(અ.)એ ખુદાની નેઅમતોનું વર્ણન કર્યું પણ તેમણે શુક્ર કર્યો નહીં તો જનાબે નૂહ(અ.)એ કહ્યું કે અય મારા પરવરદિગાર ! આ લોકોએ મારી નસીહતને માની નહીં અને તે શખ્સની તાબેદારી કરી કે જેના માલ તથા ઓલાદે નુકસાન જ વધાર્યું છે.

અને માલદાર લોકોએ મોટો મકર કર્યો અને નાદાન લોકોને ફરેબ આપ્યો અને તેમને કહ્યું કે આ પયગમ્બર દીવાનો છે, પછી તેમણે પથ્થરો થકી પયગમ્બરને જખ્મી કરી નાખ્યા.

તેમણે આપસમાં કહ્યું કે તમો મૂર્તિઓને છોડતા નહીં તે મૂર્તિઓ માનવંતી છે. પછી નામ લઈને કહ્યું કે તમો **'વદ' 'સેવાઅ'** અને **'યગુસ' 'યઉક'** અને **'નશ્ર'**ને છોડો નહીં. વદ માણસ જેવી મૂર્તિ હતી અને સેવાઅ સ્ત્રી જેવી મૂર્તિ હતી, આ પાંચ મૂર્તિઓ તેમણે ઈબ્લીસના કહેવાથી બનાવી હતી.

જનાબે નૂહ(અ.)એ કહ્યું કે માલદાર લોકોએ ઘણા લોકોને ગુમરાહ કર્યા છે. અય પરવરદિગાર! તું જુલ્મ કરનારાઓ માટે હલાકત અને અઝાબ કર. આથી તેઓ પોતાના ગુનાહોના કારણે ડૂબાડી દેવામાં આવ્યા અને તેઓ જહન્નમમાં પહોંચી ગયા અને તેમનો કોઈ પણ મદદગાર નથી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને નૂહે અરજ કરી કે અય મારા પરવરદિગાર ! જમીનની સપાટી ઉપર વસનારા નાસ્તિકોમાંથી એકને પણ (બાકી) રહેવા દેજે નહીં. (૨૬)**

**જો તેં તેમને બાકી રાખ્યા તો બેશક તેઓ તારા બંદાઓને ગુમરાહ કરી દેશે અને તેઓ (માત્ર) બદકાર અને કાફિરને જ જન્મ આપશે.(૨૭)**

**અય મારા રબ ! તું મને માફ કરી દે અને મારા મા-બાપને પણ, અને દરેક તે શખ્સને કે જે ઈમાનની હાલતમાં મારા ઘરમાં દાખલ થાય અને સઘળા ઈમાનદાર મરદ તથા સઘળી ઈમાનદાર સ્ત્રીઓને પણ, અને જુલ્મગારોના સંબંધમાં વિનાશના સિવાય કાંઈ જ વધારજે નહીં. (૨૮)**

હવે જનાબે નૂહ(અ.)ની કોમમાં કોઈ ઈમાન લાવે એવું હતું નહીં તેથી આપે તેમનો નાશ થાય

એવી બદ દુઆ કરી કે અય મારા પરવરદિગાર ! જમીન ઉપર રહેનારા નાસ્તિકોમાંથી એકને પણ રહેવા દેજે નહીં.

જનાબે નૂહ(અ.)એ અરજ કરી કે અય મારા રબ ! જો તું તેમને છોડી દઈશ તો તેઓ તારા બંદાને ગુમરાહ કરશે અને તેમની (સારી) ઓલાદ નહીં થાય પણ બદકાર અને કુફ્ર કરનારી, પછી અલ્લાહે તેમનો નાશ કરી નાખ્યો.

એ બદ દુઆ પછી જનાબે નૂહ(અ.)એ બધા મોમિનો માટે નેક દુઆ કરી કે અય પરવરદિગાર ! મને અને મારા મા-બાપને અને મારા ઘરમાં અથવા વહાણમાં મોમિન દાખલ થયો છે તેને અને મોમિન સ્ત્રી-પુરૂષોને બક્ષી આપ. હઝરત નૂહ(અ.)નાં મા-બાપ મોમિન હતાં.

## સૂરા નં.૭૨ — સૂરએ જિન

કુલ ૨૮ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

આયતોનો અનુવાદ : **(અય રસૂલ !) કહે કે મારા તરફ એવી વહી કરવામાં આવી છે કે જિન્નાતોના એક ટોળાએ (મને કુરાનની તિલાવત કરતા) કાન દઈ સાંભળ્યો ત્યારે કહેવા લાગ્યા કે બેશક અમોએ એક અજાયબીભર્યું કુરાન સાંભળ્યું છે. (૧)**

**કે જે (કુરાન) નેકી તરફ હિદાયત કરે છે, માટે અમે તેના પર ઈમાન લઈ આવ્યા અને હવે પછી અમે અમારા પરવરદિગારનો શરીક કોઈને હરગિઝ કરીશું નહીં. (૨)**

**અને અમારા પરવરદિગારની શાન અતિ મોટી છે, તેણે ન કોઈ પત્ની લીધી છે અને ન કોઈ પુત્ર (બનાવ્યો છે.) (૩)**

**અને આ કે અમારામાંથી (કેટલાક) મૂર્ખાઓ અલ્લાહની વિરૂધ્ધ વધારે પડતી વાતો કરતા હતા. (૪)**

**અને એમ સમજતા હતા કે માણસ તથા જિન અલ્લાહની વિરૂધ્ધ હરગિજ જૂઠ્ઠું બોલી શકે નહીં. (૫)**

જિન્નાતોની હસ્તી વિષે ખુલ્લા શબ્દોમાં કલામે પાકમાં વર્ણન છે. એ સિવાય તે કેવા છે, સુક્ષ્મ છે કે કેવું રૂપ ધારણ કરે છે તે વિષે મતભેદ છે. કુરાનની આયતથી સ્પષ્ટ જણાઈ આવે છે કે હઝરત જયારે કલામે પાકની તિલાવત કરતા હતા ત્યારે તેઓ સાંભળતા હતા. વગેરે.

ફરમાવે છે કે તેમણે પોતાની કોમને કહ્યું કે કુરાન નેકી તરફ હિદાયત કરે છે માટે અમો તેના તરફ ઈમાન લઈ આવ્યા અને હવે પછી અમોએ કોઈને અમારા પરવરદિગારનો શરીક ઠેરવીશું નહીં.

જિન્નાતોએ પોતાની કોમને કહ્યું કે અમારા પરવરદિગારની શાન ખૂબ મોટી છે. તેને ન કોઈ પત્ની છે કે ન કોઈ પુત્ર છે. હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.) અને હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે આ આયતમાં **'જદ્દો'** (મહત્તા) શબ્દ આવ્યો છે તેનો અર્થ ભાગ્યવાન અને દોલતમંદ થાય છે અને તે વિશેષણ ખુદાને લાયક નથી કેમકે એ વિશેષણ તેની મખ્લૂકને માટે છે. જિન્નાતોએ પોતાની અજ્ઞાનતાથી એ વિશેષણ સારું સમજીને કહ્યું તેથી અલ્લાહે તેને તેમની જબાનમાં પોતાના હબીબને ફરમાવ્યું.

અને તેમણે કહ્યું કે ખરેખર આપણામાંના નાદાનો ઈબ્લીસ અને તેના તાબેદારો અલ્લાહની વિરૂધ્ધ વધારે પડતી વાતો કરતા હતા.

ખરેખર અમો ધારતા હતા કે ઈન્સાન અને જિન્નાત ખુદા વિષે હરગિઝ જૂઠું બોલશે નહીં તેથી જ આપણામાંના એ સત્ય જાણી માની લેતા હતા, પણ જયારે તેમણે કુરાન સાંભળ્યું તો તેમણે જાણ્યું કે તેઓ ખુદા ઉપર જૂઠું કહેતા હતા અને અમો ખુદા ઉપર ઈમાન લાવીએ છીએ. (ક્રમશઃ)

# નહજુલ ઈસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ


::::: સંપાદક :::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
::::: અનુવાદ :::::
મો.કાસમભાઈ વિજાપુરા


**મન અરફ નફસહુ ફકદ અરફ રબ્બહુ**

**જેણે પોતાના નફસને ઓળખ્યો તેણે પોતાના રબને ઓળખ્યો.**

હઝરત રિસાલત મઆબ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે,

'અય અલી ! નથી ઓળખ્યા તમને કોઈએ સિવાય અલ્લાહના અને મારા અને નથી ઓળખ્યો કોઈએ મને સિવાય અલ્લાહના અને તમારા અને નથી ઓળખ્યો કોઈએ અલ્લાહને સિવાય મારા અને તમારા. પછી લોકો કેવી રીતે માઅરેફતનો દાવો કરે છે ?'

હઝરત અલી(અ.)એ ફરમાવ્યું છે :

'જેણે પોતાના નફસને ઓળખ્યો તેણે પોતાના રબને ઓળખ્યો. નફસની માઅરેફત એ છે કે માણસ પોતાના પ્રારંભને અને અંતને ઓળખે કે ક્યાંથી આવ્યો છે અને ક્યાં જશે. આ (બાબત) એ હકીકતની માઅરેફત ઉપર નિર્ભર છે કે જે અસ્તિત્વ બંદીવાન છે અને તે માઅરેફત છે, ફૈઝે અવ્વલની કે જેનો ખુદાવંદે ઝુલજલાલ તરફથી ઉપકાર થયો. પછી વાજિબુલ વુઝૂદ (જેનું અસ્તિત્વ બીજાને આધીન નથી પરંતુ સ્વયંભૂ છે તે, અલ્લાહ)ના હુકમથી તેને અસ્તિત્વનો લાભ આપનારની બક્ષિસનો લાભ થયો આ એક માત્ર નુક્તો છે કે જે કાઈનાતના પ્રગટ થવાનું સ્થાન છે અને અંત છે. સંસારની બધી વસ્તુઓનો અને રૂહોની રૂહ અને અસ્બાહ(એક પરિસ્થિતિમાંથી બીજીમાં પરિવર્તન પામવું તે)નું નૂર છે.

તે અદદે અવ્વલ અને વાહેદ અહદનું રાઝ છે તે એટલા માટે છે કે અલ્લાહની ઝાત બશર (માણસ) માટે અજ્ઞાત છે તેથી તેની માઅરેફત તેની સિફતોથી કરવામાં આવે છે નુક્તો અલ્લાહની સિફત છે અને સિફત દલીલ કરે છે પ્રશંસિત પર કેમકે તે સિફતના પ્રગટ થવાથી અલ્લાહને ઓળખવામાં આવે છે અને તે નુક્તો તે નૂરના ફઝલથી છે કે જે એકત્વના જલાલથી હઝરત મોહંમદીયાના આકાશમાં પ્રકાશ પાથરી રહ્યો છે અને પયગમ્બર(સ.)ના કોલનો આ તરફ ઈશારો છે કે અગર અમે ન હોત તો ખુદાને ન ઓળખી શકાત અને અગર અલ્લાહ ન હોત તો અમને ઓળખી ન શકાત. તેથી તે એ નૂર છે કે જેનાથી સઘળાં નૂર નીકળ્યાં અને તે એ વાહિદ છે કે જેનાથી સઘળી ગણતરીઓ જાહેર થઈ અને તે એ રાઝ છે કે જેનાથી બીજાં રહસ્યો જાહેર થયાં અને તે એ અક્કલ છે કે જેમાંથી અન્ય અક્કલોને લાભ મળ્યો અને તે એ નફસ છે કે જેનાથી નફસો નીકળ્યા અને એ લોહ છે કે જે ગૈબનાં રહસ્યો ઉપર વર્ચસ્વ ધરાવે છે અને તે કુર્સી છે કે જેને આસમાનોને અને જમીનોને ઘેરી લીધેલ છે અને તે અર્શે આઝમ છે કે જેની અઝમત અને ઈલ્મ દરેક વસ્તુ પર આચ્છાદિત છે અને તે આંખ છે કે જેનાથી સઘળી આંખો જાહેર થઈ અને એ હકીકત છે કે જે એની સાથે સંસારની સઘળી વસ્તુઓની બદીઓની ગવાહી આપે છે. તેથી માઅરેફતવાળા લોકોની માઅરેફત મોહંમદ(સ.) અને અલી(અ.) સુધી તેમની માઅરેફતની હકીકત અથવા તો હકીકતની માઅરેફત સુધી પહોંચવામાં હેરાન છે. પરંતુ આ દરવાજો હિજાબની સાથે છુપાયેલો છે તમને તેનું

ઈલ્મ નથી આપવામાં આવ્યું, પરંતુ ખૂબ જ ઓછું.✶

✶*બીજા અઈમ્મએ તાહેરીન(અ.)નાં કથનોનો આવી રીતે ઈશારો છે કે આલે મોહંમદ(સ.)ની માઅરેફતથી જે કંઈ મલાઈકાને પ્રાપ્ત થયું તે અધિકથી ય ખૂબ જ ઓછું છે.*

**મા'ની અને બયાની**

ઈમામ મોહંમદ બાકિર(અ.)એ જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીને ફરમાવ્યું, અય જાબિર! મા'ની અને બયાની (અર્થ સમૂહ અને વર્ણન) શું છે તે તમારે સમજવું જોઈએ. (જાબિરે) અરજ કરી, અય ઈબ્ને રસૂલિલ્લાહ ! ફરમાવો કે મા'ની અને બયાની શું છે ? ફરમાવ્યું કે મારા દાદા અલી(અ.)એ ફરમાવ્યું છે :

બયાન એ છે કે તું ખુદાવંદે સુબ્હાનને ઓળખે કે તેના જેવી કોઈ વસ્તુ નથી. તેથી તું તેની ઈબાદત કર અને કોઈને ય તેનો શરીક (ભાગીદાર) ન બનાવ અને બયાનીનો અર્થ એ છે કે અમે તેના મા'ની છીએ. અને અમે જ તેનાં પડખાં, હાથ, તેની જીભ અને તેનો અમ્ર અને હુકમ છીએ. અમે જ તેનું ઈલ્મ અને તેનું હક (અર્થાત હક્કાનિયતના આરિફ) છીએ. જ્યારે અમે ઈચ્છીએ છીએ તો ખુદા પણ ઈચ્છે છે અને અમે જે ઈરાદો કરીએ છીએ તો ખુદા પણ એવો જ ઈરાદો કરે છે. તેથી અમે જ એ મસાની છીએ કે જેમને ખુદાએ પોતાના નબીને અતા કર્યા છે અને અમે જ વજહુલ્લાહ છીએ કે જે જમીન પર તમારી વચ્ચે અમારી મરજીથી વ્યવહાર કરીએ છીએ. તેથી જેણે અમારી માઅરેફત પ્રાપ્ત કરી તેની સામે યકીન છે અને જે વાકેફ ન હોય તેની સમક્ષ સિજ્જિન છે. જો અમે ઈચ્છીએ તો જમીનને ચીરી નાખીએ અને આસમાન પર ઊંચે ચઢીએ. નિઃશંકપણે આ મખ્લૂકનું પાછું ફરવું અમારી તરફ જ છે અને અમે જ તેનો હિસાબ લેનારા છીએ.

**રૂહના પ્રકારો**

કાફીમાં હઝરત અલી(અ.)નો ઈરશાદ નકલ કરવામાં આવ્યો છે કે -

અંબીયાના માટે જે ગુરોહ સાબેકીન (આગળ થઈ ગયેલો) હોય છે તે પાંચ રૂહો છે : રૂહુલ કુદ્સ, રૂહુલ ઈમાન, રૂહુલ કુવ્વત, રૂહુશ્શહ્વત અને રૂહુલ બદન. અને ફરમાવ્યું કે અંબીયાને રૂહુલ કુદ્સની સાથે મબઊસ કરવામાં આવ્યા અને તેમણે તેના કારણે વસ્તુઓને ઓળખી અને રૂહે ઈમાનને કારણે ખુદાની ઈબાદત કરી અને કોઈને તેનો શરીક (ભાગીદાર) ન ગણ્યો અને રૂહુલ કુવ્વતના કારણે પોતાના દુશ્મનો સાથે જેહાદ કરી અને રોઝીનો પ્રબંધ કર્યો અને રૂહુશ્શહ્વતના કારણે ભોજનના અને જે સ્ત્રીઓ સાથે નિકાહ હલાલ કર્યા તેમની સાથે લિજ્જત પ્રાપ્ત કરી અને રૂહુલ બદનના કારણે ચાલે-ફરે છે. પછી ફરમાવ્યું કે આખરી ચાર રૂહો મોમિનો માટે છે કે જે અસ્હાબે યમીન (શ્રેષ્ઠ) (અસ્હાબે અલી) કહેવાય છે અને આખરી ત્રણ રૂહો કાફિરો માટે છે કે જે અસ્હાબે શિમાલ છે.

ઉસૂલે કાફીમાં લખેલું છે કે એક માણસે હઝરત અમીરુલ મોમિનીન(અ.)ની ખિદમતમાં હાજર થઈને રૂહ વિષે સવાલ પૂછ્યો કે શું તે (રૂહ) જિબ્રઈલ નથી ?

હઝરત અલી(અ.)એ જવાબ આપ્યો,

જિબ્રઈલ ફરિશ્તાઓમાંથી છે અને રૂહ ગૈર જિબ્રઈલ (એટલે કે જિબ્રઈલથી અલગ) છે હઝરતે ફરીથી એવું ફરમાવ્યું તો પેલો માણસ કહેવા લાગ્યો કે આપ તો ખૂબ મોટી વાત કરી રહ્યા છો. કોઈ માણસ એવો નથી કે જે રૂહને જિબ્રઈલ સિવાય (અલગ) સમજતો હોય.

તેથી હઝરત(અ.)એ ફરમાવ્યું કે તું ગુમરાહ છે અને ગુમરાહોથી રિવાયત કરે છે. ખુદાવંદે તઆલાએ પોતાના પયગમ્બર(સ.)થી ઈરશાદ

ફરમાવ્યો છે કે અમ્રે ખુદા આવી ગયો (એ લોકોને કહી દો કે) તમે અધીરા ન બનો. ખુદા તેનાથી પાક છે કે તેનો કોઈ શરીક હોય. તે ફરિશ્તાઓને રૂહની સાથે કે જે તેના આલિમે અમ્રથી છે, પોતાના જે બંદા ઉપર ચાહે છે નાઝિલ કરે છે જેથી તે કયામતના દિવસથી ડરાવે. તેથી રૂહ ફરિશ્તાઓથી નથી.

### અઈમ્મા તાહેરીનની મંઝેલત

અમને રબૂબીયતથી (રબ કહેવાથી) પાક રાખો અને માનવ સિફતોથી બુલંદ રાખો, અર્થાત એવી સિફતો કે જે તમારા માટે જાએઝ છે, તેથી અમારામાંથી કોઈ એકના માટે પણ લોકોની સાથે કિયાસ(અટકળ) કરી શકાતો નથી કેમકે યકીનપૂર્વક અમે અસરારે ઈલાહી (ઈલાહી રહસ્યો) છીએ કે જેમને માનવ સ્વરૂપમાં એકઠાં કરવામાં આવેલ છે.

અને ખાકી અસ્તિત્વમાં અમે પરવરદિગારના બોલતા કલમાઓ છીએ. પછી જેટલી તમારી તાકાત હોય એટલું (એટલી અમારી ફઝીલત) કહી દો. પછી યકીનપૂર્વક કે સમુદ્ર સૂકાઈ નથી જતો, ગૈબનાં રહસ્યો પહોંચાડી નથી શકાતાં અને ખુદાના કલમાઓનાં ગુણગાન કદી નથી થઈ શકતાં.

યકીનપૂર્વક કે હું અહમદ(સ.) દ્વારા નૂરથી નૂરની મંઝેલત ઉપર છું માણસોની ખિલ્કત(સર્જન) અને તે માટીની ખિલ્કતના પહેલાં કે જ્યારથી માણસની ખિલ્કત થઈ અમે બન્ને અર્શની નીચે છાયાદાર જગ્યાએ હતા અને નામધારી શરીરોના સ્વરૂપમાં ન હતા પરંતુ એકરૂપ હતા. યકીનપૂર્વક કે અમારું કાર્ય મુશ્કેલ અને વધારે મુશ્કેલ છે. તેમના કથનને ત્રણ જણ સિવાય, અર્થાત મુકર્રબ ફરિશ્તો, નબી મુર્સલ અથવા તો એ મોમિન કે જેના કલ્બ (દિલ)નું ખુદા ઈમાનની સાથે ઈમ્તેહાન લઈ ચૂક્યો હોય, બીજો કોઈ ઓળખી શકતો નથી. તો પછી જો તમારા ઉપર કોઈ રાઝ પ્રગટ થાય અને તેનું કાર્ય સ્પષ્ટ થાય તો તેનો સ્વીકાર કરી લો, તેનાથી જોડાયેલા રહો અને સ્વીકારી લો અથવા તો અલ્લાહની તરફ અમારા ઈલ્મને રજૂ કરી દો. યકીનપૂર્વક કે તમે તેનાથી લાભાન્વિત થઈ ગયા કે જે આસમાન અને જમીનની વચ્ચે છે.

ખુદાની કસમ છે મને ઉમ્મત પર ખલીફો બનાવવામાં આવ્યો છે અને નબી(સ.) પછી હું તેના ઉપર હુજ્જતે ખુદા છું અને યકીનપૂર્વક કે મારી વિલાયત આકાશવાસીઓ પર એવી રીતે લાઝિમ કરવામાં આવી છે કે જેવી રીતે જમીનવાસીઓ પર અને બેશક મલાએકા મારી ફઝીલતનો ઝિક્ર કરતા રહે છે અને ખુદાની પાસે આ જ એમની તસ્બીહ છે. ✻

### G. K. Corner Solution 125

(૧) ડાયાબિટીસ (૨) ઈઝરાયેલ (૩) ટેપિંગ (૪) ખેડૂતોએ (૫) થોમસ સ્ટિવન્સન (૬) હાયપોથેલેમસ ગ્રંથિ (૭) તાતા (૮) પ્રવિણકુમાર


Shokatbhai - 94283 84286 M: (Shop) 97229 01460
Faizahemad - 97147 64194

Dashawadawala
APANA
CUTLERY STORE

Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002